
કુમાર

આવતી કાલનાં નાગરિકો
ઘડતું આજનાં કુટુંબોનું
માસિક · વર્ષ દસમું · અંક
ચોથો · ચૈત્ર ઓગણીસ-
સો નેવ્યાશી · સળંગ અંક ૧૧૨મો



લેસન — ફોટો · આણીદિગિયા સંગ્રહ



નક્શો · રવિશંકર રાવળ



મુદ્રક : બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

¶. વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ખરે બપોરે

ચિત્રકાર · કનુ દેસાઈ

મૃત્યુ

·સ્રગ્ધરા·

કંપે છે વજ્રકાયા જગત પગ તળે છૂંદનારા વીરોની,
લક્ષ્મીનાં લોલ નેને રજનીદિનભૂલ્યા નંદ આક્રંદી ઊઠે,
ગંગાનાં નીર જેવી સુભગ કવિ તણી કાવ્યધારા વિરામે,
રે! તારા નામમાત્રે ભડ ભીરુ બનીને સ્થિરતા હારી બેસે.
શું છે તારી સ્મૃતિમાં? અકળ અણુકથી ક્રૂરતા પાર્ષદોમાં?
કેવાં છે ઝેર નેને? અગર ગજબ છે કેવું તારું સ્વરૂપ?
છે તારા જૂથમાં શું મનુજ ભરખતી, રાચતી રક્તસ્નાને,
મુંડોની માળગૂંથી, શિવ રીઝવતી કો ભૈરવી જોગણી કે?
ના ના, ભૂલ્યો; નથી કૈં; મનુજ અબુધની લાલસાથી ભરેલી
હત્યારી કલ્પનાના અગણિત ચીતર્યા સ્વાર્થીલા સૌ તરંગો.

ઢાળીને પાંપણો આ, કુસુમ કળી સમાં કુમળાં હાસ્ય વેરી,
તારે ખોળે મધુરાં નભપરીસપનાં સેવતાં બાળ પોઢે;
રંકો ને રાય કેરાં કુટિલ જગતનાં કૈં કલંકો અનામી,
હર્ષોન્માદો વિષાદો જય-અજય તણા ભાવના વાયુ ઝેરી,
વામે સૌ તારી કુંજે; અમર જીવનનાં કિન્નરી ગીત ગુંજે.
સત્ત્વોના સાર જેવા પરમ પ્રિય પિતા! થાકી નેનો મીંચું હું
ઇચ્છું ત્યારે મને યે શિશુ સરલ ગણી પ્રેમથી અંક લેજે.

ચમનલાલ ગાંધી

સૉનેટની મર્યાદાની બહારનું (સોળ લીટીનું) આ કાવ્ય ગુણે સૉનેટ જેવું છે. પહેલા અષ્ટકમાં મૃત્યુ વિષેની જનોની ભયંકર કલ્પનાઓ આલેખીને કવિ તેને પૂછે છે કે તારામાં એવી તે શી ભયંકરતા છે કે જગતને પગ તળે છૂંદનારા વીરોની વજ્રકાયા પણ તારા નામમાત્રે કંપે છે; મોટા લક્ષ્મીનંદનો પણ આક્રંદી ઊઠે છે; સુભગ કવિઓની કાવ્યધારા અટકી પડે છે; ભડ પણ ભીરુ બનીને સ્થિરતા હારી બેસે છે?... આવા પ્રશ્નો પૂછી, પછી નવમી લીટીથી—'ના ના; એવું કૈં નથી. તારા વિષેની ભયંકરતા એ તો અબુધ માનવની કલ્પનાના તરંગ માત્ર છે. બાળકો કેવાં તારા ખોળામાં મીઠી અગર નિદ્રા પામી જાય છે?'—એમ વિચારપલટો લઇ, મૃત્યુના ખોળામાં દુનિયાનાં ઝેર કેવાં શમે છે તે વર્ણવે છે, ને છેલ્લી બે લીટીમાં, પોતાને બાળકના જેવા સરળ ગણીને અંત સમયે પ્રેમથી ખોળે લેવાની માગણી કરીને જોરદાર ભાવથી કાવ્ય પૂરું કરે છે. એમાં મૃત્યુને 'સત્ત્વોના સાર જેવા પરમ પ્રિય પિતા' કહીને કરેલું સંબોધન કેટલું સુંદર, ચોટભર્યું ને સાચું છે? —બ.રા.



જિંદગીમાં સફળતા મેળવવાની ચોક્કસ કૂંચીઓ હોય છે, અને અનુભવીઓ કહે છે કે તેમના જેટલા પ્રયાસથી તે કોઇ પણ મેળવી શકે. પરંતુ યુવાનીની અધીરાઇ તેમની વાતમાં શ્રદ્ધા ધરી શકતી નથી. યુવાનોને અરેબિયન નાઇટ્સની ભૂતકથા પેઠે અથવા દેવોના કોઇ વરદાનના બળની જેમ સફળતા પ્રાપ્ત કરવાના મનોરથો હોય છે. અને તેમ તુરત ન થતાં જ્યારે તે કોઇ સફળતા પામેલા માનવીના પરિચયમાં આવે છે ત્યારે તે માત્ર પોતાના કમનસીબનો જ દોષ કાઢ્યા કરે છે. જિંદગીના અટપટા ઘા ઝીલવામાં અને તે સામે ટકી રહી પાર ઊતરવામાં જે મનોબળ, ને અથાગ પરિશ્રમની જરૂર છે તેનો સામટો હિસાબ કરતાં સફળતા પામેલો માણસ પણ ઘણીવાર કંપી ઊઠે છે, તો શાળા અને ઘરની વચ્ચે આંટા ખાનાર યુવાનની શી દશા!

કોઇ માણસ પર્વતની તળેટીમાંથી ઉપરની ટોચે પહોંચવાને ચડવા માંડે અને પાછળ જોયા વિના ધીરે પગલે પણ એક જ ઢબે ઉપરનો ચડાવ સર કરતો જાય, તો અમુક વખતે તેને આશ્ચર્ય થાય એટલી ઊંચાઇએ તે પહોંચી ગયો હોય છે અને વધુ ઊંચે ચડવા માટેનાં આશા, ઉત્સાહ અને તાજગી મેળવી શકે છે. પણ નીચેથી જ એ શ્રમનો વિચાર તેની સમજમાં આવ્યો હોત તો કદાચ ભાગ્યે જ તે એટલી હિંમત કરી શકત. જીવનની એકાદી ઇપ્સિત સફળતા મેળવ્યા પછી બહુ જ થોડા માણસો પુનઃ એટલા પુરુષાર્થથી નવા પ્રદેશ પર ચડાઇ કરી શકે છે, છતાં એવા યે વીરલા જગતમાં પડ્યા છે કે જેમને તો પ્રગતિ અને પુરુષાર્થ જ સતત જીવનધર્મ બની રહ્યાં હોય છે.

સંસ્કાર-સ્મરણ [૪]

'કુમારે' મારા જીવનનો પાયો ઘડ્યો છે એમ કહું તો તેમાં જરાપણ ખોટું નથી. એને માટે મારો ખરો પ્રેમ છે. 'કુમાર'માં આવતા લેખો, ચરિત્રો જેવા બીજા કોઇ પણ માસિકમાં નથી આવતા એમ નથી; પણ કુમાર વાંચવામાં જેટલી મજા, જેટલો આનંદ આવે છે તેટલો આનંદ બીજાં માસિકોમાં તો નહિ જ.

'કુમાર'માં આવતાં મહાન પુરુષોનાં જીવનચરિત્રોએ મારા પર ઘણી જ ઊંડી છાપ પાડી છે. જીવતાં સુધી 'કુમાર'નો ઋણી છું. બીજાને ભૂલી શકાય, પણ 'કુમાર'ને તો નહિ જ. —જયંત શાહ

આજે હિંદુસ્તાનનો યુવક કોઇપણ જાતની લાયકી સાબિત કર્યા વિના જ પોતાના હક્કો રજુ કરે છે એ કડવી બીના તેની સામે રજુ કરનાર જરૂર અપ્રિય બનશે; પરંતુ તેમાં સત્ય છે કે નહિ તેનો વિચાર કરનાર વધારે ઉપયોગી રહસ્ય પામશે.

તમે અભ્યાસ કરો કે ન કરો, કંઇ કામ કે ઉદ્યોગ શીખો યા આળસુ રહો, તમારી બુદ્ધિમાં લોકોને ગરજ પડે એવો ચમત્કાર હોય કે ન હોય, પણ એટલી વાત તો નક્કી છે કે તમે બાળકમાંથી કુમાર અને કુમારમાંથી યુવાન થઇ આદમી બની રહ્યા છો. કુદરત તમારાં વર્ષો પર વર્ષો ખડકતી જાય છે અને તમે જો તેવા જ ક્રમને અનુસરી કંઈ ગતિ કે પ્રગતિ નહિ કરી હોય તો તમે વિકાસક્રમની તળેટીમાં ઊભા ઊભા જીવનની ઊંચાઇઓ પર પહોંચી ગએલા તમારા સાથીદારોનાં નસીબની અદેખાઇ કરતા અને તમારા ભાગ્યને ખાલી દોષ દેતા ફૂંઠવાઇ મરવાના. જીવનના અનેક માર્ગો પૈકી કોઈપણ દિશાએ તમે નજર નહિ નાખી શકો એટલે પછી તમારા વડીલોને તથા તમારા કુટુંબ અને તમારી સમાજને અભિશાપ આપતા તમે કંગાળ જીવનનાં ત્રાસ અને લાચારીના કીટ બની રહેવાના.

જેઓને સફળતાભરી જીવનસ્થિતિમાં તમે આજ મહાલતા જુઓ છો તેમણે ઘણા લાંબા વખત અગાઉથી આ દુનિયા આગળ ઉમેદવાર થઇને પોતાની, જાતની, મનની અને બુદ્ધિની સેવાઓ આપવી શરૂ કરી હતી, અને તેમની કામગીરી તથા લાયકીનો આંક દુનિયામાં તેમની સેવાઓની ગરજ ઉત્પન્ન થઇ તે પ્રમાણમાં અંકાયો હતો. સદ્ભાગી લાગતા દરેક માણસને તમે પૂછશો તો તે પોતે ખમેલા ઊંડા જખમો બતાવી શકશે અને અનેક વાંફાંઓ, નિષ્ફળતાઓ તથા નાલેશી ખમીને પાર ઊતર્યાની અજબ જેવી કેફિયતો રજુ કરશે. તેણે કેટલાં યે વર્ષ સુધી કંઇકંઇ જાતનાં માણસો પાસે વેઠ કરી હતી, મફત કામ કર્યું હતું અથવા સ્વયંસેવક થઇ સમાજની સેવા કરવાનું શીખી દુનિયાના મેદાનની મતો હાથ કરી હતી. ઉન્નતિનો પીછો લેનારાઓએ ક્રમમાં કમ દસબાર વરસની તપશ્ચર્યા તો પ્રાથમિક ફી તરીકે ભરવી જ પડે અને એ દસબાર વરસ પણ કેવાં? કુટુંબમાં કોઇ કમાતું હોય અને પોતે મોજ કરતા કરતા કૉલેજની ટર્મો ભરતા હોય એ રીતનાં નહિ જ. જીવનના પૂર બહારનાં, સાચા મોતી જેવાં, ઊગતી જુવાનીનાં એ વર્ષો કાળી મહેનત અને લોહી ગાળીને નીતારેલા પરસેવાથી સીંચેલાં હોય છે. પોતાના ધ્યેયની જ્યોત અખંડ સાચવતો એ વીર યુવાન જ્યારે સાધના માંડે છે ત્યારે નથી તેને હોતાં ખાવાપીવાનાં સુખસગવડ; બીજા દિવસના ખર્ચના પણ કદીક સાંસા

હોય; કપડાંલત્તાં આબરૂ ઢાંકવા પૂરતાં ભાગ્યે જ હોય; માનઅકરામ કે આરામનાં કેવળ સ્વપ્નાં જ હોય; એમ છતાં એ નિશ્ચલતાથી, દૃઢ પણે, અવાજ વગર, પોતાનો રાહ કાપતો, ઘપતો, ધમતો ઉપર ચડતો જ આવે છે. પછી ટોચે ચડીને જ્યારે ઊંચેથી તેનો વિજયધ્વજ ફરકાવે છે ત્યારે દુનિયા તેને અભિનંદન આપે છે અને હારતોરા પહેરાવે છે; પણ કોઈક જ તેણે ભરેલી કિંમત સાચી રીતે માપી શકે છે.

વિશ્વમાનવી

· ઉપજાતિ-વંશસ્થ ·

ફીકી કરૂં એ નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને;
માયા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો;
સ્વર્ગંગમાં ઝૂકવું ચન્દ્રહોડલી,
સંગી બનું વા નભકેતુ પંથનો.

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરૂં;
આંખો પ્રકાશે, તિમિરે ઝબોળી
સ્થળેસ્થળે અંતરપ્રેમ છાવરૂં.

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરૂં ધૂળ વસુંધરાની.

ઉમાશંકર જોષી

યુવાન! તને તારી સ્થિતિ માટે બબડાટ કરવાનો હક્ક નથી. યુવાની એટલે અધીરાઇ નહિ, પણ સહન કરી પાર ઊતરવાની શક્તિ. યુવાની એટલે વાસનાઓનો ઊભરો નહિ, પણ અસાધારણ શક્તિસંચય અને સર્જકબળ. યુવાન ટીકાઓથી, આરોપોથી, અવરોધોથી હઠે નહિ; પણ કર્મણ્યતાથી જવાબ આપી ઊભો રહે, ને કરી બતાવે.

નેપથ્યમાંથી

પ્રધાન રસ (ઇન્દ્રવજ્રા) સૌન્દર્યતીરે જગ સૌ તરંતુ,
પીને થયો છું ભરપૂર પૂર્ણ:
હૈયા તણા અક્ષય કુંભમાંથી,
ફોરી ધાણી નિર્મલ પ્રીતવર્ષા:

ખેડ્યા વળી સાહસક્ષેત્ર જંગ,
શૌર્યે ભર્યો કુંકુમ પ્રાણ રંગ.

દીઠી છગી ત્યાં તુજ દર્દભારે
પામ્યો નમેરૂં. જન! મૌન—મૃત્યુ. —દેશળજી પરમાર

મુક્તકના અર્થગુણ ધરાવતા છતાં મુક્તક ન કહી શકાય તેવા ઉપલા ૮ લીટીના કાવ્યમાં શ્રી પરમારે બબ્બે લીટીના જોડકામાં એકેક રસનું નિરૂપણ કર્યું છે; અને છેવટે સૌથી શ્રેષ્ઠ રસ કયો તે બતાવ્યો છે. રસ તો નવ છે; પણ અહીં મુખ્ય ચારને જ લીધા છે: (અને તેમાં યે પહેલા બે વિષે કોઈ ચર્ચા ઉપસ્થિત કરે. પરંતુ આપણે તો તત્ત્વચર્ચા સાથે નહિ પણ રસાસ્વાદ જોડે કામ છે) પહેલી કડીમાં સૌન્દર્ય, બીજીમાં વાત્સલ્ય, ત્રીજીમાં વીર અને ચોથીમાં કરુણાનું નિરૂપણ છે. બબ્બે લીટીમાં પ્રત્યેક રસને એકેક રૂપક લઇને સરળતા ને સચોટતાથી વર્ણવ્યો છે; અને પ્રત્યેક કડીની ચોટ ધીરેધીરે વધતી જઇ છેવટે માનવપ્રેમનો ઉચ્ચભાવ પ્રેરતા કરુણ રસથી હૃદયને ભરી દે છે. સદા જગતવ્યાપી સૌન્દર્યને નીરની ઉપમા આપવામાં વ્યાપકતા, રંજકતા અને આર્દ્રતા એ સૌન્દર્યનાં ત્રણે તત્ત્વો સાચવ્યાં: પ્રેમનો ઊંચો અને વિશુદ્ધ પ્રકાર વાત્સલ્ય એને હૃદયના અક્ષય કુમભાંથી વર્ષતો વર્ણવવામાં પણ એનું અવિરતપણું અને મંગલભાવ બંનેને અનુરૂપ અલંકાર યોજ્યો: અને ત્રીજી કડીમાં? શૌર્યનો રંગ લાલ છે એ તો સૌ જાણે છે, પણ કુંકુમના કલ્યાણભાવ જોડે સાંકળીને એને ભાવનામયતા અર્પી. શૌર્ય કલ્યાણગામી ન હોય તો એ સ્વાર્થ સાધનારી નિર્દયતા બની જાય. અંતે માનવ પ્રત્યેની અનુકંપાપ્રકટ્યા દર્દના ભારથી મૌનમૃત્યુ પામી-પમાડીને કરુણા આપમેળે પ્રધાન બને એવી ચોટ છેલ્લી કડીમાં દીધી છે.

ક્ક

શ્રી દેશળજી પરમારે પ્રથમ શરૂઆત કરી અને પાછળથી બીજાઓનાં પણ ‘કુમાર’માં આવ્યાં એ ઢબના, અને પોતે જેને ટોળમાં ‘હું કાવ્યો’ કહે છે એવા, આની બાજુએ આપેલા કાવ્યમાં શ્રી ઉમાશંકર જોષીએ એ કાવ્યના ભાવને અને પોતાની શક્તિને બરોબર ન્યાય આપતી જે કલ્પનાઓ કરી છે એટલેથી જ એ ખતમ કર્યું હોત તો એ માત્ર ખાલી હવાઇ ફુક્કા જેવું લાગત. એની સાચી અર્થસાધકતા એની છેલ્લી બે લીટીમાં છે. આટલો વિશ્વભરતો ભાવનાવિહાર કરવા છતાં જેની માટીમાંથી પોતાનો ઉદ્‌ભવ થયો તે વસુંધરાને કવિએ વિસારી નથી, બલ્કે પૂજ્યભાવથી તેની ધૂળ માથે ચડાવી છે. ભાવના ભલે વિશ્વવિહારી કરો, છતાં કર્મભૂમિનું વિસ્મરણ ન થાઓ, એકદેશીય મટીને ભલે વિશ્વબંધુત્વ સાધો,—વ્યક્તિ મટીને ભલે વિશ્વમાનવી થાઓ, પણ જનની જન્મભૂમિ—વસુંધરાનું સ્થાન, તેના પ્રત્યેનો આદર હૃદયમાંથી લેશમાત્ર કમી ન થાઓ એવી એની શીખ છે.

ક્ક

‘**યમાતારાજભાનસલગા**’ આ વિચિત્ર લીટી તે કોઇ છૂપા ખજાનાની ભેદ-કૂંચી, કે ધારણ-મારણ જંત્રના અક્ષરો નથી; પણ એક કવિમિત્રને મુરબ્બી શ્રી બલવંતરાય ક. ઠાકોરે બતાવેલી, અક્ષરમેળ વૃત્તના ‘ગણ’ યાદ રાખવાની Formula (ગુરુસૂત્ર) છે. એમાં પ્રત્યેક ગણના નામાક્ષરથી શરૂ થતો ત્રણ અક્ષરનો એક શબ્દ લખો એટલે તે ગણના લઘુગુરુ તેમાં મળી રહેશે. દાખલા તરીકે પહેલા અક્ષર

‘ય’ થી શરૂ થતા અને શરૂઆતના ત્રણ અક્ષરના બનેલા શબ્દ ‘યમાતા’માં ‘ય ગણ’ના લઘુગુરુ (લગાગા–ISS) આવી ગયા; એ જ રીતે બીજા અક્ષર ‘મા’ થી શરૂ થઇને પછીના બે અક્ષરો સાથે બનેલા શબ્દ ‘માતારા’માં ‘મ ગણ’ના ત્રણે ગુરુ અક્ષરો મળી રહ્યા; ને આમ છેક છેલ્લા ‘સ ગણ’ સુધી આઠે ગણના અક્ષરો મળી રહેશે.

卐

અંગ્રેજી તથા બીજી ભાષાઓ ઉપરથી અનુવાદિત થએલાં સંખ્યાબંધ લખાણો આપણે ત્યાં પ્રતિમાસ પ્રકટ થયા કરે છે. એમાં કોઈક જ પ્રયત્નમાં મૂળના ભાવને તેના યોગ્ય અર્થ ને જોસ સાથે ઊતારવામાં સફળતા મળી હોય છે; મોટે ભાગે તો તરજુમિયા ઓઠાં જ ગોઠવી દીધાં હોય છે. આમાં દોષ, એ કામ કરનારની સાચો શબ્દ યોજવાની શક્તિના અભાવ કરતાં વધુ તો તેને માટેના આગ્રહ કે ચીવટની ખામીનો તથા સત્વર લેખપ્રસિદ્ધિની અધીરાઇનો હોય એમ લાગે છે.

卐

પૂ. ગાંધીજીને

· ખંડ પૃથ્વી ·

તને હૃદય આ નમે,
અને હૃદય ના નમે કયમ નિહાળી તારી વ્યથા?
ઉરે લખતી લિપિ કો રુધિરભીની તારી કથા
પદેપદ નવીન જે જગ વિષે રચતી પ્રથા.

તને હૃદય આ લળે,
અને હૃદય ના લળે કયમ? અકથ્ય સૌ વેદના
ઝીલી સભર વિશ્વની સજીવ તું બળે, ખેદ ના
ક્ષણે ય ધરતો, મથે પતન ખાળવા ભેદનાં.

તું પે જીવન આ ઢળે,
અને જીવન ના ઢળે કયમ લહી જ તારી ધૃતિ,
ક્ષમા સદય ચિત્તની, નવવિધાનની સંસ્કૃતિ,
જગે બહવવા સ્વઅર્પણ બલિ તણી આ કૃતિ?

રામપ્રસાદ શુક્લ

જે દેશી રાજ્યના કેળવણી ખાતામાં પંદરેક વર્ષ પર હું કામ કરતો હતો તે સ્વભાષા ને દેશજ વસ્તુઓ માટે બહુ ચીવટ રાખનારૂં છે. એના દરબારી ‘ગૅઝેટ’માં મૂકવા માટે એક વખત Moral Courage શબ્દનો યોગ્ય ગુજરાતી અર્થ જોઈતો હશે, તે માટે કેળવણી ખાતાને પૂછાવેલું, ને બધા મથેલા; પણ તરજુમિયા ‘નૈતિક હિંમત’ કે એવા જ બીજા અર્થો વિના સારો શબ્દ કોઈ શોધી શકેલા નહિ. ગૅઝેટ બહાર પડ્યું ત્યારે તેમાં એને માટે ‘નીડર સત્યવર્તન’ શબ્દ પ્રકટ થએલો જોયો. એના યોજકની તો માહિતી નથી, પણ એ વેળા એ બહુ ઉચિત લાગેલો, ને આજે પણ એના ભાઈબંધ ‘નૈતિક હિંમત’ કરતાં તો સારો જ લાગે છે.


卐

ભાષાના શબ્દોની પછવાડે તે તે ગિરાની બોલનાર પ્રજાની સંસ્કૃતિ, જીવનપ્રણાલિ, વિચારવિકાસ—એવાં અનેક બળોની અસર હોય છે એટલે એક ભાષાનો શબ્દાર્થ બીજીમાં ઊતારતાં તેના અર્થનું ઓઠું નહિ પણ ભાવ વ્યક્ત કરતો શબ્દ જ જોઇએ. તેમ કરવા જતાં ઘણીવાર ઘટતા ફેરફારો કરવા પણ પડે. મૂળમાં વિશેષણ હોય તેનું ભાષાંતર વિશેષણ રૂપે જ મૂકવાની લઢણને વળગી રહેવાથી કેટલીકવાર ઉપર આપેલા ઉદાહરણમાંની ‘નૈતિક હિંમત’ જેવો ઘાટ થાય. એવે વખતે, એ કિસ્સામાં કર્યું તેમ વધુ સ્વાભાવિક લાગતા પ્રયોગોથી કામ લેવું જોઇએ.

તાજેતરમાં જ ‘સાહિત્ય’માં શ્રી ત્રિભુવન હેમાણીના અને પછી તે વિષે ‘કૌમુદી’માં શ્રી બલવંતરાય ઠાકોરના આ જ વિષયને લગતાં આવેલાં લખાણો જોઇ જવાની ઇચ્છુકોને ભલામણ છે.

શ્રી ઠાકોરે એ ચર્ચામાં જણાવ્યું છે કે શબ્દો ચલણી સિક્કા જેવા છે, અને તેનું મૂલ્ય ભાષામાં તે કેટલા ચાલુ થાય છે તે વડે અંકાય. આ વાત સ્વીકાર્યા પછી એક શંકા એ રહે છે કે શબ્દોને નાણી જોવાની લોકોની આવડત કે વિવેકબુદ્ધિના અભાવને લીધે કેટલીક વાર સારા, વધુ બંધબેસતા અને અર્થવાહક શબ્દોને બદલે નબળા અક્ષરો પ્રચલિત થઇ જાય છે તેનું શું? ઘણામાંથી એક જ દાખલો અત્યારે તો યાદ આવે છે. છાપાંઓમાં કોઇ તરફથી માગી આણેલા ચિત્ર, બ્લૉક કે એવી જ વસ્તુનો ઉપયોગ કરતી વખતે તેની નીચે અંગ્રેજીમાં પ્રચલિત રુઢિશબ્દ Courtesyને બદલે ‘બંધુકૃત્યથી’ શબ્દ યોજાયો અને વપરાયો તેની સાથે જ ‘સૌજન્યથી’ એવો શબ્દ પણ યોજાયો હતો. ‘કુમાર’માં એ પહેલો વપરાયો તેથી તે પ્રત્યેના અપત્ય પ્રેમથી દોરાઇને નહિ, પણ એ શબ્દની પોતાની જ કિંમતથી એને નાણી જોતાં પણ ‘બંધુકૃત્ય’ કરતાં ‘સૌજન્ય’ શબ્દમાં Courtesyનો ભાવ વધારે સ્પષ્ટ અને સારી રીતે આવે છે; પહેલો બનાવટી ને બીજો સ્વાભાવિક લાગે છે, અને વળી બંગાળી હિંદી જેવામાં એ પ્રચલિત પણ છે; છતાં આપણે ત્યાં ‘બંધુકૃત્ય’ ચાલ્યું છે તે ચાલ્યું જ છે! એટલે ખરી વાત તો એ છે કે બીજી ભાષામાંથી ઊતારાતા શબ્દોની ભાવવાહકતા, અર્થસ્પષ્ટતા અને સ્વાભાવિકતા વિષે જેમ (શ્રી બલવંતરાય ઠાકોરે એ જ લેખમાં જણાવ્યું છે તેમ) યોજનારે સદા જાગૃત રહીને ખાખદ, ચીવટ ને આગ્રહ રાખવાની જરૂર છે તેમ તેને ફરી ચલણમાં લેનારે પણ આંખો ઉઘાડી રાખવાની જરૂર ખરી.

—ઇ.ત.



પૂર્વ રૅાંગબક ગ્લેશ્યર (હિમસરિતા)નું આ બીજું ચિત્ર હિમાલયના લાક્ષણિક દશ્યનો ખ્યાલ આપે છે.

૨૪મી મેની સવારે સાડા સાત વાગ્યે બંધુત્વની એ ભાવના પ્રબળ થઇ. નોકર શું, મજૂર શું, સાહેબ શું, નાયક શું? અહીં આ દેવાધિદેવ ગિરિરાજને ખોળે સૌ સરખા. બધો આગે. હુકમ નીકળ્યા. કોણ કોણ જાય? સૌથી સારામાં સારા, ખડતલમાં ખડતલ, લાયક, બહાદુરમાં બહાદુર જ જાય. પણ પછી શિખર ચડવાનું સામર્થ્ય ન રહે તો? તો કંઇ નહિ. ઉધરસ ખાતો મૅલરી સૌ પહેલો મેદાને પડયો. પછી સોમરવેલ અને નૉર્ટન. વારાફરતી મૅલરી, સોમરવેલ ને નૉર્ટન એકબીજાને દોરતા જાય. છેલ્લા બસો જીવલેણ ફૂટ આગળ આવતાં, ઉપલી ભેખડ પર એક મજૂરને નૉર્ટને જોયો. જોરથી હાકલ દઇ પૂછ્યું કે 'ચાલવાની તાકાત છે?' મજૂરે જવાબ આપ્યો કે 'ઉપર કે નીચે? સાહેબ!' નૉર્ટને ત્રાડ નાખી: 'અરે નીચે, નીચે!' અને ત્રણે નવા જોમથી આગળ વધ્યા. નૉર્ટન ને મૅલરી દોરડાનો એક છેડો પકડી એક બાજુ ઊભા રહ્યા. સોમરવેલ કેડે દોરડું બાંધી પગથિયાં કાપતો ઉપર ચડ્યો. ઉપરથી નવા જીવનની આશાએ તાકી રહેલા ચાર મજૂરો સોમરવેલને આવતો જુએ છે. પણ નસીબ છે ને? દસ ફૂટ જ બાકી રહ્યા ને દોરડું ખૂટ્યું! ચાર વાગી ગયા હતા. હવે અંધારું થતાં વાર લાગે તેમ નહોતું.

અહીં સોમરવેલે પોતાની બુદ્ધિ અને હિંમતની અંતિમ કસોટી આપી. એક પળમાં નિશ્ચય કરી દીધો. ત્યાં ઊભા રહેવાય એવડું એક ગાબડું ખડકના બરફમાં પાડ્યું. હાથમાંની કોદાળી જોરથી બરફની ભીંતમાં ખોસી દીધી; કેડે બાંધેલું દોરડું છોડી નાખ્યું ને તે કોદાળીને માથે બાંધી દીધું; અને પછી કોદાળીને ટેકે જેટલા ઊંચા થવાયું એટલા થઇ એકેક મજૂરને ધીમે રહી સરી આવવા કહ્યું; બે જણને એમ લઈ, કોદાળી આગળથી દોરડું પકડાવી, પોતે કરેલા પગથિયાં પરથી

એવરેસ્ટ-આરોહણ

પ્રચંડ પ્રકૃતિનો પાર પામવા નીકળેલા માનવીઓની પ્રયત્નકથા

ઉતાર્યા. પણ બાકીના બે જરા અથરા થયા. એકદમ ઊતરી પડવાની ઉતાવળમાં બંને સાથે ધસ્યા, એટલે બંને ગબડ્યા. સમયસૂચકતાથી એકને સોમરવેલે બાવડેથી ઝાલી લીધો ને બીજા માટે દોરડું સુરક્ષિત કર્યું. તેને ઊતરવા દઇ પછી બીજાને ઉતાર્યો. એ ભૂલ માટે બેમાંથી કોઇને ઠપકો સરખો પણ ન આપ્યો. બધું પતી ગયા પછી એ ખંડિયેર જેવા થઇ ગએલે રસ્તે એક પણ ચૂક વગર ઊતરતો સોમરવેલ, કહેવાય છે કે, 'પહાડખેડુઓને એક જીવંત પદાર્થપાઠ પૂરો પાડતો હતો.'

અંધારૂં વધતું જતું હતું. એમાં આ ચોવીસ કલાકના ભૂખ્યા મરણતોલ મજૂરોને લપસણા માર્ગ પરથી ચલાવતા લઇ જવા એ કંઇ ઓછું અઘરૂં નહોતું. મૅલરી તદ્દન ખખડી ગયો હતો. નૉર્ટનના પગમાં દુખાવો અને કળતર શરૂ થઇ ગયાં હતાં. ફક્ત સોમરવેલ હસતો ને મશ્કરીઓ કરી સૌને હસાવતો. એનો આનંદી સ્વભાવ હજાર દવાઓની ગરજ સારતો.

મજૂરો તો આવી જ રહ્યા હતા. હવેના કામ માટે તદ્દન નાલાયક થઇ ગયા હતા. ચાર દિવસ બરફ પર રહીને એમની સર્વ શક્તિઓ મરી ગઇ હતી. છેલ્લા ચોવીસ કલાકમાં તો ખાવાનું યે કંઇ મળ્યું ન હતું. ત્રણ દિવસનો જ ખોરાક હતો તે પણ પૂરો કરેલો. ચોમોલુંગ્મા દેવી હવે એમનો જરૂર ભોગ લેશે એવો વહેમ એમના મગજમાં ઘર કરી બેઠો હતો. કહે છે કે રોજ ચારે સાથે બેઠાબેઠા રડ્યા કરતા. સોમરવેલે એમને પેલા ખડક પર જોયા ત્યારે પણ તેઓ બાળકની પેઠે રડતા હતા. ત્યાં એવી હાલતમાં પણ સોમરવેલે પહેલાં તો એમની સાથે મજાક કરી હસાવીને પછી ઉતાર્યા. નહિ તો એમના હાથ દોરડું પકડવાને પણ અશક્ત હતા!

ખલાસ. આ પ્રસંગથી સૌકોઇ થાકી ગયા: એકેએકની તબિયત લથડી ગઇ; અને મૂળ છાવણી—પહેલી છાવણી—તરફ બધા પાછા વળ્યા;—ત્યાં નિરાંતે થાક ખાઇ મસલત કરવા, નવી યોજનાઓ ગોઠવવા. મૅલરીની સ્થિતિ તદ્દન ખરાબ હતી. આખો દિવસ તે સૂવાની કોથળીમાં ઉધરસ ખાતો પડી રહેતો. જે કરુણ બનાવ બનવાનો હતો એનો પ્રવેશક આ સાહસમાં જ રચાઈ ચૂક્યો હતો. એ ચાર મજૂરોને બચાવતાં જે અમૂલ્ય ભોગ ભવિષ્યમાં અપાવાનો હતો એનો આંક તો હવે મંડાવાનો હતો.

જ્યૉફ્રે, બ્રૂસ, હૅઝાર્ડ, અર્વિન, નૉર્ટન, મૅલરી, ઑડેલ, સોમરવેલ, નોએલ, શેબ્બીઅર, હિંગ્સ્ટન, બીધામ;—કોઇ લંગડા, કોઈ લૂલા, કોઇ આંધળા. એ બધા પાંગળાઓની ટોળી પહેલા નંબરની છાવણીમાં કચેરી ભરી બેઠી છે. ૫૫માંથી ૧૫ મજૂર જ બીજી વાર જઇ શકે એવા રહ્યા છે. પેલા બરફના ખડકની ઉપર ચોથા નંબરની છાવણી સ્થાપી તો છે, પણ ત્યાં ખોરાક હજી પહોંચાડવાનો છે. ઑક્સિજનની લોહથેલી પણ લઇ જવાની છે. અને પછી એ ચાર નંબરની ઊંચે પાંચમી છાવણી નંખાય તો જ શિખરે પહોંચાય. એ પાંચમા નંબરની છાવણી નાખવાને ઓછામાં ઓછા પંદર મજૂરો જોઇએ. ખૂબ મસલત પછી સંગ્રામસમિતિએ જાહેરનામું કાઢ્યું કે ૨૫,૫૦૦ ફૂટ પર છાવણી નં. ૫ નાખવી તો ખરી જ. એટલું જ નહિ પણ એથી આગળ ૨૭,૨૦૦ ફૂટ પર છાવણી નં. ૬ પણ નાખવી. બબ્બેના જોડકામાં હલ્લો શરૂ કરવો. પહેલી જોડીમાં મૅલરીને, એની મરજી હોય તો જવાનો હક્ક છે એમ નૉર્ટને જાહેર કર્યું. મૅલરી અને બ્રૂસ. પછી બીજી જોડી સોમરવેલ અને નૉર્ટનની નક્કી થઇ. ઑડેલ અને અર્વિનની ત્રીજી. તેઓ પાછળ પાછળ મદદમાં રહે. નોએલ છાવણી નં. ૩ માંથી ફોટો પાડ્યા કરે. પંદર શૂરા બહાદુર નેપાલીઓ ચૂંટાયા; બરફખડક માટે મજબૂત દોરડાની નીસરણીઓ બનાવાઇ; અને આમ તૈયારીઓ કરી લીધા પછી ૩૦મી મેને દિવસે વળી પાછો 'આગે બઢો'નો હુકમ છૂટ્યો. એ યોજના ઘડવામાં અને નિર્ણયો કરવામાં નૉર્ટન, મૅલરી ને સોમરવેલના અભિપ્રાયો છેવટના ગણાતા.

અને હવે કુદરત ને માનવ વચ્ચેનો આખરી સંગ્રામ મંડાયો. દરેક શિખરિણીની પહેલા જવાની હોંસ, ઇચ્છા; આટઆટલી મહેનત મુસીબત પછી પહેલી વિજયમાળ પહેરવાને કોણ તૈયાર ન હોય? પહેલી જોડીમાં જવાને સૌકોઇ આતુર. અને તે માટે માંદા છતાં સાજા દેખાવાનો ઢોંગ કરે! નૉર્ટન સરદાર, એટલે એ તો ધારે તો જરૂર પહેલો જઇ શકે; પણ કીર્તિની લાલચને વશ ન થતાં એણે મૅલરીને જ પહેલો હક્ક આપ્યો અને પોતે જાણી જોઇને પાછળ રહ્યો. એના આ નિર્ણય માટે સૌકોઇએ એની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

આમ, બધું નક્કી થઈ ગયું અને પહેલી જૂને

મૅલરી અને જ્યૉર્જ બૂસ નીકળ્યા. બરફ-ખડક કુદાવી છાવણી નં. ૪માં રાત રહી બીજી જૂને ખરેખરો હલ્લો કર્યો. તે જ સાંજે છાવણી નં. ૫ નાખવાની તેમની મુરાદ હતી. વરસાદ વાદળ કંઇ ન હતું. દિવસ ચોકખો હતો. પણ ચોકખો દિવસ એટલે પવનનાં તોફાનમસ્તીનો દિવસ! કપડાં ફડફડ થવા માંડ્યાં. ધરતી પરથી પવન ઊચકીને હમણાં ક્યાં યે દાટી દેશે એમ લાગ્યું. એ ગરમ ને સુરક્ષિત કપડામાંથી યે પવન શરીરને થીજાવતો સોંસરો પેસવા લાગ્યો. ૨૫,૦૦૦ ફૂટ તો આવ્યા. પણ હવે મજૂરો થાકયા, મંદ-ગતિ થયા-જડગતિ થયા. હવે ૩૦૦ ફૂટ જ ચલો; ત્યાં છાવણી નાખશું. પણ મજૂરો એક ડગલું પણ આગળ ન ભરે. ફક્ત એક લોબસિંગ તૈયાર હતો. અંતે એટલામાં જ તંબૂ નાખ્યો અને રાત કાઢી. પણ સવારે તો ટાઢ શરીર અને હૃદયને પણ અડી ચૂકી હતી. મજૂરોમાંથી તો કોઇ તૈયાર જ ન હતું. ભારે દિલે મૅલરીએ પાછા ફરવાનું નક્કી કર્યું. પણ છાવણી નાખી હતી, એ કંઇ જેવુંતેવું કામ ન હતું.

૫ નંબરથી બ્રૂસ ને મૅલરી ઊતરતા હતા, ૪ નંબરથી નૉર્ટન ને સોમરવેલ ઉપર આવતા હતા. અધવચ્ચેજ બંને સામસામા મળ્યા. મૅલરીને પાછો ફરતો જોઇને નૉર્ટનની અરધી છાતી બેસી ગઇ. મજૂરો સામાન નહિ જ ચડાવી શકે તો વાત અશકય છે, એ સ્પષ્ટ હતું. ૨૫,૦૦૦ ફૂટથી ઊંચે સામાન જઇ શકે કે કેમ, એ જ હવે પ્રશ્ન હતો. એ પ્રશ્ન ઉપર આ તેમજ ભવિષ્યના સઘળા પ્રયાસનો આધાર હતો. ૨૫,૦૦૦થી ઉપર એક છાવણી નંખાય તો જ શિખર સાધ્ય છે. નૉર્ટન ને સોમરવેલ છાવણી નં. ૫માં પહોંચ્યા ને ચૂપચાપ સૂઇ ગયા. મજૂરો

શિખરિણી

ફરો જો પાછા તો, મરણશિખરે ઓ શિખરિણી!
વધ્યા છો અર્ધે તો થઈ મરણિયા ઉન્નત ભણી!
ચઢી આવ્યા 'પંચાનન શિખર', તો એક વસમું
ચઢી નક્કી છેલ્લું ગુરુશિખર ને અંત હસવું.

ભલે ધાગે ધામે; ક્ષિતિજલહરી સૌ વિકસતી,
વિશાળી પૃથ્વીની જલધિપગથારો સરકતી,
નિહાળી નાચંતી ગગનઝરૂખે વાદળપરી,
ચલો ઊંચે ઊંચે અનિલ વિખરાતો ફરફરી.

સરે સૌ સંસારી જગતભરનાં વ્યર્થ વલખાં;
ઊંચે આકાશે ને હૃદય અવકાશે નવલખા
અનેરા ઊંડેરા ધ્વનિ ફક્ત જે ગૂઢ સરતા,
મળી સ્રષ્ટા ભેગા સભર જગની સન્ધિ રચતાં.

ઇલા! પૃથ્વીમાતા! તુજ શિખર ખોળે, ઉદરમાં,
જતા પોઢી યાચું સુખમય હિમાળી નિંદરમાં.

ચન્દ્રવદન મહેતા

એક તંબૂમાં અને એ બે બીજા તંબૂમાં. સવાર થઈ. ૨૫,૦૦૦ ફીટની ઊંચાઇએ સવારે પાંચ વાગ્યે ઊઠવું એટલે શું? એ ઠંડી એટલે શું? અને એમાં યોજનાઓ ઘડવી એટલે શું? સઘળી શક્તિઓ બહેર મારી ગઇ હોય, જડ થઇ ગઇ હોય. એવે વખતે નૉર્ટને મજૂરોને ઉઠાડવા પ્રયત્ન કર્યો. અરધા કલાક સુધી તો એણે ફાંફા જ માર્યાં. પછી નાસ્તો બનાવવાનું કહ્યું. એ લાલચે કંઇક-માં સહેજ સ્ફૂર્તિ આવી. નાસ્તો થયો; ખાધું. હવે ધીરે રહીને નૉર્ટને પટામણાં શરૂ કર્યાં. મજૂરોએ ના પાડી તો બસ, થઇ રહ્યું. સીધી અને સાદી ભાષામાં માણસાઇને એણે જગાડી. વીરતા અને સાહસને સંબોધન કર્યું. આ અસંભવિત કામ પાર પાડશો તો જે માન, ઇનામ, નામના, કીર્તિ મળશે એનું સ્પષ્ટ ચિત્ર દોર્યું. 'તુમ આદમી બનોગે તો આદમી માન દેંગે.' અને મજૂરોના રામ જાગ્યા. શા માટે ન જાગે? એ જ મજૂરો માટે નૉર્ટને અને સોમરવેલે જિંદગીનાં સાટાં નહોતાં નોતર્યાં? નીમુ વીશે, લાખ્યા ચેદી અને સમ્ચુમ્બી તૈયાર થયા. એ ત્રણ વીરોનાં નામ ગિરિ-ખેડુઓના ઇતિહાસમાં ખરેખર અમર થઇ ગયાં છે. ૨૫,૦૦૦થી ૨૬,૮૦૦ ફૂટ જતાં તો દોઢ થયો. પછી સમ્ચુમ્બી થાકયો. હવે એક ડગલું પણ નહિ વધી શકે એમ લાગ્યું એટલે ત્યાં જ બે તંબૂ નાખ્યા. બસ; મજૂરોએ પોતાની ફરજ બજાવી. હવે તો શિખરિણીઓ માથે જુમ્મેદારી રહી. મજૂરોને અહીંથી રવાના કર્યા. એક વાત સિદ્ધ થઇ: ૨૫,૦૦૦ ફૂટથી ઊંચે સામાન લઇ જઇ શકાય છે; હવે ૨૭,૦૦૦ ફૂટ ઊંચે માણસ ઊંઘ લઈ શકે કે કેમ એ જ પ્રશ્ન બાકી હતો. બીજે



૨૬,૯૮૫ ફૂટની ઊંચાઇએ પહોંચતા નૉર્ટન અને સોમરવેલ

દિવસે સવારે નૉર્ટને પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે આખી રાત નિરાંતે સૂતો. સોમરવેલ નોંધે છે કે એને ઊંઘતાં બહુ મુસીબત નડી નહિ. એ ઊંચાઇએ મનુષ્ય ઊંઘ લઈ શકે છે એ કંઇ જેવીતેવી શોધ કે જીત ન ગણાય.

ચોથી જૂનની પરોઢે નૉર્ટન ને સોમરવેલ આશાભર્યા ઊઠ્યા, ને પોણા સાતે તો ચડવા મંડ્યા. દિવસ સ્વચ્છ હતો. પણ નસીબ? ૨૭,૧૦૦, ૨૭,૨૦૦. . . . ૨૭,૫૦૦. ધીમેધીમે એક ડગલું ભરે અને બે મિનિટ થોભે; શ્વાસ લે, વળી એક જ ડગલું અને થાક, અને પાછા શ્વાસોચ્છ્વાસ. ને હાંફ્યા ત્યારે નૉર્ટન ધ્રૂજી ઊઠ્યો. બે જાકિટ, બે સ્વેટર, એક ખમીસ—બધું જ ગરમ; ઉપર વાયુસિદ્ધ ડગલો, મફલરો, છતાં એ ટાઢે ધ્રૂજ્યો. એને લાગ્યું કે એને મૅલેરિયા તાવ ચડ્યો. એણે પોતાની નાડી તપાસી. એક મિનિટના ૧૨૦ ધબકારે કૂદતી હતી. એની આંખે અંધારાં આવ્યાં, અંધાપો આવ્યો. આ બાજુ સોમરવેલને ઉધરસ વળગી. એ લખે છે કે '૨૭,૫૦૦ ઉપર હવામાં એકદમ ફેરફાર જણાયો. દર ડગલે દસદસ શ્વાસોચ્છ્વાસ તો લેવા જ પડતા.' ઉધરસે એ ગૂંગળાઇ ઊઠ્યો. એની મગજશક્તિ બહેર મારી ગઇ. જરાક પણ આગળ જાત તો નિ:સંશય એનું મૃત્યુ જ થાત. તદ્દન સૂકી હવા ને તરસે એ સુકાવા લાગ્યો. એનું ગળું રૂંધાઇ ગયું. શ્વાસોચ્છ્વાસ બંધ થઇ ગયો. પળેક પછી કંઇક ભાન આવતાં એણે નૉર્ટનને આગળ જવા કહ્યું ને જણાવ્યું કે પોતે ત્યાં પડ્યોપડ્યો એનો વિજયપ્રવાસ જોશે.

અને નૉર્ટન ચાલ્યો. એ એકેક પગલું લાખ ટકાનું હતું. પથ્થરની નાની નાની લાદીઓના મુકુટે એ શિખરમણિ ઢંકાયલો છે. એ લાદીઓમાંથી એકાદ ખસી, પગ લપસ્યો, તો? કેડે વગર દોરડે, પવનના સૂસવાટામાં, આગળ જાય છે; અને શિખર તો?—ઓ આ રહ્યું હાથવેંતમાં. જગત આખું અભિનંદન આપશે; અજેય એવા હિમાલયને હમણાં પગ નીચે દબાવીશ; દેવોને દુર્લભ એવું આ દૃશ્ય નિરાંતે આંખ ભરીભરીને જોઇશ; ઊંચાઊંચા ગણાતા આ ગિરિશૃંગો કેટલા વેંતીઆ જેવા નીચે જણાય છે!


૨૭,૫૦૦-૬૦૦-૭૦૦, ... ૨૮,૦૦૦; અને હવે તો ફક્ત ૮૭૬ ફૂટ જ બાકી. ને એ પણ હવે થંભ્યો. શરીર ન ચાલ્યું. સોમરવેલથી ૬૦૦ ફૂટ ઊંચે જ ફક્ત એ જઇ શક્યો. અવલોકનયંત્રે એની ઊંચાઇ ૨૮,૧૨૬ ફૂટ નોંધી અને એ જોડીનો પ્રયત્ન પણ અફળ ગયો. એનો અંધાપો વધવા માંડ્યો. હવાની ઊણપને લીધે મગજમાં કંઇ લોહીની ગેરવ્યવસ્થા થવાથી એ પરિણામ આવ્યું એમ ડાક્ટરો માને છે. બંને વીરલાઓ પાછા ફર્યા. આમ વિજયપતાકા માત્ર હાથવેંતમાં, ફક્ત ૮૭૬ ફૂટ આઘી જ, અને પાછા ફર્યા તે કેટલા ભારે દિલથી, કેટલી નિરાશાથી, કેટલી ગમગીનીથી એમણે એ હાર કબૂલ કરી હશે?

શિખરિણીઓ આજ દિન સુધી આ બાબત પર ચર્ચા કરે છે, અને તર્ક લડાવે છે. સોમરવેલ અને નૉર્ટનને એમણે પેલા ચાર મજૂરો માટે આપેલા આત્મભોગના પરિણામે થએલો શક્તિનો વ્યય જ ૨૮,૦૦૦ ફૂટ ઉપર નડ્યો. ઉત્સાહિત ટીકાકારો માને છે કે એ પ્રસંગ ઊભો ન થયો હોત તો ૨૮,૦૦૦ ફૂટ પર પણ એમની શક્તિ હજી ખૂટી ન જાત.

નૉર્ટને ૨૭,૦૦૦ ફૂટ ઊંચે એક વાર આંખ પરથી રંગીન ચશ્મા દૂર કર્યાં એટલામાં એણે આંખ ગુમાવી! એ ભૂલના પરિણામે, સોમરવેલે જે અનહદ સૌંદર્યનાં દર્શન કર્યાં તે એ ન કરી શક્યો. છતાં નૉર્ટને એક સૂત્ર તો સાબિત કર્યું કે ૨૮,૦૦૦ ફૂટ પર ઑક્સિજન વિના જઇ શકાય છે, જીવી શકાય છે, એટલું જ નહિ પણ વિના ઑક્સિજને એવરેસ્ટ જીતવો શક્ય પણ છે.




ગ્રીષ્મા
ચિત્રકાર · સોમાલાલ શાહ



ઉમાશિખર એવરેસ્ટ

'પૃથ્વીના માનવદંડ દેવાત્મા નગાધિરાજના શૃંગમણિ ઉમાશિખર! ચોમોઃ લુંગ્મા! જગતની દેવી માતા! પ્રણામ! તારા મુકુટમણિ પર મનુષ્ય પોતાનો ઓળો પાડે કે ન પાડે, પરંતુ એ પામરને એવાં ને એથી અદકાં સાહસો ખેડવાને–એમાં ફળીભૂત થવાને, જગતની ઓ મા ઉમા! તું પ્રેરણા ને શક્તિ તો આપ્યા જ કરજે.'

તળેટીની છાવણીમાંથી દેખાતા એવરેસ્ટનું ૧૯૨૨માં સોમરવેલે આલેખેલું દૃશ્ય. Courtesy: 'The Fight For Everest: 1924' (Edward Arnold & Co.)



૧૯૨૪નાં ચડાઇ વેળાના સાહસિકોની ટુકડી · પાછળ ઊભેલા–ડાબી બાજુથી : હૅઝાર્ડ, હિંગસ્ટન, સોમરવેલ, બીધામ, શેબ્બીઅર; ખુરશીમાં બેઠેલા–ડાબી બાજુથી : જ્યફ્રે બ્રૂસ (જનરલ બ્રૂસનો ભત્રીજો) લેફ્ટેનન્ટ કર્નલ નૉર્ટન (નાયક), નોએલ, ઑડેલ.

હવે આ કરુણ નાટિકાનો ત્રીજો અને છેવટનો અંક નિહાળીએ. મૅલરી અને બ્રૂસે શરૂ કરેલા પ્રવેશકનો ઉપસંહાર પણ એ વીરો દ્વારા જ કરવો કુદરતે નિર્માણ કર્યો હતો. છાવણી નંબર પાંચમાંથી પાછો ફરેલો મૅલરી, બબ્બે વારના પ્રયાસમાં પાછો ફરેલો મૅલરી, હિમાલય સાથે તાદાત્મ્ય સાધનાર—હિમાલયને સિદ્ધ કરવા કોઇ પણ જહેમત મુસીબત સામે થનાર મૅલરી, નીચે આવીને નિરાશ ન થયો. એના દિલમાં શિખર સિદ્ધ કરવાની ભાવના પ્રબળ વેગે ભભૂકી ઊઠી. એ છેક છાવણી નંબર ત્રણ સુધી ઊતરી ગયો, ને પોતે ઑકિસજનના ઉપયોગના વિરુદ્ધ મતનો હતો છતાં હવે ઑકિસજનનો ઉપયોગ કરીને પણ છેલ્લો પ્રયાસ કરી જોવાનું એણે નક્કી કર્યું. આ પાર કે તે પાર. મૅલરી એટલે ચીવટાઇ, દહાગ્રહ, મનોબલનો મહારથી. ત્રીજી વાર આટલે સુધી, પોતાની પ્રિયતમા અને બાળકોને મૂકી અમસ્તો એ નહોતો આવ્યો. પર્વતની ગિરિમાળ જોવા કે સુંદર વનરાજીઓ જોવા એ નહોતો આવ્યો, કે એના રસ્તાઓ માપવા એ નહોતો આવ્યો. એ તો હિમાલયને મહાત કરવા આવ્યો હતો; તે સર કરવા એ આવ્યો હતો. એના જીવનનું એ ધ્યેય હતું.

એ ઑકિસજનની યોજના કરતો હતો ત્યારે ઉપર શું થતું હતું એની ખબર નહોતી. ૨૮,૦૦૦ ફૂટની ઊંચાઇએ નૉર્ટન ચડી શકયો એ એણે પછી જાણ્યું. અર્વિન વિજ્ઞાનનો જાણકાર હતો અને ઑક્સિજનયંત્રનો માહિતગાર હતો, એટલે એ સાથી તરીકે ચૂંટાયો. એ દરમ્યાન નૉર્ટન-સોમરવેલ પણ ઉપરથી સીધા ૫૦૦૦ ફૂટ નીચે ઊતરી છાવણી નં. ૪ માં આવી ગયા અને એમણે મૅલરીને પૂર્ણ ઉત્સાહમાં છેવટના પ્રયાસમાં મુગ્ધ જોયો. નૉર્ટને એને સહાનુભૂતિ આપી. એને બધું ગમ્યું, પણ અર્વિનને બદલે ઑડેલને સાથી તરીકે લેવાનું એને ઠીક લાગ્યું. પણ છેવટના નિર્ણય થઇ ગએલા હોવાથી નૉર્ટને યોગ્ય નાયકને છાજે એ રીતે નક્કી થએલું કબૂલ રાખ્યું. (ચાલુ) **ચન્દ્રવદન મહેતા**

(Photoes-Courtesy: The Fight For Everet:-1924)

ઝંઝાનિલને . . .

ઝંઝાના ઝૂંડઝોલે તરલ વિહરતો, વિશ્વનો સુપ્ત પ્રાણ
જાગ્યો શું વહ્નિઝાળે હૃદયમુંઝવણે સિન્ધુની છોડી શય્યા!
દોડે પૃથ્વીનિકુંજે અગન શમવવા ગાભરો ઉચ્ચ વેગે,
વાતો વેગે મનસ્વી મરુતગણતણો રાજવી રુષ્ટ આશુ.

રે વાતો વેગવંતો, ભુવનભુવન ડોલાવતો દિવ્ય જોમે,
છોડેલો ધ્યાન અંતે પ્રખર હરતણો રુદ્ર ઉચ્છ્વાસ શું કે?
ગાંભીર્યો સાગરોનાં, વનતરુગણનાં સોણલાં ભાંગતો આ,
પૃથ્વી પે પાથરે શું જલ, જલધિ પરે અદ્રિમાળા ઉઠાવે!

પૃથ્વીએ પ્હેરિયો આ શતશત ગઉનો અંચળો વાયુરૂપી,
એના સૂર્યપ્રયાણે ત્વરિત ગતિ જવા સોડિયું વાળતી તે
તાણી અંગે લપેટે ઝપટભર, તહીં પલ્લવ પ્રાણવંતો
લ્હેરી રૂહે દિગ્દિગન્તે અવિરત વહને અબ્ધિની કોરવાળો.

ઊંચેરો અદ્રિઓનાં હિમવત શિખરોથી ય ઊંચો ઊડંતો,
નીચેરો નાભિથી યે જલધિજલતણી ગહ્વરોમાં ફૂંકાતો,
આંતર્બાહ્ય પ્રવાહી સચરઅચરમાં પ્રાણરૂપે વહંતો
સર્વવ્યાપી પ્રભુ શો મરુત ઋતજ આ સૃષ્ટિનો સૃષ્ટ ધર્તા.

ધર્તા! હર્તાસ્વરૂપે ધસમસ ધસતો, ભાસતો કાળ કોપ્યો,
પૃથ્વીને પાટલે આ પ્રકૃતિમનુજનાં કાર્ય નિર્મેલ જે કૈં
કાન્તારો, વૃક્ષકુંજો, ગિરિગણ, નગરો, મ્હેલ ને મેડીઓને
તારી એકી થપાટે ક્ષણમહીં ચહતો સર્વ ઉત્પાટવા શું!

તારો એ દૂરગાજ્યો પદરવ સુણતાં ત્રાસથી પાંડુરંગી
વૃક્ષોના પ્રાણ સૂકે, પરણ સહુ ખરે મુંડીના વાળ જેવાં,
ને પૃથ્વીનો સુકાતો પટ, કૃષિવલથી ભોમકા શું તજાતી!
ત્રાસેલું વિશ્વ માળે નિજ જઇ બચવા બાપડું થૈ લપાતું!

ને ત્યાં તું મેઘ કેરાં ક્ષિતિક્ષિતિજભર્યાં સૈન્ય લૈ શું ચઢે ને
ઈચ્છે એ આભવ્યાપી નિબિડ ઘનતણા શામળા કામળાથી
આખેરૂં વિશ્વ રૂંધી, સરજન સઘળું ભક્ષવા, શોકવાર્તા
એવી સર્વત્ર વ્યાપે, જગ થરથરતું હોશ ને કોશ ત્યાગે.

રે તારી રુદ્રવીણા ગહન વનતણાં વંશઝૂંડે ફૂંકાતી,
આવાસે માનવીનાં સમમમ સરતી ઊંબરેઊંબરે જૈ

સાઠ પંક્તિના આ લાંબા કાવ્યનો ઉઠાવ જેટલો પ્રાણવાન છે એટલો જ વેગીલો એનો પ્રવાહ, અસરકારક અંતમાં પરિણમે છે. આખું કાવ્ય લાંબુ હોવા છતાં વંટોળના વેગને બાનીમાં ઉતારતી એની જોરદાર ને કવિતોચિત પદાવલિઓ વડે એ સુગ્રથાએલું એકમ બની રહે છે. અર્થંગમત્વૃતિને શબ્દવ્યંજના વડે સ્ફુટ કરતી કવિતાનો એ એક સારોસરખો નમૂનો છે. નવાં યુગબળોને ઉકેલવા મથતી વિચારશ્રેણીથી વિભૂષિત આખું એ કાવ્ય મન પર સચોટ ને ચિરસ્થાયી છાપ પાડી અંતરમાં રમી રહે તેવું છે.

આ કાવ્યનો 'ઝંઝાનિલ' એ ચૈત્ર–વૈશાખમાં આંધી ઉડાડતો પ્રકૃતિનો સામાન્ય વંટોળ નથી; જોકે દેખીતી રીતે આખું કાવ્યવર્ણન એવા વંટોળને સહેજે લાગુ પડી શકે ખરૂં. આધુનિક સૃષ્ટિમાં નવાં જ આંદોલનો જગાવી પ્રબળ હલચલ મચાવી રહેલાં વિનાશાત્મક યુગબળોના પ્રતીક રૂપે જ એ વંટોળને કવિએ સ્વીકાર્યો છે અને વર્ણવ્યો છે. અને એ વર્ણન ઉપર, હૃદય સોંસરવી ઊતરી જાય એવી, પોતાની માન્યતાની કવિએ મ્હોર મારી છે કે દેખીતી રીતે વિનાશાત્મક લાગતો આ વંટોળ એ ભવિષ્યનાં રચનાત્મક બળોનું સારગર્ભ અને સમન્વિત અંગ છે. અને એથી પણ વધારે સબળ માન્યતા તો કવિની એ છે કે આવી આંધીઓ અને વિનાશાત્મક તત્ત્વોને પોતાની મરજી મુજબ વશ વર્તાવી, કબજે કરી, મનુષ્યપ્રાણી નિજ ઉત્ક્રાન્તિ પ્રતિદિન સાધતો રહે છે.

એટલે જ વંટોળને વર્ણવતાં કવિ પ્રશ્ન પૂછે છે કે શું આ તે વિશ્વનો સૂતેલો પ્રાણ જાગી ઊઠ્યો છે? એવી તે એને શી મૂંઝવણ થઇ છે કે સિંધુની શીતળ શય્યા છોડીને 'અગન શમવવા' પૃથ્વીની કુંજોમાં એ દોડે છે? સાગરના ગાંભીર્યને વલોવી નાખતો, વનો ને વૃક્ષોનાં સ્વપ્નાંઓને તોડતો, જળમાં થળ ને થળમાં જળ કરી મૂકતો, ને ત્રણે ભુવનને ડોલાવતો આ વંટોળ એ તે શું સમાધમાં રૂંધી રાખેલો પણ 'ધ્યાન અંતે' છોડેલો શિવનો ઉચ્છ્વાસ છે? આ આંધી જાણે સૂર્ય તરફ ગતિ કરી રહેલી પૃથ્વીએ સો સો ગાઉ લાંબો ઓઢેલો અંચળો છે ને સમુદ્રની કિનારવાળો એનો પ્રાણવંતો પાલવ દશે દિશાઓમાં લ્હેરી રહે છે. હિમાલયથી પણ ઊંચે અને પૃથ્વીની

(સ્રગ્ધરાવૃત્ત)

કવિ–**સુન્દરમ્**

બીધેલાં જંતુઓનાં અવશ હૃદયને સોંસરી વીંધતી એ,
શોધે જોદ્ધા શું જંગે નિજ સહ લડવા તાહરી યુદ્ધલિપ્સા !

ને ત્યાં આ પામરાં સૌ તરુગણ તરણાં ઝૂકતાં શીષ ભોંયે,
પોતાને માની જીત્યો, મુખરિત રવથી આત્મની કીર્તિ ગાતો
ભૂલે તું, એ ન ઝૂક્યાં તવ ચરણ પરે, શીષ સૌનાં ઝૂક્યાં જો
તારાથી વ્યસ્ત કક્ષે અવર ચરણનો આશરો શોધતાં એ.

દીનો કેરા વિજેતા ! વિવશ પ્રકૃતિમાં સ્વસ્થતામૂર્તિ જેવો
ઊભેલો દ્વાર ખોલી નિજ કુટિરતણું તાહરી સન્મુખે થૈ,
છોડી સૌ આશ્રયોને, અડગ ગિરિ સમો, ઉચ્ચ આહ્વાન દેતો
તારી સૌ શક્તિઓને, તુજ ચળ શમવે યુદ્ધની, માનવી આ:

'શાને ઝંઝાનિલા ઓ, વ્યરથ યતન આ ? વ્યર્થ આ યુદ્ધલિપ્સા;
યુદ્ધાભાસો જ આ તો સકળ, વિમળ હું રૂપ તારૂં પિછાનું,
ને તું જો યુદ્ધ માગે, નિરખ, અણુ સમાં નાસિકારન્ધ્ર દ્વારા
તારું વિશ્વે પ્રવાતું બલ મુજ ઉરના સ્પન્દને હું દબાવું.'

ગાજે ત્યાં અટ્ટહાસ્યે દશ દિશ, સુણતાં સાદ ચૈતન્યનો તે,
પ્રાણીનો પ્રાણ આ ને જગત વિહરતો વાયુ તે બે ય ભેટે,
એ બેના ઐક્યયોગે વિવશ પ્રકૃતિના મૂર્છિત પ્રાણ જાગે,
શામે સૂરો બસૂરા, ત્રિભુવનભરણી બીન ગાજે સુરાગે.

ધર્તા ! હર્તાતણું આ ક્ષણ જ શમવ તું રૂપ, ત્રાસેલ આંખો
દેખે કલ્યાણમૂર્તિ તુજ, નહિ અથવા વા યથાપૂર્વ વેગે,
અજ્ઞાની લોકકાજે પ્રકૃતિનિયમ ના થોભશો, કૃત્ય તારાં
અંતે માંગલ્યરૂપે ફલિત લહી તને પ્રીછશે સર્વ સાચો.

વર્ષેવર્ષે ધરાને નવલ પટ દઈ વસ્ત્ર જૂનું હરંતો,
મોંઘાં મોતીભરેલાં જલધિજ ઘનનાં વ્હાણ વિશ્વે વહાતો,
પુષ્પોકેરા પરાગો ઉપવનકુસુમોની પ્રિયામાં ધરંતો,
ઘૂમે સંદેશવાહી વિમુદિત વિભુના ફુલ્લ ચૈતન્યકેરો.

સ્રષ્ટા ! સૂકાં, સડેલાં, સુરભિરહિતમાં પ્રાણ સંચારનારી
તારી આવેગધારા અવિરત પગલે ઘૂમતી ઘોર આંહી,
ઊંડા ઉદ્વેગઘેરાં હૃદયભવનનાં બારણાં ઠોકતી તે:
તોડી નાંખો ચણેલા દુરગમ ગઢના કોટ જો ના ખૂલે તો.

નાભિથી યે નીચે સમુદ્રની ગુફાઓમાં પણ એ ફૂંકાય છે, એટલે કવિ એને 'સર્વવ્યાપી પ્રભુ શો' ગણે છે, અને સચરઅચરમાં બધે ય એ પ્રાણરૂપે વિ- લસી રહ્યો છે એમ વર્ણવે છે. જાણે કાળ પોતે જ કોપ્યો હોય એમ, પ્રકૃતિનાં વન ગિરિ વગેરે તત્ત્વો તથા મનુષ્યે ઊભાં કરેલાં શહેરો, મહેલો ને મેડીઓ એ સર્વેને એક જ થપાટ સાથે તોડી પાડે એવું ઉગ્ર એનું સ્વરૂપ છે, છતાં કવિ તો એને 'ધર્તા' સ્વરૂપે જ જુએ છે. ઝાડોનાં ઝુંડમાં ફૂંકાતા આ વંટોળ- ની રુદ્રવીણાથી પ્રાણીઓનાં અવશ હૃદય કંપી ઊઠે છે એટલે કવિ પ્રશ્ન પૂછે છે કે શું એ વાયુની યુદ્ધલિપ્સા પોતાની સાથે લડવાને કોઇ યોદ્ધો શોધે છે ? જો એને લડવું જ હોય તો એની યુદ્ધની ચળ શમવી દે એવો—પ્રકૃતિની વિવશ- તામાં પણ સ્વસ્થતાની મૂર્તિ સમો, અલ્પ છતાં આત્મબળે મહાન એવો— માનવી પોતાની નાની કુટિર પાસે અડગ ઊભેલો છે. એ માનવી વંટોળને ઉદ્દેશીને જાણે કહે છે: 'હે ઝંઝાનિલ ! આ તારી યુદ્ધલિપ્સા એ વૃથા છે. તારૂં સાચું ને સારગર્ભ સ્વરૂપ હું જાણું છું, એટલે મારે મન તો તારા આ ધમપછાડા એ યુદ્ધનો આભાસમાત્ર જ છે. છતાં જો તું યુદ્ધ જ માગતો હોય તો મારાં આ નાનાં નાસિકારન્ધ્ર દ્વારા હું તને કબજે કરી શકું તેમ છું.' (પ્રાણાયામ દ્વારા મનુષ્ય વાયુને—પ્રાણને—રૂંધી શકે છે.) માનવીની આ પ્રાણવાન ઉક્તિ સાંભ- ળીને ફૂંકાતો વાયુ એને વશ વર્તી રહે છે અને એમ બાહ્ય તથા આંતર પ્રાણોના મિલનથી વિવશ બનેલી સમગ્ર સૃષ્ટિ સચેત બની જાય છે.

આગળ ચાલતાં કવિ કહે છે કે 'હે વંટોળ, તારૂં સાચું સ્વરૂપ તો ધર્તાનું (રચનાત્મક) છે, છતાં તારૂં દેખીતું સ્વરૂપ આંખોને ત્રાસ આપે છે એટલે તું એને શમવી દે. પણ પોતે જ એનો જવાબ વાળે છે કે ના ના, તું તો યથેચ્છ વાયા કર. અમારા જેવાં અજ્ઞાનીઓને માટે પ્રકૃતિના નિયમોએ બદલાઇ જવું એ ઉચિત નથી. અને જે તારૂં મંગલમય રૂપ છે તે તો અંતે છતું થવાનું જ છે.

છેવટે જે કાંઇ પ્રકૃતિરોધક હોય એ જો વિકાસના માર્ગમાંથી દૂર ન થાય તો એને તોડી પાડવાની વિનંતિ સાથે કાવ્ય ખતમ થાય છે.



પ્રકરણ છઠ્ઠું

રોમા

'રોમમાં તો જોવાનું ખૂબ છે માટે આપણે વહેલાં શરૂ કરીએ તો સારૂં' એમ કહી ગરુડરાજે મને સવારના પહોરમાં ખૂબ વહેલો ઉઠાડ્યો. અમે નાહીધોઇ પરવારી નાસ્તો કરી ઊપડ્યા. એક ટૅક્સી ભાડે કરી ગરુડરાજે ક્યાં લઇ જવાનું તે સૂચના કરી અને અમે અંદર બેઠા.

જેમજેમ આગળ જતા ગયા તેમતેમ રોમની ભવ્યતાનું ભાન મને થતું ગયું. ઠેકઠેકાણે રસ્તા પર મોટાં પૂતળાં ને સુંદર ફૂવારાઓ ઊડતા જોયા. 'ઇટલી એટલે કળાનું ધામ' ગરુડરાજ બોલ્યા: 'કળાકારોને ઉત્તેજન આપવું અને શહેરની શોભા વધારવી તે અહીંના લોકો બરાબર જાણે છે. રોમની શરૂઆતમાં તો કળા શું તે રોમનો જાણતા જ નહોતા; પણ જ્યારથી તેઓ ગ્રીસ (યુનાન)ના સંસર્ગમાં આવ્યા ત્યારથી એમને પણ કળાનો નશો ચડવા માંડ્યો. રોમે ગ્રીસને જીત્યું, પરંતુ ગ્રીક સંસ્કૃતિએ—ખાસ કરીને ગ્રીક કળાએ રોમને જીતી લીધું. પ્રખ્યાત કળાકારોની કળાથી રોમ શણગારાયું છે. માઇકલ ઍન્જેલો, રાફેલ અને ટીશિયાં એ ત્રિપુટી તો જગવિખ્યાત છે. તે ઉપરાંત અનેક કળાકારોએ રોમના સૌંદર્યમાં ફાળો આપ્યો છે. આ ત્રણ તો સોળમી સદીના કલાકારો. સત્તરમી સદીના કલાકારોમાં બર્નીની-નું નામ આગળપડતું છે. એની શિલ્પકળા પણ રોમમાં ઠેરઠેર દૃષ્ટિએ પડે છે. એણે એક ફુવારો કર્યો છે તેમાં ચાર નદીની મૂર્તિઓ છે. એ ચાર નદી તે મીસરની નાઈલ, [illegible] ડૅન્યુબ અને રીઓ પ્લાટા. [illegible] સદીમાં [illegible] રોમનો પ્રખ્યાત [illegible] કરી [illegible] ઇટલીના પ્રખ્યાત [illegible]માં [illegible]

કનોવા પૉલીનનો પૂજારી હતો. કનોવાનું ઘડેલું પૉલીન-નું વીનસ તરીકેનું પૂતળું બહુ જાણીતું છે. જેને કળાકાર બનવું હોય કે કળાનો અભ્યાસ કરવો હોય તેણે રોમની મુલાકાત અવશ્ય લેવી જ જોઇએ.'


આમ વાતો કરતાં અમારી મોટર એક ચઢાણ પર ચડી. ટોચ પર પહોંચતાં ગાડી ઊભી રહી અને અમે નીચે ઊતર્યા. ગાડી ક્યાં ઊભી રાખવી તેની સૂચના કરી ગરુડરાજે મારો હાથ ઝાલ્યો અને આગળ ચાલ્યા.

'આ પૅલેટાઇનની ટેકરી. રોમ સાત ટેકરીઓ પર વસેલું છે, તેમાંથી જૂનામાં જૂની આ. રોમનો પાયો આ જ ટેકરી પર નંખાયો હતો. તે ઉપરાંત રોમના પહેલા સમ્રાટ ઑગસ્ટસનું ઘર પણ આ ટેકરી પર હતું. કૅલીગોલા, ટાઇબીરિયસ, ડૉમીશીયન વગેરે સમ્રાટોના મહેલો પણ અહીં હતા. એનાં ખંડિયેરો અહીં આપણી બાજુમાં જણાય છે. રોમના મહાપુરુષો સીસેરો, સુલા વગેરે પણ અહીં રહેતા હતા.'

અમે ટેકરીની ધાર પર ગયા, ત્યાંથી નીચેનાં ભવ્ય ખંડિયેરોનાં દર્શન થયા. 'આઘે આઘે પેલું ગોળાકાર મકાન દેખાય છે તે કૉલીઝિયમ; આ નીચેનાં ખંડિયેરો રોમન ફૉરમનાં. રોમ વિષે જાણવું હોય તો રોમનો ઇતિહાસ જાણવો જ જોઇએ.' આટલું કહી એક બાજુ પર ઝાડની મજાની છાયા નીચે અમે બેઠા. ઉપર ભૂરું ભૂરું સ્વચ્છ આકાશ હતું. સ્વસ્થ બેઠા પછી એ પુરાણી ટેકરી પર રોમના [illegible] ઇતિહાસ [illegible] પશ્ચિમના [illegible] છે [illegible] 'Rome was not built'

in a day.' એટલે રોમ એક દિવસમાં બંધાયું નહોતું. રોમને બંધાતાં હજારો વર્ષો લાગ્યાં. એને ભવ્ય બનાવવા કેટલા દેશોની દોલત કામ આવી ! આજથી લગભગ અઢી હજાર વર્ષની જૂની વાત. આલ્બન દેશના રાજાને એના ભાઈ એમ્યુલિયસે મારી નાખ્યો. એની છોકરી ઇલિયાને વેસ્ટલ વર્જિન બનાવી. વેસ્ટલ વર્જિન એટલે વેસ્ટા દેવીની પૂજારણ. સારા કુટુંબની કન્યાઓ જ વેસ્ટા દેવીની પૂજારણ બની શકતી. એ કન્યાઓને આજીવન કૌમારવ્રત લેવું પડતું. વેસ્ટા દેવીના મંદિરમાં એક અખંડ જ્યોત બળતી. એ જ્યોત હોલવાય નહિ ને અખંડ બળતી રહે એ જોવાનું કામ આ પવિત્ર કુમારિકાઓ કરતી. વેસ્ટાની કુમારિકાઓની પવિત્રતા વિષે જરાપણ શંકા ઊભી થાય તો એમને દેહાંતદંડની શિક્ષા થતી.

ઇલિયાને પાણી ભરવા માટે દરરોજ મંગળદેવ–Mars–ના મંદિર આગળ જવું પડતું. એ કુમારિકાનું અદ્ભુત રૂપ જોઇ મંગળદેવ તેના પર મુગ્ધ થયા અને એક દિવસ મનુષ્યરૂપે પ્રગટ થઇ તેની સાથે લગ્ન કર્યાં. થોડા મહિના બાદ ઇલિયાએ એક જોડ છોકરાઓને જન્મ આપ્યો. એમ્યુલિયસને આની ખબર પડતાં, વેસ્ટાની કુમારિકા થઇ કૌમારવ્રતનો ભંગ કરવા માટે તેણે ઇલિયાને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. પરંતુ રાજપુત્રી ઍન્થોસે પોતાની પિત્રાઈ બહેન ઇલિયાને બચાવી લીધી અને એને દેહાંતદંડની શિક્ષા ન થતાં માત્ર કારાગૃહમાં નાખવામાં આવી. એના બંને બાળકોને એની પાસેથી છીનવી લેવામાં આવ્યા અને પારણા સાથે જ પૅલેટાઇનની ટેકરી નીચે આવેલી ટાઇબર નદીમાં નાખી દેવામાં આવ્યાં. પારણું ક્યાં લગી આમતેમ પાણી પર તર્યું. નદીનાં પાણી નીચે ઊતરવા લાગ્યાં ત્યાં પારણું એક ખડક પર રહી ગયું. પૅલેટાઇન પર વરુઓ ઘણાં હતાં. એક વરુમાદાએ આ બંને બાળકોને જોયાં; પરંતુ મારી નાખવાને બદલે ઊલટું પોતાનું દૂધ પાઈ ભૂખ્યાં બાળકોને શાંત કર્યાં. આ દેખાવ એમ્યુલિયસ રાજાનો મુખ્ય ભરવાડ ફૉસ્ટુલસ ત્યાંથી જતો હતો તેણે જોયો. એના અચંબાનો પાર ન રહ્યો. એણે એ બંને બાળકોને લઇ લીધાં અને પોતાની સ્ત્રી આક્કા લૅરેન્શિયાને સોંપ્યા. એ બંને બાળકો તે રોમ્યુલસ અને રૅમસ. બંને એ ભરવાડને ત્યાં જ ઊછર્યાં અને મોટા થતાં ભરવાડોના જેવા ધંધા શીખી આલ્બન



રોમ શહેરના સ્થાપક રૉમ્યુલસ અને તેના જોડિયા ભાઈ રૅમસને ધવડાવતી વરુમાદાનું શિલ્પ

રાજાને હરાવી એનું રાજ્ય તેમણે લઈ લીધું, અને પછી આ ટેકરી પર એક નાનું ચોરસ ગામ વસાવી રોમ્યુલસે રોમની સ્થાપના કરી.'

'આ વાત કંઇ ખરી હશે?' મારાથી બોલાઇ જવાયું. 'કેમ, તમારે ત્યાં પણ શિલાદિત્યની એવી જ કથા છે ને? સૂર્યદેવ એક બ્રાહ્મણ વિધવા પર મુગ્ધ થયા અને મનુષ્યનું રૂપ ધારણ કરી એની સાથે પરણ્યા. એનો છોકરો શિલાદિત્ય વલ્લભીપુરનો રાજા થયો.

રોમ્યુલસ મંગળદેવનો છોકરો. મંગળદેવ એટલે યુદ્ધ, પરાક્રમ ને સ્વતંત્રતાના દેવ. મંગળના ગુણો એમના વંશજો રોમનોમાં પણ ઊતર્યા. રોમન પ્રજા એના લડાયક ગુણો, શૌર્ય તથા પરાક્રમથી જ આગળ વધી. રોમનોનું આખું જીવન લડવામાં જ ગયું એમ કહીએ તો ચાલે. એક નાનકડા ગામ પરથી રોમ એક મહારાજ્ય બન્યું. તે વખતમાં જાણીતી દુનિયાનો મોટો ભાગ રોમનોએ કબજે કર્યો. એમના મહારાજ્યનો વિસ્તાર પશ્ચિમમાં જર્મની, ફ્રાન્સ, સ્પેન ને બ્રિટન લગી અને પૂર્વમાં ગ્રીસ, સીરિયા, પૅલેસ્ટાઇન અને આફ્રિકા લગી હતો.

ઇ.સ. પૂર્વે ૭૫૨ની સાલમાં રોમ સ્થપાયું. રોમ્યુલસને આખું રાજ્યબંધારણ નવેસરથી કરવાનું હતું. મંગળદેવના અંશજો તો સ્વાતંત્ર્યપ્રેમી. તેઓ કોઇ એક રાજાને તાબે રહેવાનું પસંદ કરે એવા નહોતા. એટલે પ્રજાને પણ રાજ્યકારભારમાં હિસ્સો આપવો પડ્યો. પ્રજામાંથી સો વડીલો (મહાજનનો) સંઘ–Senate સ્થાપવામાં આવ્યો. તે ઉપરાંત લોકોની સભા–આમ

સભા (Comitia) તો જુદી. સેનેટનું કાર્ય રાજ્યના કાયદાઓ અમલમાં મૂકવાનું તથા રાજ્યવિષયક સવાલો પર ચર્ચા કરી લોકોની સભા આગળ પોતાનો અભિપ્રાય આપવાનું હતું. લોકપ્રશ્નો પર છેવટનો નીવેડો લાવવાનું કાર્ય આમ સભાનું હતું. સેનેટના સભ્યો અને એમના વંશજો પૅટ્રીશિયન્સ કહેવાયા, જ્યારે આમ વર્ગ પ્લીબિયનના નામે ઓળખાવા લાગ્યો. આગળ જતાં આ બંને પક્ષ વચ્ચે ખૂબ જ લડાઇઓ જાગી.

રોમ્યુલસે રાજાના હાથમાં સત્તા સારી પેઠે રાખી હતી. સેનેટના સભ્યો નીમવાનું કામ રાજાનું હતું, આમની સભા બોલાવવાનો અધિકાર પણ રાજા પાસે હતો, અને મહત્ત્વના પ્રશ્નો પર રાજાનો જ મત છેવટનો ગણાતો. ધર્મની બાબતમાં પણ રાજા જ ધર્મનો વડો–Pontifex Maximus–ગણાતો.

શરૂઆતમાં રોમ્યુલસને રોમની આસપાસ વસતી જંગલી જાતો સાથે ખૂબ લડવું પડયું. એ જાતોમાં સેબાઇન નામની જાત ઠીક બળવાન હતી. રોમનો રોમમાં વસ્યા ત્યારે એમની સાથે કોઇ સ્ત્રીઓ નહોતી. એટલે તેઓ સેબાઇનની સ્ત્રીઓનું હરણ કરી લાવ્યા. આ બનાવ–rape of sabine–કળાકારોએ અમર બનાવ્યો છે. રોમનો પોતાની સ્ત્રીઓનું હરણ કરી ગયા તેથી સેબાઇનો તેમના પર ચડી આવ્યા. લડાઇ સખ્ત થઇ. આખરે સેબાઇન સ્ત્રીઓ, જેમનું હરણ થયું હતું તેમણે જ વચ્ચે પડી બંને પક્ષ—એક ભાઇ અને બાપનો તથા બીજો ધણીનો—વચ્ચે સમાધાન કરાવ્યું. ત્યારથી રોમનો અને સેબાઇનો મળી ગયા. સેબાઇન રાજા ટૅટીઅસ પણ રોમ્યુલસની સાથે મળી રાજ્ય કરવા લાગ્યો. એના મરણ પછી રોમ્યુલસ એકલો બંનેનો રાજા થયો. ધામેધામે એણે આસપાસનો લૅટિયમનો મુલક પણ કબજે કર્યો. એની સત્તા એટલી વધી કે સેનેટના કેટલાએક સભ્યોને એની અદેખાઇ આવી અને એનું છાની રીતે ખૂન કરવામાં આવ્યું.

રોમ્યુલસે સાડત્રીસ વર્ષ રાજ્ય કર્યું. એ એટલો લોકપ્રિય થઇ ગયો કે લોકોએ ક્વીરીનસ નામ આપી એને દેવ તરીકે સ્થાપ્યો એનું મંદિર જ્યાં હતું તે જગ્યા આજે ક્વીરીનલ તરીકે ઓળખાય છે, ને ત્યાં મહેલ છે તેમાં એક વખત પોપ રહેતા, આજે રાજા રહે છે.

રોમ્યુલસ પછી ઘણા રાજાઓ થઇ ગયા. ને એ રાજસત્તા બસો ચુમાલીસ વર્ષ લગી ટકી. ત્યાર પછી એક સ્ત્રીના નિમિત્તે રાજાઓનો નાશ થયો અને રોમ પ્રજાસત્તાક રાજ્ય બન્યું. છેલ્લો રાજા ટાર્કિવનસ સુપર્બસ ઘણો જ જુલમી હતો. એ પોતાના સસરાને મારીને ગાદી પર આવેલો. એ જુલમગારે બીજા પણ કેટલાયે મહાજનોનાં ખૂન કર્યાં. પ્રજા ચોવીસ વર્ષ લગી એનો જુલમ સાંખી રહી. આખરે એના પાપનો ઘડો ફૂટયો.


એ ટાર્કિવનસના પુત્ર સેક્સટસે લુક્રેશિયા નામની એક ખાનદાન કુટુંબની સ્ત્રી પર અત્યાચાર કર્યો. આ અત્યાચારની કહાણી પોતાના ધણી કૉલેટાઇનસને જણાવી પોતાના શીલની ખાતર એ રોમન સન્નારીએ છાતીમાં કટાર ભોંકી આપઘાત કર્યો. કૉલેટાઇનસની સાથે એનો મિત્ર બ્રૂટસ પણ હતો. બ્રૂટસને આ દેખાવ જોઇ ખૂબ ગુસ્સો ચડયો. એણે લુક્રેશિયાના લોહીથી ખરડાએલી કટાર લઇ સોગન લીધા કે 'આ કૃત્યનું વેર વાળું ત્યારે જ ખરો.

લુક્રેશિયાના શબને 'ફોરમ'માં લઇ ગયા ને ત્યાં બ્રૂટસે ખૂબ જુસ્સાથી ભાષણ કરી જાલિમના જુલ્મથી પ્રજાને છોડાવવા માટે લોકોને ઉશ્કેર્યાં. એકદમ સેનેટ ભરવામાં આવી. સેનેટે ટાર્કિવનસને દેશપાર કરવાનો ઠરાવ કર્યો ને રાજસત્તાને સમૂળગી નાબૂદ કરી. સેનેટના આ ઠરાવને આમસભાએ પણ મંજૂરી આપી. રાજાને ઉઠાડી સેનેટે બ્રૂટસ અને કૉલેટાઇનસને કૉન્સલ નીમ્યા. કૉન્સલોની સત્તા પણ રાજાના જેટલી જ રહી.

આ બનાવ વખતે ટાર્કિવનસ તો દૂર લડાઇમાં હતો. એણે પાછા આવવાને ઠીક ખટપટ કરી. એ ખટપટમાં બ્રૂટસના બે છોકરા તથા કૉલેટાઇનસના ભત્રીજાઓનો પણ હાથ હતો. બ્રૂટસને ખબર પડતાં કૉન્સલ તરીકે પોતે જ ન્યાયસિંહાસન પર બેઠો ને બંને છોકરાને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. કૉલેટાઇનસ એના ભત્રીજાને બચાવવા ગયો ત્યાં એને જ પદભ્રષ્ટ થવું પડયું ને રોમ છોડી દેશવટો ભોગવવો પડયો.

તેર વર્ષ લગી ટાર્કિવનસ લડયો. એટ્રુરિયાના રાજા લાર્સ પોર્સેના ટાર્કિવનસની મદદે રોમ પર ચડી આવ્યો તેને હૅારેશિયસે એકલે હાથે ટાઇબર નદીના પૂલ પર અટકાવ્યો એ વાત તો બહુ જાણીતી છે.

રોમમાંથી રાજસત્તા તો ગઇ, પરંતુ પ્રજાના બે પક્ષ પૅટ્રીશિયન અને પ્લીબિયન વચ્ચે, કોની સત્તા




રોમના આ વિહંગ-દશ્યના આગળના ભાગમાં જે મોટું ગોળ મકાન દેખાય છે તે પ્રાચીન રોમનું ભવ્ય-પ્રચંડ 'કોલોઝિયમ.' ત્યાં બાદશાહો, ઉમરાવો, નાગરિકો ને આમવર્ગની ગંજાવર મેદની ગ્લૅડીએટરોનાં દ્વંદ્વો તથા હિંસકપશુઓની સાઠમારીઓ જોતા મળતી.

વધારે તે બાબત પર સતત ઝઘડા થવા લાગ્યા. સેનેટ પૈસાદાર વર્ગની—પૅટ્રીશિયન્સની બનેલી, એટલે પૈસાના જોરે ખૂબ બળવાન બની. સેનેટે રાજ્યનો કારભાર બે કૉન્સલોને સોંપ્યો હતો. આ કૉન્સલો પૅટ્રીશિયન વર્ગમાંથી જ ચૂંટાતા. આ કારણથી પણ સેનેટની સત્તા એટલી વધી ગઇ હતી કે રોમનું રાજ્ય એક પૈસાદાર મંડળ–**oligarchy**–ચલાવતું. આ બળ સામે ટક્કર ઝીલવા પ્લીબિયનોએ આમ સભાની સત્તા વધારવા માંડી. સેનેટ કૉન્સલ નીમે તો આમ સભા ટ્રાઇબ્યુન નીમે. સેનેટ પાસે પૈસાનું જોર તો આમ સભા પાસે મનુષ્યબળ. લડાઇ વખતે લશ્કર તો પ્લીબિયન વર્ગમાંથી જ ઊભું થતું. એટલે અણીને વખતે પ્લીબિયનો સત્યાગ્રહ કરી પોતાનું ધાર્યું કરાવી લેતા. આ કારણથી આગળ જતાં પગારી લશ્કર રાખવાની પ્રથા શરૂ થઇ. એનું પરિણામ એ આવ્યું કે આ પગારી લશ્કર ધીમે-ધીમે ખૂબ બળવાન થઇ બેઠું અને એવું થઈ ગયું કે જે એનો સેનાપતિ તે જ રોમનો રાજા. રોમનું પ્રજાસત્તાક રાજ્ય એથી જ પડી ભાંગ્યું ને બાદશાહી શરૂ થઇ.

આ બંને પક્ષના ઝગડા કેટલી હદ સુધી પહોંચતા તેનો એક દાખલો આપું. કાયુસ-માર્શ્યસ નામનો એક સેનેટર ઘણો જ મિજાજી માણસ હતો. એણે વૉલ્શિયનો સામે લડી કોરિયોલાઇ જીતેલું તે ઉપરથી એ કોરિયોલેનસ તરીકે જાણીતો થયો. આ સેનેટરને કૉન્સલ બનવું હતું; પણ એના તુમાખી સ્વભાવ જોઇ પ્રજાએ એની ચૂંટણી કરી નહિ. આ ઉપરથી એ ખૂબ નિરાશ થયો અને લોકો પરનો ગુસ્સો સેનેટમાં ઉઘાડી રીતે બતાવવા લાગ્યો. લોકલાગણી પણ ખૂબ ઉશ્કેરાઇ અને કોરિયોલેનસને પ્રજા સમક્ષ એની વર્તણૂક માટે બોલાવવામાં આવ્યો. કોરિયોલેનસે પ્રજા સમક્ષ હાજર રહેવાની ના કહી, એટલે એને કેદ પકડી લાવવાનો હુકમ કર્યો. કોરિયોલેનસના પક્ષના પૅટ્રીશિયનોએ એને પકડાવા દીધો નહિ. આથી ઉશ્કેરાઇ લોકોએ આમ સભા બોલાવી. ત્યાં ટ્રાઇબ્યુનોએ કોરિયોલેનસને રાજદ્રોહી ઠરાવી દેહાંત દંડની શિક્ષા કરવાની સૂચના કરી. ટ્રાઇબ્યુનની આ સૂચના પ્રજાવર્ગને પણ જરા ભારે લાગી, એટલે કોરિયોલેનસને ફરીને હુકમ કર્યો કે સત્તાવીસ દિવસની અંદર એણે પ્રજા સમક્ષ હાજર રહી આ તહોમત સામે પોતાનો બચાવ કરવો.

આટલે સુધી વાત પહોંચી ત્યારે કૉન્સલો અને સેનેટને લાગ્યું કે આમ વર્ગનું બળ આથી વધી જશે. એટલે તેઓ વચ્ચે પડી ટ્રાઇબ્યુનોને સમજાવવા લાગ્યા કે કોઇ પણ સવાલ પહેલો સેનેટમાં ચર્ચાય અને એના



પીરસ રાજા તથા તેના હાથીઓના લશ્કર પર મેળવેલા વિજયના સ્મરણમાં રોમનોએ આ સિક્કા પાડેલા.

પર સેનેટ પોતાનો મત આપે તે પછી જ આમ સભા એને ઉપાડી શકે. ટ્રાઇબ્યુનોએ આ માનવાની ચોખ્ખી ના પાડી. આમ સભાની સત્તા પણ સેનેટના જેટલી જ છે એમ ટ્રાઇબ્યુનોની દલીલ હતી. આખરે બંને પક્ષ એ સમજૂતી પર આવ્યા કે ટ્રાઇબ્યુનોએ સેનેટ આગળ કોરિયોલેનસ સામે ફરિયાદ કરવી અને સેનેટે ઠરાવ્યું કે આ ફરિયાદનો ચુકાદો આમ સભા આપે. સેનેટના મનમાં કે પોતાનો હાથ ઉપર રહે. ટ્રાઇબ્યુનોએ આ પ્રમાણે ફરિયાદ કરી ને સેનેટે કોરિયોલેનસને આમ સભા આગળ હાજર રહેવાનો હુકમ કર્યો. આમ સભાએ તેને દેશપાર કરવાનો ઠરાવ કર્યો.

કોરિયોલેનસે એના નીચ સ્વભાવ પ્રમાણે આનું વેર વાળવાનું નક્કી કર્યું; અને જે દુશ્મનો સામે એ લડ્યો હતો તેમને જ મળી જઈ રોમ સામે લડવા નીકળ્યો. એ જબરો લડવૈયો હતો એટલે થોડા જ વખતમાં રોમ હારવાની અણી પર આવી ગયું. લોકો ગભરાયા અને એની સામે દેશપારનો હુકમ રદ કરવાની માગણી કરી. આ વખતે સેનેટ દૃઢ રહી અને એક બળવાખોર સાથે કોઇ પણ જાતની સંધિ કરવાની ચોખ્ખી ના પાડી. ગભરાએલા લોકોનો આગ્રહ એટલો બધો હતો કે તેમણે પોતાની મેળે જ થોડા પ્રતિષ્ઠિત પૅટ્રીશિયનોને એની પાસે મોકલ્યા. કોરિયોલેનસે જવાબ મોકલ્યો કે રોમ જ્યાં લગી વૉલ્શિયનો પાસેથી જીતેલો મુલક પાછો ન આપે ત્યાં લગી સંધિ થાય નહિ. આનો વિચાર કરવા તેણે ત્રીસ દિવસની મુદત આપી.

ત્રીસમે દિવસે, જવાબ ન મળતાં, કોરિયોલેનસ લશ્કર લઇ રોમની દીવાલ લગી આવી પહોંચ્યો. લોકોને તો કોઇ પણ રીતે સંધિ કરવી હતી; પણ સેનેટ અડગ રહી. આખરે રોમન સ્ત્રીઓ કોરિયોલેનસની માની સરદારી હેઠળ એ બંડખોર પાસે ગઇ. એમાં કોરિયોલેનસની સ્ત્રી પણ હતી. એ સ્ત્રીઓનાં આંસુએ રોમને બચાવી એની પ્રતિષ્ઠા જાળવી.

રોમમાં પ્રજાસત્તાક રાજ્ય દરમ્યાન આવા આંતરિક ઝઘડાઓ સતત ચાલતા હતા, તે છતાં રોમને નસીબે થોડા મહાપુરુષો એવા પાક્યા કે જેમણે અનેક દેશો પર વિજય મેળવી રોમનો પ્રભાવ જમાવ્યો. પહેલાં તો રોમની આસપાસ વસેલી જુદીજુદી જાતો જીતી રોમનોએ આખું ઇટલી સર કર્યું. આ લડાઇઓ દરમ્યાન ઇટલીને કિનારે વસેલી ટૅરેન્ટાઇન્સ નામની એક ગ્રીક જાતિએ એપીરસના રાજા પીરસને પોતાની મદદે બોલાવ્યો. તે સમયમાં પીરસ ભારે મોટો લડવૈયો ગણાતો. એ જંગી લશ્કર સાથે રોમ પર ચડી આવ્યો. એના લશ્કરમાં હાથીઓ પણ હતા. રોમનોએ કોઇ દિવસ હાથી જોયા નહોતા, એટલે શરૂઆતમાં તો એ ભયંકર પ્રાણીને જોઇ એની સામે કેમ લડવું તેની સૂઝ પડી નહિ. આથી પીરસ રોમનોને હરાવવામાં થોડો વખત તો સફળ નીવડ્યો. પણ પછી તો એની સામે પણ રોમનોએ ટક્કર ઝીલી. અને પીરસને રોમ જીતવાનો લોભ હતો તે આશા તો ફળીભૂત થઈ નહિ એટલે તે કંટાળ્યો. ત્યાં તો કાર્થેજની સામે સીસીલીએ એની મદદ માગી એટલે ઇટલી છોડી જવાનું એને બહાનું મળ્યું. પીરસની ગેરહાજરીમાં રોમનોએ હારેલો મુલક પાછો લઇ આખું ઇટલી તાબે કરી લીધું.

આ લડાઇ પત્યા પછી રોમને વર્ષો સુધી કાર્થેજ સામે લડવું પડ્યું. કાર્થેજ એટલે હાલ આફ્રિકાના ઉત્તર કિનારે જ્યાં ટ્યુનિસ છે તે પ્રદેશ. એ સમયમાં ઇજિપ્તથી માંડી જીબ્રાલ્ટર લગીનો આખો પ્રદેશ કાર્થેજના હાથમાં હતો. એ વેપારનું મોટું મથક હતું અને સાત લાખની વસ્તી વાળું એ ભવ્ય શહેર ગણાતું.

એ કાર્થેજની સામે પણ રોમનો જીત્યા. પણ જે સુલેહ કરવામાં આવી તે કાર્થેજને માટે એટલી નામોશીભરેલી હતી કે આબરૂ ખાતર પણ એને બીજી લડાઇ કર્યા સિવાય છૂટકો નહોતો. એ બીજા વિગ્રહમાં હૅનીબાલ નામના કાર્થેજિયન સરદારે રોમનોને ખૂબ હંફાવ્યા. હૅનીબાલ નાની ઉમરનો છતાં ભારે ચતુર અને શૂરવીર સેનાપતિ હતો. એણે રોમને આંગણે જ લડાઇ લઇ જવાનો નિશ્ચય કર્યો. અનેક મુશ્કેલીઓ અને હાડમારીઓ વેઠી, પીરીનીઝની ટેકરીઓ ઓળંગી, આ-



હૅનીબાલ

લ્પસની પર્વતમાળને ભેદી હૅનીબાલ ઇટલી પર ચડી આવ્યો. કાર્થેજ છોડતી વખતે એની પાસે પચાસ હજાર પાયદળ અને વીસ હજાર ઘોડેસવારોનું લશ્કર હતું. એમાંના કેટલાયે આ ચડાઇમાં ઠંડીના ભોગ થઇ, કે રસ્તાની હાડમારીને લીધે મરણ પામ્યા અને એ ઈટલી પહોંચ્યો ત્યારે એનું લશ્કર વીસ હજાર પાયદળ અને છ હજાર ઘોડેસવારનું જ રહ્યું. છતાં એક પછી લડાઇઓ થઇ તેમાં હૅનીબાલ વિજયી થયો. કાને આગળ તો રોમનોની સખત હાર થઈ. ચાલીસ હજાર રોમનો રણમાં રોળાયા. તેમાં રોમનો કૉન્સલ એઝીલસ પણ હતો. બીજા કૉન્સલ વારોને લાગ્યું કે આ જીત પછી હૅનીબાલ રોમ પર ધસારો કરશે, એટલે તે છિન્નભિન્ન થએલા લશ્કરને લઇ રોમનો બચાવ કરવા રણમાંથી નાઠો.

વખત ઘણો જ કટોકટીનો હતો. બધાને જ લાગ્યું કે રોમનું હવે આવી બન્યું તેવે સમયે રોમનોએ અડગ ધૈર્ય બતાવ્યું. લોકો પોતાની મેળે જ પોતાની ખાનગી દોલત રોમના બચાવ અર્થે જે ખર્ચ કરવો પડે તેને માટે રાજ્યને આપી આવ્યા. સત્તર વર્ષની ઉપરના બધા જ રોમનો સૈનિક તરીકે નામ નોંધાવી આવ્યા.

હૅનીબાલે પણ વિજયનો લાભ લઇ તરત જ રોમ પર કૂચ કરી હોત તો રોમનો વિનાશ થાત જ. પરંતુ એણે હાથમાં આવેલી તક ગુમાવી. રોમ પર એકદમ ધસારો કરવાને બદલે રોમથી દૂર કૅપ્પુઆમાં તેણે પડાવ નાખ્યો. કાર્થેજિયનોને વિજયનો નશો એવો ચડચો હતો કે લડવાનું કોરાણે મૂકી તેઓ મોજમજાહમાં પડ્યા.

આમ, અહીં એક બાજુ હૅનીબાલ ઈટલી સર કરી રહ્યો હતો ત્યારે બીજી બાજુ રોમન સરદાર સ્કીપીઓ સ્પેનમાં આવેલો કાર્થેજના તાબાનો મુલક જીતી લઇ રહ્યો હતો. કાર્થેજીના નામના લશ્કરી મથકને સ્કીપી-ઓએ સર કર્યું. આથી કાર્થેજને બહુ જ નુકસાન થયું.

કાર્થેજ તરફથી હૅનીબાલની કુમકે એનો ભાઇ એસ્ડુબાલ એક મોટું લશ્કર લઇ નીકળ્યો. તેને રોમન કૉન્સલ ક્લૉડિયસ નીરોએ ઓચિંતો છાપો મારી હરાવ્યો. એ લડાઇમાં એસ્ડુબાલ મરાયો. રોમન વિજય-ની નિશાની તરીકે એનું ડોકું રોમનોએ હૅનીબાલ પર મોકલી આપ્યું. કાર્થેજિયનોની હાર થઇ અને એસ્ડુબાલ મરાયો એ સમાચારથી હૅનીબાલનું લશ્કર નિરાશ થઇ ગયું અને બીજી બાજુ રોમનોના જીવમાં જીવ આવ્યો.

સ્કીપીઓ હવે સ્પેન જીતી આફ્રિકા પર હલ્લો લઇ ગયો અને છેક કાર્થેજ લગી જઇ પહોંચ્યો. કાર્થેજિયનો હવે ગભરાયા ને હૅનીબાલને ઇટલીથી બોલાવી લીધો. ઝામા આગળ મોટી લડાઈ થઇ તેમાં કાર્થેજિયનો સખ્ત હાર્યા. વીસ હજાર મરાયા ને એટલા જ કેદી બન્યા; જ્યારે રોમનો માત્ર બે હજાર મરાયા. આ યુદ્ધમાં હૅનીબાલ માંડ મરતો બચ્યો ને રણમાંથી નાઠો. કાર્થેજ જઇ એણે રોમનો સાથે સુલેહ કરવાની રાજ્યને સલાહ આપી. સ્કીપીઓએ નીચેની શરતો સાથે સુલેહનું કહેણ કબૂલ રાખ્યું. સ્પેન, સીસીલી, ઇટલી ને આફ્રિકા વચ્ચે આવેલા બધા ટાપુઓ રોમને આપવા; રોમન કેદીઓને છોડી મૂકવા; લડાઇનાં દસ વહાણ સિવાય બધાં વહાણ રોમને આપવાં; પચાસ વર્ષ લગી દસ હજાર ટૅલન્ટસ (ચલણી સિક્કા) રોમને આપવા; ને રોમની રજા સિવાય કોઇ સાથે લડાઇ કરવી નહિ. કાર્થેજને આ શરતો સ્વીકાર્યા સિવાય છૂટકો જ ન-હોતો. પણ અંતે રોમ ને કાર્થેજ વચ્ચે ઇ.સ. પૂર્વે ૧૪૬ની સાલમાં ત્રીજો વિગ્રહ શરૂ થયો તેમાં કાર્થેજ-નો સમૂળગો નાશ થયો. રોમનોએ આખું શહેર બાળીને ભસ્મ કરી નાખ્યું.

સ્કીપીઓ પાછો ફર્યો ત્યારે રોમનોએ એનો ભારે સત્કાર કર્યો. આફ્રિકા જીતવા માટે સ્કીપીઓ ઍફ્રિકૅનસ તરીકે ઇતિહાસમાં અમર થયો. આમ ઉપરાછાપરી વિજયોથી રોમનો વિસ્તાર વધવા લાગ્યો.

(ચાલુ)

હંસા મહેતા

વખાની મારી એક વિધવા-જેનાં એક ગયે બધાં ગયાં ને અંતે માનવસમાજથી વછોડાઇ

પીપળાની બહેન

બનીને રહી



એક બિચારી નિરાધાર વિધવા હતી. એક ગયે એનાં બધાં ગયાં. બાર મહિના સુધી એ વિધવા થયા બાદ પરાણે પરાણે સાસરામાં રહી. બાર મહિના પૂરા થયે એ પિયરમાં ગઇ. પિયરમાં થોડા જ મહિનામાં એ આકારી થઇ પડી. ભાઇ એના દુ:ખથી છાનો-છાનો ઘણીવાર આંસુ પાડતો, પરંતુ ભાભી આગળ એ લાચાર હતો. ભાભીનું ચલણ ઘરમાં પૂરેપૂરૂં જામ્યું હતું, એટલે ભાઇ ટુકડો રોટલો આપ્યા સિવાય બીજી કંઇ જ લાગણી જાહેરમાં બેન આગળ દર્શાવી શકતો નહિ. બહેને પેટની વરાળ કોઇ દિવસ ભાઇની આગળ કાઢી નહિ, કે ભાઇએ પોતાનું દુ:ખ બહેનને જણાવ્યું નહિ. એક જનેતાનાં બે સંતાન. નાનપણમાં સાથે રમેલાં; એક ખોળામાં ઊછરેલાં; પણ સંજોગ જ એવા કે રાંડ્યા પછી બહેન ને ભાઇ ઝાઝું બોલી જ ન શક્યાં.

બીજા બાર મહિના ગયા. બહેને જુદું ઘર લીધું. પહલુ તથા સ્ત્રીધનમાં જે કાંઇ થોડુંઘણું હતું તે વેચી-સાટીને જૂજ રકમ થઇ તેના વ્યાજમાંથી ઘર નભશે એમ ધારી એ બિચારી ભાઇના ઘરનો કલેશ દૂર કરવા જુદી રહી.

પોળોની રચના એની નીતિને રક્ષણ આપી શકી. પડોશી સારાં હતાં. એકબીજાંની નજરથી એનું શિયળ સુરક્ષિત રહ્યું હતું.

કથાવાર્તામાં એ કંઇ સમય ગાળતી; દેવદર્શન જતી. વ્રત,ઉપવાસ ને સ્નાન,પૂજાઆદિમાંજીવનનિર્ગમન કરતી.

સંસાર દુ:ખરૂપ છે એમ જ એ માનતી અને કર્મનાં ફળ ભોગવ્યા સિવાય છૂટકો નથી એમ ધારીને હવે પછીનું જીવન ધર્મધ્યાનમાં વ્યતીત કરવાથી જન્મ-મરણનાં બંધન છૂટશે એમ એને લાગતું હતું.

કોઇ શાસ્ત્રી, પુરાણી, પૂજારી કે સંતસાધુ સાથે એ કશો પરિચય કરતી નહિ. સંન્યાસી કે આચાર્ય, કથાકાર કે ઉપદેશક સૌને એ દૂરથી જ નમસ્કાર કરતી. ઘણાખરાની ચાલચલગત ને રહેણીકરણી ભાગ્યે જ સારાં હોય છે એમ એની ખાત્રી થઇ હતી.

આથી એ કથાવાર્તા, ભજનકીર્તન, પૂજાઅર્ચા ઈત્યાદિમાં વિવેકસર ભાગ લેતી, પરંતુ કદી ઊંડા પાણી-માં ઊતરવું નહિ કે ઝાઝી લપછપ કરવી નહિ એવો નિયમ રાખીને રહી હતી.

એવામાં ભાઇ ઓચિંતો ગુજરી ગયો. ફરી પાછાં મા, બાપ, ધણી બધાં જ કાલે મરી ગયાં હોય એટલું દુ:ખ એને થયું. આખા સંસારમાં હવે સમ ખાવા પણ કોઇ રહ્યું નહિ. દુ:ખથી હવે એ રીઢી થઈ હતી. છતાં બધો સંસાર એને શૂન્યકાર લાગતો હતો.

કેટલાંક માણસો દુ:ખી થવાજ જન્મ્યાં હોય છે. આ વિધવા બિચારી એવી હતી. જરા કળ વળે એટલે વળી વિધાતા કંઇક નવું ધતીંગ કાઢતો.

ભાઇ ગુજર્યા બાદ એ જરા દેવદર્શનમાં ધ્યાન આપતી થઇ હતી એટલામાં, જેને ઘેર એના પૈસા વ્યાજે મૂક્યા હતા તે શાહુકાર ભાંગ્યો. દસ લાખ રૂપિયાનું એણે દેવાળું કાઢયું. હવે આ વિધવા પાસે કંઇ જ રહ્યું નહિ. જેમાં એ રહેતી હતી તે ઘર અને એ પડોશ પણ એને છોડવાં પડ્યાં. શાહુકાર તો પડ્યો ખરો પણ આ વિધવા જેવી ઘણી સ્ત્રીઓ, ડોશીડગરાં અને અનાથ બાળકોની મિલ્કતો ડૂબાડતો ગયો. ગામમાં હાહાકાર થઇ ગયો.

કોઇ મંદિરની જગ્યામાં એક ભાંગેલી ઓરડીમાં હવે આ બાઇ રહેતી. રોજ બે વખત ભીખ માગીને એ પેટ ભરતી. ભીખ માગતાં પણ એને બિચારીને આવડતું નહોતું.

મંદિરના ફળિયામાં મોટો પીપળો હતો. જમણી બાજુ તુળસીના મોટા મોટા છોડ ઊગ્યા હતા. વિધવા એ તુળસીને રોજ પાણી પાતી. કૂવામાંથી પાણી કાઢીને રોજ નહાતી અને પીપળાના મોટા ગોળ ઓટલા પર બેઠી બેઠી ભજનો ગાતી અને માળા ફેરવતી.

ગામના વેંધ્યાટથી આ જગ્યા દૂર હતી. પોળોની ગંદકી કે ભીડ અહીં નહોતાં. હવા ખુલ્લી હતી, અને રાત્રે ખુલ્લું આકાશ, તારા અને ચાંદની બરાબર આ સ્થાનેથી જોઇ શકાતાં હતાં. ખિસકોલીઓ, ચકલીઓ, કાબરો, કાગડા અને કબૂતરો પણ અહીં આવતાં.

ભિક્ષામાંથી મળેલા થોડા દાણા એ પક્ષીઓને નાખતી; તુળસીને પાણી પાતી; અને પીપળે પણ, વિધવાઓથી પાણી નંખાતું હોય કે ન નંખાતું હોય, તોપણ એ તો રોજ ઘડોઘડો પાણી નાખતી.

માબાપનું સુખ તો સ્વપ્ન જેવું થઇ ગયું હતું. પતિને ત્યાં ભોગવેલું સુખ એ ઘણીવાર યાદ કરતી અને હૃદય ચીરાતું. ભાઇ પણ સાંભરતો. પણ હવે તો એ બધાં સંભારણાં યે ઝાંખાં થવા લાગ્યાં. આંસુ પણ સૂકાઇ ગયાં. તેમ છતાં ભાઇ ને પતિની સંવત્સરી એ ઊજવતી. તે દિવસે એ પક્ષીઓને વધારે દાણા નાખતી. પીપળાને અને તુળસીને વધારે પાણી પાતી અને નદીએ જઇને સ્નાન કરી આવતી હતી.

ભીખ માગતાં હવે એને આવડી ગઇ હતી. જ્યાં જાય ત્યાં કર્કશ કરુણ સ્વરે એક ગીત ગાતી. એ ગીત સાંભળીને ગમે તેવાં કઠણ હૃદયનાં માણસો પણ પીગળતાં. એ આખું ગીત તો હું ભૂલી ગયો છું. ગીત સાથે હાસ્ય ઉપજાવે એવું નૃત્ય પણ એ કરતી, કારણકે હવે એને ગાતાં કે નૃત્ય કરતાં શરમ નહોતી આવતી. અતિ દુઃખમાંથી એક લય અને એક તાલ એણે મેળવી લીધો હતો. મનુષ્યના સુખદુઃખના અનેક પ્રસંગો છતાં સૃષ્ટિમાં પ્રસરેલા સંગીત અને નૃત્યનો ક્વચિત્ આપણને સાક્ષાત્કાર થઇ જાય છે. ક્ષણભંગુર મૃત્યુલોકમાં એટલું યે આપણું સદ્‌ભાગ્ય છે. પેલી વિધવાના ગીતની છેલ્લી લીટીઓ નીચે પ્રમાણે હતી:

તુળસી મારી બેન,
મીઠાં તારાં વેણ;
પીપળો મારો ભાઈ,
અંતરની સગાઈ.

આ બાઇ મને મળી ત્યારે બધું તો મેં એની પાસેથી જાણી લીધું પણ એનું નામ પૂછવું ભૂલી ગયો. એનું ગીત અને નૃત્ય મેં જોયાં હતાં. એ એક લય ને એક તાલથી પણ એને જીવનભરમાં નહિ મળેલું સુખ મળતું જોઇને હું આશ્વાસન પામ્યો. ઇશ્વરની મેં સ્તુતિ કરી. તે દિવસથી એને 'પીપળાની બેન'ના નામથી ઓળખું છું.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

એક કુતરાની પ્રાર્થના

હે પ્રભુ!

હું મારા માલિક તરફ જેવો વફાદાર છું એવો કૃતજ્ઞ મારા શેઠને એના સોબતીઓ તરફ બનાવજે!

જે ભક્તિભાવથી હું એનો પડતો બોલ ઉપાડું છું એવો જ માયાળુ અને આજ્ઞાંકિત એ એના કુટુંબ અને વડીલો પ્રત્યે રહે એવી સદ્‌બુદ્ધિ એને અર્પજે!

મારી પેઠે તે પણ કપટ વિનાનો અને મોઢાની છૂટવાળો સ્પષ્ટવક્તા થાય એવી સાચાબોલા થવાની પ્રેરણા એને હરહમેશ દેજે; અને મારામાં મૂકેલા વિશ્વાસનો હું જેમ કદી ભંગ નથી કરતો એમ એ પણ સૌનો વિશ્વાસુ ને કોહારખો બને એવું આચરણ તું એનું ઘડજે!

હું મારી પૂંછડી પટપટાવીને મારા આનંદનો પરિચય આપું છું એમ એને સદા હસમુખો રાખજે, ને હોઠ ચાટીને હું વિનય ને ભલમનસાઇ દાખવું છું એમ ગૌરવ ને ભોળપ એની આંખમાં ઉતારજે!

મારી જીભમાંથી વહેતી લાળ પેઠે એનો હાથ સદા ઉદાર અને પોલો રાખજે. હું જેમ જરા યે બબડ્યા વગર કલાકોના કલાકો રાહ જોતો બેસી રહું છું એટલી શાંતિ અને ધીરજ એને બક્ષજે!

હું જેમ મારું સુખ, અને જરૂર પડચે જીવન પણ હરકોઈ પળે સમર્પણ કરવા તૈયાર રહું છું એવી તૈયારી, હિંમત અને સદા જાગૃતતા એની રગેરગમાં પ્રકટાવજે!

એના અંતઃકરણને હરહંમેશ યુવાન રાખજે ને એના અંગેઅંગમાં મારા જેવું રમતિયાળપણું વહાવજે!

અને છેવટે, મારા જેવા કુતરા પેઠે એને નમૂનેદાર મનુષ્ય બનાવી એના વહાલા કુતરા માટે એનામાં મગરૂરી અને ગૌરવનાં છાંટણાં છાંટજે!

(અંગ્રેજી ઉપરથી)

ગલબો કુતરો







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતની ફોટોગ્રાફી હરીફાઇમાં પહેલું ઈનામ 'સૃષ્ટિ-સૌંદર્ય'ના ચિત્ર માટે કોચીન (મલબાર)ના ભાઇ ઓધવજી જેરામ આસર મેળવે છે. એમના ચિત્રમાં કુદરતનાં તત્ત્વોની કુમાશ તદ્રુપતા સાથે ઊતરી છે. બીજે નંબરે આવતું 'ઘટછાંય' અથવા 'પદાર્થ છાયા' નામનું ભાઈ જગન્નાથ ગહેતા (અમદાવાદ)નું, રાત્રે દસ વાગ્યે ૪૦ કૅન્ડલ પાવરના ગ્લોબ વડે ૧૦ મિનિટ એકસ્પોઝર આપીને પાડેલું ચિત્ર. વિચારપૂર્વક કરેલા ચિત્ર-સંયોજનનો સારો નમૂનો છે. નજીવા લાગતા આકારો પણ તેમની છાયાના પ્રતાપે કેવા આકર્ષક બને છે તથા ઘાટનું સૌન્દર્ય પ્રકટ કરે છે તે એ પરથી સમજાશે. ત્રીજું ઈનામ લેનાર 'વરનું ગાડું' ચુનીભાઇ વ્યાસ (ભંડારિયા)નું ગ્રામ જીવનનું અચ્છું ચિત્ર છે. માત્ર ચિત્રનું નામ સાર્થક કરે એવી રીતે તેમાંનાં પાત્રો સ્પષ્ટ થતાં નથી. એક સારા નિબંધકારની પેઠે ફોટોગ્રાફરે પણ પોતાના વિષયનો ભાવાર્થ સચોટપણે રજુ કરે એવી સહાયક સામગ્રી ચિત્રમાં રજુ કરવી જોઇએ. સાથે વળાવીઆ હોય, છોગાળા વરરાજા તુરત નજરે ચડતા હોય અને સ્ત્રીવર્ગની ભાવભરી બેઠકો હોય તો એ ચિત્ર લોકજીવનનું એક અગત્યનું ઇતિહાસ-પૃષ્ઠ બની શકે.

બીજાં નોંધપાત્ર ચિત્રોમાં 'શણગાર' નામનું કલકત્તાના ભાઇ શંભુલાલ મણિલાલનું ચિત્ર નજર ખેંચે છે. તેમાં આંખ તથા ચહેરાના ભાવો જોવાની ઇંતેજારી છતાં નિરાશા રહે છે. સ્થળ ને બીજા પદાર્થોનું વિશેષ સ્પષ્ટીકરણ પણ બાકી રહે છે. એ જ ભાઈનાં બીજાં ચિત્રો વિષયની એકાગ્રતા વિનાનાં છે. ભાઇ પ્રભુલાલ નેણશી (જામનગર)નું 'કેંદ્રસ્થાનમાં તુલા' એ ભારેખમ નામવાળું ચિત્ર, ગાત્ર શાક વેચનાર અને લેનાર, અતિ વિરુદ્ધ ભાસતા પોશાકોવાળાં પાત્રો ને સ્થાનમાં રજુ થયું છે. દેશી બજારની રંગત તેમાં જરા પણ ઊતરી નથી. સિદ્ધપુરથી ભાઇ નટવરલાલ પીતાંબરદાસે મોકલેલું 'રેંટ'નું ચિત્ર વિશેષ પ્રકાશ અને સ્પષ્ટાંકન માગે છે. જસદણ વાળા ભાઇ રામરાવ તિકલેએ 'જલતરંગ' નામના ચિત્રમાં બતાવેલી બતકોની હાર વગેરે મોટા પ્રમાણમાં રજુ થવાની જરૂર હતી.

આ બધા ભાઇઓ તથા બીજા ઉમેદવારોને આ વિભાગમાં પ્રકટ થઇ ગએલાં અગાઉનાં ચિત્રો પર બારીકીથી નજર કરી જવાનું, તથા પોતાના પાડેલાં ચિત્રોમાં મુકાબલે કંઈક વધુ ઉપયોગી તત્ત્વો તથા વિકાસ ઊતર્યાં હોય તો જ હરીફાઇ માટે મોકલવાના પોસ્ટેજનું ખર્ચ કરવાનું સૂચવીએ છીએ.

તમારી ફિલ્મો ડેવેલપ કરવાનું તથા તેનાં પ્રિન્ટિંગ કે એન્લાર્જનું કામ કુમાર કાર્યાલય જૂજ કિંમતે કરી અપશે.

ફોટોગ્રાફી હરીફાઇને અંગેના પત્રવ્યવહાર માટે પોતાના નામઠામ વાળું ટિકિટ ચોડેલું કવર અવશ્ય મોકલવું જોઇએ.

વિજ્ઞાન અને સાહસ ગૂંથતી વાર્તાઓના વિખ્યાત ફ્રેંચ લેખક જૂલસ વર્નની નવલકથા

ભેદી ટાપુ

(ગયા અંકને અનુસંધાને ચાલુ)



કિનારા ઉપર ઘણાં પેન્ગ્વીન પક્ષીઓ તથા સીલ પ્રાણીઓ હતાં.

૧૬મી એપ્રિલે સૌ, હવે શું કરવું તે વિષે નિર્ણય કરવા બેઠા. અત્યાર સુધીમાં તેમણે ઈંટો અને વાસણો બનાવવાનું કામ કર્યું હતું. હવે તેમને ધાતુનું કામ હાથ લેવાની જરૂર હતી. અસ્ત્રશસ્ત્ર બનાવવાનાં હતાં. ઉપરાંત એક મોટું વહાણ બનાવીને બારસો માઇલ દૂર આવેલા પોમોટસ દ્વિપોમાં પહોંચવાનો પણ પ્રયત્ન કરવાનો હતો. આવું મોટું વહાણ માત્ર એકલાં લાકડાં અને પથ્થરની મદદથી બની શકે તેમ નહોતું. વહાણ બનાવવા માટેનાં ઉપયોગી ઓજારો, જેવાં કે હથોડી, કુહાડી, કરવત, રંદો એ બધાંની જરૂર હતી. બેટમાં ઘણી જગ્યાએ હાર્ડિંજે જોયું હતું કે જ્વાળામુખીના ઉત્પાતથી જાતજાતના ખનિજ પદાર્થો દેખાતા હતા, અને હજી પણ શોધખોળ કરતાં વધારે જડી આવે તેમ હતા. ચીમનીથી સાત માઇલ દૂર માંડિબલ ભૂશિર સુધી તેમણે તપાસ કરી હતી. રેતાળ પ્રદેશ અહીં જ પૂરો થતો હતો. તે પછી દેખાતી જમીન ઉપર નજર ફેરવતાં જ્વાળામુખીનાં નિશાનો સ્પષ્ટ દેખાતાં હતાં.

ઘણી ચર્ચા પછી સૌએ એમ ઠરાવ્યું કે શિયાળો તો લિંકન દ્વિપમાં જ ગાળવો. પરંતુ તે માટે ચીમની કરતાં તેમને વધારે સારા નિવાસસ્થાનની જરૂર હતી. તે સિવાય ભયંકર ઠંડીમાં ચીમનીમાં રહેવું અઘરૂં થઈ પડે તેમ હતું. દ્વિપના વાયવ્ય ભાગમાં હાર્ડિંજે અશુદ્ધ લોઢું જોયું હતું, તેને પણ શુદ્ધ કરી લેવાનું હતું. તેને ભઠ્ઠીના તાપમાં ગાળ્યા વિના તે કશા ઉપયોગમાં આવે તેવું નહોતું. અને તુરતા તુરત ઉપયોગમાં લઇ શકાય એવી તૈયાર ધાતુ આ બેટ ઉપર મળી શકે તેમ હતું જ નહિ. એટલે બધા વિચારને અંતે સૌ પ્રથમ એ ભઠ્ઠીની વ્યવસ્થા કરવી અગત્યની જણાઇ. પણ તે કેવી રીતે કરવી તેના વિચારમાં સૌ પડ્યા. થોડી વારે કાંઈ સૂઝ ન પડવાથી પેન્ક્રૉફ્ટ બોલ્યો: ‘ત્યારે

જેમાં એક અજાણ્યા ઉજ્જડ બેટ પર ઘસડાઇ આવેલા પાંચ સાહસિકો જીવનમાર્ગ ખેડે છે.

કૅપ્ટન, ભઠ્ઠીનું શું કરીશું?

કૅપ્ટન: 'તેને માટે સેઇફ્ટી બેટમાં જઇ સીલનો શિકાર કરવો પડશે. તમને તો તેમાં મજા પડશે, ખરૂં ને?'

પેન્ક્રૉફ્ટે ગીડિયન સ્પિલેટ સામે જોઇ કહ્યું: 'આ શું, સ્પિલેટ? લોઢું ગાળવા માટે સીલની શી જરૂર?'

સ્પિલેટ: 'કોણ જાણે ભાઇ; પણ સાઇરસ હાર્ડિંજ કહે છે એટલે જરૂર તો પડતી જ હોવાની!'

આ વાતચીત સાંભળવા સાઇરસ થોભ્યા નહિ. તે તો તે પહેલાં જ રવાના થઇ ગયા હતા. તરતજ સૌ સીલના શિકાર માટે તૈયાર થયા.

જોતજોતામાં સાઇરસ, સ્પિલેટ, પેન્ક્રૉફ્ટ, હર્બર્ટ અને નેબ સમુદ્રકિનારે આવી પહોંચ્યા. આ જગ્યા એવી હતી કે જ્યાંથી ઓટ વખતે ખાડીને સામે કિનારે જઇ શકાય. સૌ સામે પાર ગયા. અસંખ્ય પેંગુઇન પક્ષીઓ તેમની સામે નિર્ભયતાથી જોઇરહ્યાં હતાં. સૌના હાથમાં લાકડી હતી. ધાર્યું હોત તો કેટલાંક પેંગુઇન મારી શકાત, પણ તેઓ તો આવ્યા હતા સીલનો શિકાર કરવા. જો પેંગુઇનની પાછળ પડે તો સીલ નાસી જાય. બેટને કાંઠે જઇને જોયું તો પાણી ઉપર જાણે પથરા તરતા ન હોય એવા કાળાંકાળાં માથાં તરતાં દેખાયાં. આ બધાં સીલનાં માથાં હતાં.

પાણીમાં તેનો શિકાર કરવો સહેલ ન હતો, એટલે તેમને કિનારા ઉપર આવવા દેવાની જરૂર હતી. સીલ તરવામાં બહુ ચપળ હોય છે. સૌએ એવી યોજના કરી કે એક વાર સીલ કિનારે આવે કે પછી પાણીમાં પાછા જવાનો તેમનો માર્ગ બંધ કરી દેવો.

શિકારીઓ પથ્થરોની પાછળ સંતાઇ જઇ સીલના બહાર આવવાની રાહ જોવા લાગ્યા. કલાકેક પછી સીલનું એક ટોળું રેતીમાં રમવા આવી ચડ્યું. પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટે ચક્કર લઇ બીજી તરફ જઇ સીલનો પાણીમાં જવાનો માર્ગ બંધ કરી દીધો. સાઇરસ હાર્ડિંજ, સ્પિલેટ અને નેબ હાથમાં લાકડી લઇ પાણી અને સીલની વચ્ચે ઊભા રહ્યા. દરમ્યાનમાં પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટે લાકડીના ઘાથી બે સીલને ઠાર કર્યાં, પરંતુ બાકીનાં બધાં પાણીમાં નાસી ગયાં.


હાર્ડિંજે પેન્ક્રૉફ્ટને ખૂબ શાબાશી આપી કહ્યું, 'શાબાશ પેન્ક્રૉફ્ટ, હવે કશી ચિંતા નથી. સીલના ચામડાની ધમણ બનાવીશું ને તેનાથી લોઢું ગાળીશું.'

આખાં સીલને ઉપાડી લઇ જવાની જરા યે આવશ્યકતા નહોતી; તેમને તો ફક્ત ચામડાં જ જોઇતાં હતાં. પેન્ક્રૉફ્ટે ચામડાં ઉતારી લીધાં. એ સૂકાય એટલે ધમણ તૈયાર થઇ જાય એમ હતું.

બંને સીલનું ચામડું લઇ સૌ ચીમનીમાં આવ્યા. હવે તેને સૂકવવાની જરૂર હતી. લાકડાનું ચોકઠું તૈયાર કરી તેમાં ચામડું બરાબર જડી તડકામાં સૂકાવા મૂક્યું. સૂકાયા પછી ઝાડની છાલના રેસાથી તેને સીવી લેવામાં આવ્યું. ટૉપના ગળાના પટ્ટામાંથી બનાવેલી છરી સિવાય કાંઇ હથિયાર પાસે નહોતું, તોપણ હાર્ડિંજની આશ્ચર્ય પમાડે તેવી બુદ્ધિથી અને બીજાની સહાયથી ત્રણ દિવસમાં ધમણ તૈયાર થઈ ગઇ!

જે ઠેકાણે સાઇરસ હાર્ડિંજે કોલસા અને ખનિજ ધાતુ જોઇ હતી ત્યાં જ કારખાનું કરવાનો ઠરાવ કર્યો. આ સ્થળ ફ્રાંકલિન પહાડથી ઇશાન તરફ હતું. ચીમનીથી છ માઇલ દૂર રોજ સવારે ત્યાં જવું ને સાંજે પાછા ફરવું એ મુશ્કેલીભર્યું હતું, તેથી તે જગ્યાએ જ ઝાડપાન ને ડાળીઓની ઝૂંપડી બનાવી, કામ પૂરૂં થતાં સુધી ત્યાં રહેવાનું નક્કી કર્યું. ત્યાં રહેવાથી રાતદિવસ કામ પણ ચાલુ રાખી શકાય એ ફાયદો હતો.

આ પ્રમાણે નક્કી કરી બીજે દિવસે સવારે ધમણ લઇ સૌ રવાના થયા. જવાનો માર્ગ જેકામાર જંગલમાંથી જતો હતો. ઘોર ગંભીર ગીચ ઝાડીમાંથી માર્ગ કાઢવાનો હતો, પણ એક જોતાં તે ઠીક જ થયું. એ રીતે ફ્રાંકલિન પર્વત અને પ્રોસ્પેક્ટ હાઇટ વચ્ચેનો ભવિષ્યનો સીધો માર્ગ શોધાઇ ગયો. જંગલનો રસ્તો લાંબો હતો. આખો દિવસ આ જંગલમાં જ ગાળવો પડ્યો. એથી વનનાં પશુપક્ષીઓ, ઝાડપાન, ફળફૂલ વગેરે બધાંનું નિરીક્ષણ કરવાનો પૂરતો અવકાશ મળ્યો. હર્બર્ટ અને સ્પિલેટે તીરકામઠાંથી બે કાંગારૂનો શિકાર કર્યો. જંગલમાં ગેંડા સિવાય બીજું એક પણ હિંસક પશુ તેમને દેખાયું નહિ. સ્પિલેટે એક ઝાડ ઉપર રીંછ જેવું કૈંક જોયું, પણ પૂરતી તપાસ પછી લાગ્યું કે તે રીંછ નહિ પણ 'સ્લૉથ' નામનું પશુ હતું. આ પ્રાણી દેખાવમાં કુતરાના જેવડું હતું. તેના શરીર ઉપર સીધાં રૂંવાટાં હતાં ને પગે લાંબા લાંબા નખ હતા. નખ વડે તે ઝાડની ડાળમાં નહોર ભરાવી ઉપર ચડીને આરામથી ફળફૂલ ખાય તેવી કુદરતી તેને બક્ષિસ હતી.



કાંગારૂ

સાંજે પાંચ વાગ્યે સૌ ફ્રાંકિલન પર્વતની તળેટીમાં આવી પહોંચ્યા. અહીંથી લગભગ સો ફૂટને અંતરે રાતી માટોડીવાળું ઝરણું હતું, એટલે ચોખ્ખું પાણી અહીં સહેજે મળી શકે તેમ હતું. અહીં ડાળપાન ને વેલાનું સુંદર ઝૂંપડું બનાવ્યું. સાંજનું ખાણું લીધા પછી સૌ સૂઇ ગયા. એક જણ તાપણું ચાલુ રાખવા જાગૃત રહ્યો.

બીજે દિવસે, ૨૧મી એપ્રિલે સાઇરસ હાર્ડિંજ હર્બર્ટને લઇને જ્યાં ખનિજ લોઢાનો નમૂનો મળ્યો હતો ત્યાં ગયા. જઇને જોયું તો પથ્થર ઉપર જ લોઢાનો જામી ગએલો રસ દેખાતો હતો. કોલસા પણ સહેજે મળી ગયા. તરત જ ભઠ્ઠી તૈયાર કરી અંદર ધમણનું મોઢું ચડાવી તે માટીથી પૂરી દેવામાં આવ્યું. ધમણના જોસથી અગ્નિ પૂર જોસમાં સળગવા લાગ્યો. આ રીતે ખૂબ મહેનત કર્યા પછી અને કેટલીક યુક્તિઓ પછી હાર્ડિંજે શુદ્ધ લોઢું બનાવ્યું. આ લોઢામાંથી કુહાડી, કોદાળી, હથોડી વગેરે જાતજાતનાં હથિયારો તૈયાર કર્યાં. નેબ અને પેન્ક્રૉફ્ટના આનંદનો તો પાર જ ન રહ્યો!

પણ હજી પોલાદ બનાવવું બાકી હતું. લોઢું અને કોલસો મેળવીને તે બનાવી શકાય. લોઢામાં કોલસાનો ભાગ ઓછો હોય તો કોલસો મેળવવો જોઇએ, વધારે હોય તો ઓછો કરવો જોઇએ; નહિતર પોલાદ ન બને. હાર્ડિંજના સખત પરિશ્રમે પોલાદ પણ તૈયાર થયું. છેવટે પાંચમી મેને દિવસે હથિયાર બનાવવાનું કામ ખતમ કરી દ્વિપવાસીઓ ચીમનીમાં પાછા આવ્યા. પણ હજુ તો બીજાં ઘણાં નવાં નવાં કામો કરવાનાં હતાં.

મે માસના પહેલા અઠવાડિયામાં જ આકાશ ધુમ્મસથી છવાવા લાગ્યું અને હવે ઠંડી જલદી આવી પહોંચશે એમ થયું. એટલે તેને માટે તૈયાર રહેવાની જરૂર હતી. ટાઢને તો હજી વિલંબ હતો પણ વર્ષાઋતુ તો લગભગ આવી જ હતી. બેટ મહાસાગરમાં અંતરિયાળ ને એકલ હતો અને વરસાદ કે પવનના તોફાનમાં સલામતીથી રહેવા માટે ક્યાં યે જગ્યા નહોતી. અત્યારથી જ પવનના તોફાન અને વરસાદ પડવાની આગાહી થતી હતી, એટલે તરત ચેતી જઇને ચીમની કરતાં વધારે નિર્ભય સ્થાનનો આશ્રય લેવાની જરૂર હતી. આ પહેલાં પવનની ઝડી વખતે ચીમનીમાં કેવી દુર્દશા થઇ હતી તે સૌને યાદ હતું, તેથી વિલંબ કર્યે હવે ચાલે તેમ નહોતું.

સાઇરસ હાર્ડિંજે કહ્યું: 'સારી જગ્યાની તો તપાસ આપણે કરીશું જ, પરંતુ તે સિવાય પણ કેટલીક બાબતોમાં અત્યારથી જ સાવચેત રહેવું પડશે.'

સ્પિલેટ: 'સાવચેત કેમ રહેવું પડશે? બેટમાં અન્ય લોકોની તો વસ્તી છે જ નહિ.'

હાર્ડિંજ: 'લોકોની વસ્તી હોય કે ન હોય, પરંતુ હિંસક પશુઓની વસ્તી તો છે જ. બેટની આપણે હજી પૂરેપૂરી તપાસ કરી લીધી નથી. વળી આ બેટ મહાસાગરમાં એવી જગ્યાએ આવેલો છે કે કદાચ અહીંયાં ચાંચિયાઓ પણ આશ્રય લેવા આવતા હોય.'

હર્બર્ટ આશ્ચર્યથી બોલી ઊ[illegible] 'કિનારાથી આટલે દૂર આ દ્વિપ છે તોપણ ચાંચિયાઓ આવે?'

હાર્ડિંજ: 'હા હર્બર્ટ, ચાંચિયાઓ તો બહુ સાહસિક હોય છે. એમને વિષે કાંઇ જ આશ્ચર્ય પામવા જેવું નથી. આપણે સાવચેત રહેવું એ આપણો ધર્મ છે.'

પેન્ક્રૉફ્ટ: 'ભલે, આપણે બેપગાં ને ચોપગાં બંને જાતનાં હિંસક પશુઓથી સાવચેત રહીશું; પણ મને લાગે છે કૅપ્ટન, કે આપણે બેટનો ખૂણેખાંચરો બધી જગ્યાઓ શોધી લઇએ ને પછી જ રહેવાની એક જગ્યા નક્કી કરીએ તો સારૂં.'

સ્પિલેટ: 'બરાબર છે. કદાચ સરોવરની પેલી પાર મનપસંદ એકાદ ગુફા પણ મળી આવે.'

હાર્ડિંજ: 'એ બધું બરાબર, પણ રહેવાની જગ્યા પાણીની પાસે જ જોઇએ. ફ્રાંકિલન પહાડ ઉપરથી પશ્ચિમ તરફ નદી કે તળાવ કશું દેખાતું નથી. અહીં આપણે મર્સી નદી અને લેક ગ્રાન્ટની વચ્ચે છીએ તેથી પાણીની ચિંતા નથી. અને પવનના તોફાનમાં

પણ આ સ્થળે જ પવનનું જોર થોડું લાગશે.'

પેન્ક્રૉફ્ટ: 'તો તો આપણે ગ્રાન્ટ સરોવર ઉપર જ ઘર બનાવીએ. હવે તો આપણી પાસે હથિયાર, ઈંટો વગેરે બધાં સાધનો છે.'

હાર્ડિંગ: 'તે બરાબર છે. પણ ઘર બનાવતાં ખૂબ તકલિફ પડશે. તેના કરતાં તો કોઇ સ્વાભાવિક ગુફા મળી જાય તો વધારે સારૂં. એથી બેટની બહારના ને અંદરના બધા શત્રુઓથી રક્ષણ થઈ શકશે.'

સ્પિલેટ: 'પણ આપણે પહાડમાં ક્યાં ઓછી તપાસ કરી છે? ક્યાંયે ગુફા તો શું પણ એકાદ ફાટ સરખી પણ દેખાઇ નથી.'

પેન્ક્રૉફ્ટ: 'પહાડને મથાળે થોડે ઊંચે જ્યાં કશી મુશ્કેલી હોવાનો સંભવ ન હોય તેવી જગ્યાએ પથ્થર કોતરીને ઘર બનાવ્યું હોય તો ખાસ્સી મજા આવે! સમુદ્ર તરફ ચાર પાંચ ઓરડી હોય ને . . . .'

હર્બર્ટે હસતાં હસતાં કહ્યું: '....ને એને બારીઓ પણ હોય, જેમાંથી અંદર જોઇતો પ્રકાશ આવે.'

પેન્ક્રૉફ્ટ: 'મારી મશ્કરી કરે છે, કેમ? તે શું બની શકે તેવું નથી? આપણી પાસે કોદાળી છે, કુહાડી છે; ને હાર્ડિંગ ધારે તો તરત દારૂ પણ બનાવી ન શકે? દારૂથી પથ્થરને ઉડાડી દેતાં શી વાર?'

હાર્ડિંજે સૌની વાત સાંભળી લીધી. દારૂથી પણ આ મજબૂત ગ્રેનાઇટ પથ્થરને ઉડાડવો સહેલો નહોતો. તેણે એક પણ વાતનો જવાબ ન આપ્યો. માત્ર એટલું જ કહ્યું, 'નદીના મુખથી તે પહાડની તળેટી સુધી ફરી વાર આપણે ખુબ બારીકાઇથી તપાસ કરવી પડશે.'

તરત જ સૌ બહાર નીકળી પડ્યા. લગભગ બે માઇલમાં તપાસ કરી, પણ ક્યાંયે ગુફા દેખાઇ નહિ. હવે સૌને લાગ્યું કે પેન્ક્રૉફ્ટે તૈયાર કરેલી ચીમની સિવાય વસવા લાયક બીજું એક્કેય સ્થાન નહોતું.

પર્વતને ઉત્તર ખૂણે આવતાં તપાસનું કામ પૂરૂં થયું. આ સ્થળે પર્વતનો ભાગ ઢળતો થઇને સમુદ્ર-કિનારાને મળી ગયો હતો. હાર્ડિંજે વિચાર્યું હતું કે સરોવરનું વધારાનું પાણી આ બાજુથી વહી જતું હોવું જોઇએ. રેડ ક્રીકનું પાણી તો સરોવરમાં જ પડે છે, તેથી સરોવરના વધારાના પાણીને કોઈ પણ રસ્તેથી બહાર તો નીકળવું જ પડે. પ્રોસપેક્ટ હાઈટની પશ્ચિમે નદીના મુખથી અહીં સુધી કોઇ પણ જગ્યાએ આ પાણીને નીકળવાનો માર્ગ હજુ સુધી દેખાતો નહોતો.

હવે પર્વતના ઢળતા ભાગની બાજુએથી ઉપર ચડી સૌ પ્રોસ્પેક્ટ હાઇટને રસ્તેથી ચીમની તરફ આવવા નીકળ્યા. માર્ગમાં સરોવરના ઉત્તર અને પૂર્વ કિનારાની પણ તપાસ કરી લેવાની હતી. વૃક્ષોની અંદરથી સૂર્યનાં કિરણો પાણીમાં પડતાં હતાં તેથી પાણી ચળકાટ મારતું હતું. તે વખતનો દેખાવ મનોહર હતો. આ સુંદર દૃશ્ય જોતા સૌ ચાલ્યા જતા હતા ત્યાં ટૉપ એકાએક જોસથી ભસવા લાગ્યો. એ શા માટે ભસે છે તે જોવા નેબ આગળ આવ્યો, ને જુએ છે તો ટૉપની સામે ૧૪-૧૫ ફૂટનો લાંબો સાપ ફેણ માંડી ફૂંફાડા કરી રહ્યો હતો. નેબના હાથમાં મોટી લાકડી હતી. તેના એક જ ઘાથી તેણે સાપને પૂરો કર્યો.

ફરતા ફરતા સૌ, રેડ ક્રીક જ્યાં આવીને સરોવરને મળતી હતી તે જગ્યાએ આવી પહોંચ્યા. સાઈરસ હાર્ડિંજે જોયું કે નદીનું પાણી પુષ્કળ પ્રમાણમાં સરોવરમાં પડતું હતું. તેણે ચોક્કસ જોયું કે આટલા બધા પાણીને બહાર નીકળવાનો કોઇ માર્ગ હોવો જ જોઇએ, અને જ્યાંથી આ પાણી નીકળતું હશે ત્યાં જરૂર ધોધ પડતો હશે જો આ ધોધનો પત્તો લાગે તો તેને ઉપયોગમાં લઈ શકાય. એ બીજી—અને મોટી લાલચ ઊભી થઇ.

એટલે હવે સૌ ધોધની શોધમાં સરોવરને કિનારે-કિનારે જ ચાલતા હતા. સરોવરમાં જાતજાતનાં માછલાં-ઓ આમતેમ ફરતાં દેખાતાં હતાં. પેન્ક્રૉફ્ટે એક જાળ બનાવી માછલાં પકડવાનો વિચાર ઘડી રાખ્યો.

સરોવરને ઇશાન ખૂણે આવતાં સૌને એમ લાગ્યું કે આ જગ્યાએ જ પાણીને બહાર જવાનો માર્ગ હોવો જોઇએ, કારણ તે સ્થળે સરોવરનો કાંઠો પર્વતના સપાટ ભાગ સાથે મળી જતો હતો. છતાં ત્યાં પણ પાણીને બહાર જવાના માર્ગનું નામનિશાન દેખાયું નહિ.

ત્યાંથી સૌ પૂર્વ કિનારે ચાલ્યા, અને હવે થોડી વારે તો જ્યાંથી નીકળ્યા હતા તે સ્થાન પર પહોંચી જવાય એવું હતું. સરોવરમાંથી કોઇ સ્થળેથી પાણીને બહાર નીકળવાનો માર્ગ ન જોવાથી હાર્ડિંજના આશ્ચર્યનો પાર ન રહ્યો.

અત્યાર સુધી ટૉપ તો શાંતિથી ચાલ્યે જતો હતો, પણ અહીં આવતાં એકદમ તે ચંચળ થઇ ગયો. ઘડીક આગળ જાય, ઘડીક પાછળ જાય, ઘડીક ઊભો રહે અને

પાણીની સામે જોઇને ભયંકર બૂમ પાડે! સૌને નવાઈ લાગી કે ટૉપ આમ કેમ કરતો હશે! પાણી સામે નજર કરી, પણ કશું કારણ દેખાયું નહિ. ત્યાં તો ટૉપ એકદમ પાણીમાં જ કૂદી પડ્યો!

હાર્ડિંજને ટૉપની ચિંતા થઇ પડી. તે બોલી ઊઠ્યા: 'જરૂર પાણીમાં ટૉપે કોઇ પ્રાણી જોયું લાગે છે!'

હર્બર્ટ: 'કદાચ મગર જોયા હશે?'

હાર્ડિંજ: 'મગર અહીં ક્યાંથી આવે? લિંકન દ્વિપ જેવી જગ્યામાં મગર હોય એ અસંભવિત છે.'

એટલામાં તો ટૉપ પાણીની બહાર આવ્યો અને બહાર નીકળ્યા છતાં પાછો દોડાદોડી કરવા લાગ્યો. પાણીમાં તો જાણે કોઈ અદશ્ય પ્રાણીને ધ્યાનમાં રાખીને તે દોડાદોડ ન કરતો હોય! પણ પાણી ઉપર કાંઈ દેખાતું નહોતું. ઉપરનો દેખાવ એકદમ શાંત હતો. મોજાં પણ નહોતાં. ગમેતેમ હોય, ટૉપની દોડધામ આશ્ચર્ય ઉપજાવે તેવી હતી! પણ કોઇ કાંઇ સમજી શક્યું નહિ.

અરધા કલાક પછી સૌ પ્રોસ્પેક્ટ હાઇટ ઉપર સરોવરને અગ્નિ ખૂણે આવી પહોંચ્યા. અહીં તપાસનું કામ પૂરું થયું. છતાં કોઇ સ્થળે પાણીને બહાર જવાનો માર્ગ દેખાયો નહિ. હાર્ડિંજ એથી ભારે આશ્ચર્ય પામ્યા. હાર્ડિંજે ફરી કહ્યું: 'ગમે તેમ પણ પાણીનો બહાર નીકળવાનો માર્ગ તો હોવો જ જોઇએ. આટલી તપાસ કરતા પણ તેનો પત્તો લાગ્યો નહિ તેથી એમ જ માનવાનું મન થાય છે કે સરોવરનું વધારાનું પાણી ગ્રેનાઇટ પર્વતમાં થઇને પશ્ચિમ તરફ સમુદ્રને મળતું હોવું જોઇએ.'

સ્પિલેટ: 'કદાચ એમ પણ હોય; પરંતુ તે જાણવાની તમે આટલી બધી આતુરતા શા માટે રાખો છો?'

હાર્ડિંજ: 'આતુરતા એટલા માટે રાખું છું કે જો પર્વતમાં થઇને પાણી બહાર જતું હોય તો એનો અર્થ એ થયો કે તેમાં એકાદ ગુફા હોવી જોઇએ, જે વાટે પાણી બહાર નીકળતું હોય. અને જો એ કલ્પના સાચી ઠરે તો પાણીના એ વેગને બીજી તરફ વાળી દેતાં એ ગુફાને આપણે સુંદર મકાનના રૂપમાં ફેરવી શકીએ.'

ફરી સૌ આવ્યા હતા તે રસ્તે પાછા ફર્યા. સરોવરને પૂર્વ કિનારે પહોંચતાં ટૉપ પાછો ચંચળ થઈ ગયો ને થોડી વાર જોસથી ભસ્યા પછી વળી પાણીમાં કૂદી પડ્યો.

તરત સૌ કિનારે દોડી ગયા. ટૉપ કિનારાથી વીસેક ફૂટ દૂર ચાલ્યો ગયો હતો. હાર્ડિંજ તેને પાછો બોલાવવાનો વિચાર કરતા હતા ત્યાં પાણીમાં એક મોટું માથું તરતું દેખાયું. પાણી ત્યાં બહુ ઊંડું નહોતું.

હર્બર્ટ માથું જોતાં જ ઓળખી શક્યો કે તે ડુગોંગ નામની જબરી માછલી છે. ડુગોંગ ટૉપની પાછળ પડી. ટૉપ પ્રાણ બચાવવા કિનારા તરફ નાઠો, પણ ત્યાં તો તેને પકડીને ડુગોંગ પાણીમાં અદશ્ય થઇ ગઇ.

થોડી વારે સૌને લાગ્યું કે પાણીમાં જબરી લડાઇ ચાલી રહી છે. તે જગ્યાએ પાણી ચકરી ખાતું હતું. એકાએક ટૉપ ઉપર આવ્યો. ઉપર આવ્યો એમ નહિ, પણ જાણે કોઇ અદશ્ય શક્તિએ તેને ઉપર ફેંક્યો હોય તેમ લગભગ દસ ફૂટ ઊંચો ઊછળીને પાણી ઉપર પછડાયો ને ત્યાંથી તરી કાંઠે આવી પહોંચ્યો. આટલી લડાઇ ચાલેલી છતાં તેના શરીર ઉપર કોઈ જાતનો ઘા પડેલો નહોતો, તેમ બીજું કશું નિશાન પણ નહોતું.

હાર્ડિંજ અને તેના સાથીઓ આ ચમત્કારિક બનાવનો ભેદ ઉકેલી શક્યા નહિ. વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે પાણીમાં હજી લડાઇ તો ચાલુ જ હતી! કદાચ અન્ય કોઇ ભયંકર પ્રાણી આવી પડવાથી ડુગોંગે ટૉપને છોડી દીધો હોય અને પોતાના પ્રાણ બચાવવાની પંચાતમાં પડી હોય. ધીમે ધીમે પાણીનો રંગ લાલ થવા લાગ્યો અને થોડીવારે ડુગોંગનું મૃત શરીર પાણી ઉપર તરી આવ્યું. હાર્ડિંજ અને તેના સાથીઓ તે જોવા દોડી ગયા. ડુગોંગના ગળા ઉપર ભયંકર જખમ પડ્યો હતો; જાણે કોઇએ તીક્ષ્ણ ધારવાળું અસ્ત્ર ન માર્યું હોય!

'આવડા મોટા પ્રાણીને આવી રીતે કોણે માર્યું હશે? તે જનાવર હશે?' પણ આનો જવાબ કોણ આપે?

આ અદ્ભુત બનાવ પર વિચાર કરતા સૌ ચીમનીમાં પાછા આવ્યા.

૭મી મેએ હાર્ડિંજ ને સ્પિલેટ પ્રોસ્પેક્ટ હાઇટ ઉપર ચડ્યા; હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ નદીને કિનારે લાકડાં લેવા ગયા; અને નેબ ચીમનીમાં રહી રસોઇ કરવા લાગ્યો.

એન્જિનિયર ને રીપોર્ટર જ્યાં ડુગોંગનું મૃત શરીર પડ્યું હતું ત્યાં આવ્યા. હાર્ડિંજ તો આગલે દિવસે બનેલા બનાવ પર જ વિચાર કરતા હતા: 'કયા ભયંકર પ્રાણીએ ડુગોંગને આવો ભયંકર જખમ કર્યો હશે?'

સ્પિલેટ: 'સરોવરના પાણીમાં શંકા ઉપજાવે તેવું

તો કાંઇ દેખાતું નથી.'

હાર્ડિંજ: 'ના, એવું દેખાતું તો નથી. પણ કાલના બનાવ પછી તો બુદ્ધિ પણ કામ નથી કરતી.'

સ્પિલેટ: 'ખરેખર એમ જ છે. ડુગૉંગનો જખમ અદ્‌ભુત છે. વળી કઇ અદૃશ્ય શક્તિએ ટૉપને આવી રીતે ઉપર ફેંક્યો એ પણ અજબ જેવું છે!'

હાર્ડિંજ: 'બનાવો બધા એવા જ બને છે કે આશ્ચર્યમાં ગરક કરી દે. હું પોતે જ કેવી રીતે બચ્યો? સમુદ્રનાં પ્રચંડ મોજાંઓમાંથી મને બહાર લાવી ગુફામાં કોણ પહોંચાડી ગયું? બધું જ આશ્ચર્યકારક છે! પણ એની શોધ કોઇક દિવસ કરવી તો પડશે જ.'

સરોવરની પાસે જઇ હાર્ડિંજે જોયું કે પાણી ખૂબ જોશમાં વહેતું હતું. એક લાકડાનો કટકો નાખીને જોયું તો પ્રવાહ દક્ષિણ તરફ જતો હતો. તેને આધારે બંને જણ સરોવરની દક્ષિણ બાજુએ ચાલ્યા.

ત્યાં જઇને જોયું તો એક જગ્યાએ પાણી નીચે દાળ પડતું થતું જતું હતું અને ત્યાં જબરી ઘૂમરી ખાતું હતું. જાણે નીચેથી ક્યાંકથી બહાર ન નીકળી જતું હોય! હાર્ડિંજે વાંકા વળી ભોંયે કાન દઇ સાંભળી જોયું તો જાણે પાણી પડતું હોય તેવો અવાજ સંભળાતો હતો. તરત જ તે બોલી ઊઠ્યા: 'સ્પિલેટ, અહીંથી જ પાણી બહાર જાય છે. અહીંથી ગ્રેનાઇટ પહાડની અંદર માર્ગ કરી પાણી સમુદ્રને મળે છે. આ ગુફાને આપણે ઉપયોગમાં લઇ શકીશું. હવે હું ગુફામાં પાણી ન જાય તેમ કરી દઇશ.'

હાર્ડિંજે ઝાડની એક લાંબી ડાળખી કાપી તળાવની જે બાજુએ પાણી ઘૂમરી ખાતું હતું ત્યાં ડૂબાડી જોઇ. આશરે એક ફૂટની ઊંડાઇએ ગુફા જેવું લાગ્યું. ત્યાં પાણીનું એટલું બધું તાણ હતું કે હાર્ડિંજના હાથમાંથી ડાળખી ખેંચાઇ ગઇ.

હાર્ડિંજ બોલ્યા: 'અહીંથી જ પાણી બહાર જાય છે. આ માર્ગને હવે કોઇપણ રીતે અટકાવવો જોઇએ.'

સ્પિલેટ: 'તે કેવી રીતે બનશે?'

હાર્ડિંજ: 'સરોવરના પાણીને ત્રણ ફૂટ નીચું ઉતારીને. પાણી ઊંડું ઊતરશે એટલે ગુફાનું મોં દેખાશે.'

સ્પિલેટ: 'પણ આવડા મોટા સરોવરનું આટલું બધું પાણી નીચે ઉતારશો કેવી રીતે?'

હાર્ડિંજ: 'વધારે મોટો બીજો રસ્તો કરીને.'

સ્પિલેટ: 'તે ક્યાં કરશો?'

હાર્ડિંજ: 'સરોવરનો જે કિનારો સમુદ્રની વધારેમાં વધારે નજીક હશે ત્યાં.'

સ્પિલેટ: 'પણ ત્યાં તો એકલો ગ્રેનાઇટ જ છે.'

હાર્ડિંજ: 'એ ગ્રેનાઇટ પથ્થરને ઉડાડી દેશું. ત્યારે જ તે રસ્તેથી પાણી બહાર જશે. અને પછી પાણી ઓછું થશે કે તરત ગુફા દેખાશે.'

હાર્ડિંજની શક્તિ પર સૌને શ્રદ્ધા હતી. સ્પિલેટને લાગ્યું કે હાર્ડિંજ આગળ કશું અશક્ય નથી. પણ આવો મજબૂત ગ્રેનાઇટ દારૂ વિના તોડવો મુશ્કેલ હતો.

બંને ચીમનીમાં પાછા આવ્યા ત્યારે હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટ પણ લાકડાંનો ત્રાપો ભરી પાછા આવ્યા હતા.

પેન્ક્રૉફ્ટે હસતાંહસતાં કહ્યું: 'કૅપ્ટન, કડિયારાનું કામ તો પૂરૂં કર્યું. હવે ઇજનેરી કામની ક્યારે જરૂર પડશે?'

હાર્ડિંજ: 'ના પેન્ક્રૉફ્ટ, ઇજનેરીની જરૂર નથી; હવે તો રસાયણશાસ્ત્રીનું કામ કરવું પડશે.'

પેન્ક્રૉફ્ટ: 'વળી કેવી રીતે?'

સ્પિલેટ: 'આ બેટને જ ઉડાડી દેવાનો છે!'

પેન્ક્રૉફ્ટ: આશ્ચર્યથી બોલી ઊઠ્યો: 'આખો બેટ?'

સ્પિલેટ: 'આખો નહિ પણ તેનો થોડોક ભાગ.'

સાઇરસે સૌને પોતાનો વિચાર સંભળાવી દીધો. પછી કહ્યું: 'માત્ર દારૂથી આ સખત ગ્રેનાઇટ પથ્થર તૂટશે નહિ. બીજી પણ એકાદ પ્રસ્ફોટક વસ્તુ—જેને આઘાત લાગતાં જ ફૂટે ને પથ્થરના ચૂરેચૂરા ઉડાડી દે એવી—તૈયાર કરી લેવી પડશે. જે ખનિજ પદાર્થોમાંથી આવાં સ્ફોટક દ્રવ્યો તૈયાર થાય છે, તે તો પ્રભુકૃપાથી ને ભૂતકાળમાં થએલા જ્વાળામુખીના ઉત્પાતથી અહીં મળી રહેશે. તેનો નમૂનો મને મળ્યો છે. એનાથી ગ્રેનાઇટ પથ્થરને ઉડાડી દેશું. પછી જે ગુફામાંથી સરોવરનું વધારાનું પાણી બહાર નીકળી જાય છે તેને ખાલી કરી સૂકવી શકીએ તો તે રહેવાની સુંદર અને વળી તદ્દન નિર્ભય જગ્યા બની જશે. એ ગુફાને પણ સૂકવવા માટે પાણી બીજે રસ્તે નીકળી જાય તેવો માર્ગ કરી દેવો પડશે.'

હાર્ડિંજે નેબ અને પેન્ક્રૉફ્ટને ડુગૉંગની ચરબી લેવા મોકલ્યા અને પોતે સ્પિલેટ તથા હર્બર્ટને લઇને કોલસાની ખાણો તરફ ચાલ્યા, જ્યાં તેમણે પથ્થરમાં ખનિજ વસ્તુઓ જોઇ હતી. આ પથ્થરોને ચીમનીમાં

લાગીને સાંજ પહેલાં તો કેટલાય મણ પથ્થરનો ઢગલો ત્યાં કરી દીધો. આ બધા પથ્થરોમાં ઘણી જાતની ધાતુઓ રહેલી હતી. સૌથી વધારે ભાગ તો લોઢા સાથેનો મળેલા ગંધક---સલ્ફેટ ઑફ આયર્ન—નો હતો. હાર્ડિંજે આ પથ્થરોને ભઠ્ઠીમાં નાખીને તેમાંથી બંને તત્ત્વો જુદાં કર્યાં અને ચોખ્ખો સલ્ફેટ ઑફ આયર્ન—હીરાકસી—તૈયાર કરી. આ સલ્ફેટ ઑફ આયર્નમાંથી હવે સલ્ફ્યુરિક ઍસિડ (ગંધકનો તેજાબ) બનાવવાનો હતો. આ ઍસિડ મળે તો બત્તી થઇ શકે, ચામડાં કેળવી શકાય અને બીજાં પણ ઘણાં કામમાં આવે. પણ અત્યારે તો હાર્ડિંજે તેનો બીજો જ ઉપયોગ કર્યો.

નેબ અને પેન્ક્રૉફ્ટ ડુગૉંગની ચરબી લઇ આવ્યા હતા, તેમાંથી ગ્લિસરાઇન બનાવવાનું હતું. સામૂહિક ઝાડપાનને બાળીને સોડા બનાવ્યો. આ સોડાનો સાબુ કર્યો અને ચરબીમાંથી હાર્ડિંજે ગ્લિસરાઇન તૈયાર કર્યું.

હવે સુરોખાર સોડા સૉલ્ટપીટરની જરૂર હતી અને તે સુરોખાર સદ્દભાગ્યે હર્બર્ટે માઉન્ટ ફ્રાંકલિનની નીચે જ જવખાર જોયો હતો, તેને જરા શુદ્ધ કરી લેવાનો હતો.

સલ્ફેટ ઑફ આયર્નમાંથી હાર્ડિંજે ગંધકનો તેજાબ તો કાઢ્યો હતો. આ તેજાબ અને જવખારથી એઝોટીક ઍસિડ તૈયાર થયો. તેની સાથે ગ્લિસરાઇન તથા કેટલોક ચીકણો અને પીળા રંગનો પદાર્થ મેળવ્યો અને પછી તેને એક માટીની બાટલીમાં ભરીને હાર્ડિંજે કહ્યું, 'જુઓ, આ નાઇટ્રો ગ્લિસરાઇન બનાવ્યું છે. આનાથી ગ્રેનાઇટ પથ્થરના ચૂરેચૂરા ઉડાડી દઇ શકાશે.

પેન્ક્રૉફ્ટ તો આશ્ચર્ય પામીને જ જોઇ રહ્યો: ' આવા સાધારણ પદાર્થથી ગ્રેનાઇટ પથ્થરના ચૂરેચૂરા થશે? એ ક્યારે જોવાનું મળશે કૅપ્ટન?'

હાર્ડિંજ: ' કાલે. પહેલાં તો થોડું ખોદકામ કરવું પડશે. ત્યાર પછી જે થાય તે જોયા કરજો.'


બીજે દિવસે ૨૧મી મેની સવારે સૌ ગ્રાન્ટ સરોવરને પૂર્વ કિનારે, સમુદ્રથી પાંચસો ફૂટ દૂર ગયા. આ જગ્યાએ ગ્રેનાઇટ પથ્થરનો ભાગ સમુદ્ર તરફ ઢળતો હતો. વચ્ચે સરોવરનો ગ્રેનાઇટનો કાંઠો હતો. આ ભાગને જ તોડી પાડવાનો હતો. વચલો ખડક ઉડાડી દેવાય તો ત્યાંથી પાણી સીધું સમુદ્રને મળે તેમ હતું.

સાઇરસ હાર્ડિંજને કહેલે સ્થળે પેન્ક્રૉફ્ટે એક ખાડો ખોદવો શરૂ કર્યો. પેન્ક્રૉફ્ટ થાકે ત્યારે નેબ ને તે થાકે ત્યારે હર્બર્ટ એમ વારાફરતી ખોદતાં સાંજે ચારેક વાગ્યે ખાડો ખોદાઇ રહ્યો. આ ખાડામાં નાઇટ્રો ગ્લિસરાઇન ભરીને પથ્થર ઉડાડવાની વ્યવસ્થા કરવાની હતી.

નાઇટ્રો ગ્લિસરાઇન ઉપર જોસથી ઘા કરવો જોઇએ. તેમ ન કરે ને તેને સળગાવે તો બધી નાઇટ્રો ગ્લિસરાઇન જ બળી જાય. આ ઘા કરવાની રીત પણ હાર્ડિંજ જાણતા હતા. એકાદ મજબૂત જગ્યાએ નાઇટ્રો ગ્લિસરાઇન રેડીને તેના ઉપર હથોડીનો ઘા કરતાં જ તે ભયંકર રીતે ફૂટે. પરંતુ આ રીતે ઘા કરતાં પથ્થરના ચૂરેચૂરા થાય ને તે સાથે ઘા કરનારના પણ ચૂરેચૂરા ઊડી જાય! તેથી હાર્ડિંજે ઘા કરવાનો બીજો ઉપાય શોધી રાખ્યો હતો. એક ખાડામાં નાઇટ્રો ગ્લિસરાઇન નાખીને તેના ઉપર ત્રણ લાકડાંની ઘોડી ઊભી કરી. તેના ઉપર વચ્ચે મણેક વજનનો એક લોઢાનો ગઠ્ઠો લટકાવ્યો. લોઢાનો આ ગઠ્ઠો ગંધકવાળી દોરીથી બાંધ્યો હતો, અને તે દોરી સાથે બીજી લાંબી ગંધકવાળી દોરી બાંધી બીજો છેડો છૂટો રાખ્યો. ત્યાર પછી સૌને દૂર મોકલી હાર્ડિંજ તે ગંધકવાળી દોરીનો છૂટો છેડો સળગાવી દોડતાદોડતા સૌની સાથે થઈ ગયા. ગંધકવાળી દોરી બળીને ગઠ્ઠાને બાંધેલી દોરી સુધી પહોંચતાં પચીસ મિનિટ લાગે એવી ગણત્રી કરીને તેટલી લાંબી રાખવામાં આવી હતી. હાર્ડિંજ સૌની સાથે ચીમનીમાં આવ્યા. લગભગ પચીસ મિનિટ પછી ભયંકર અવાજ થયો. આખો દ્વિપ ધ્રૂજી ઊઠ્યો. મોટા મોટા પથ્થરો આકાશમાં ઊડીને નીચે પડવા લાગ્યા. જાણે જ્વાળામુખી ફાટ્યો! લગભગ બે માઇલ દૂર ચીમની હતી ત્યાંના પથ્થરો પણ ધ્રૂજી ઊઠ્યા, એટલું જ નહિ પણ આ લોકો પણ સૌ એ ધડાકાના ધક્કાથી જમીન ઉપર પડી ગયા. ત્યાર પછી સૌ ઊઠીને તે જગ્યાએ પહોંચ્યા. ને જોયું તો ગ્રેનાઇટ પથ્થર ફાટીને મોટી સુરંગ થઇ ગઇ છે ને તે જ રસ્તેથી પાણી તીર વેગે ઘૂમરી ખાતું, ગર્જના કરતું, ત્રણસો ફૂટ ઉપરથી સમુદ્રકિનારા ઉપર ધોધ રૂપે પડી રહ્યું છે!

(ચાલુ)

મોંઘીબેન



રેડિયો આવ્યો

બાળવિભાગ

દરબાર રાજકોટ જાય, અમદાવાદ જાય, કોઇ વાર વડોદરા જાય. એક વાર દરબાર મુંબાઈ ગયા. મોટાં મોટાં શહેરોમાં રેડિયોથી દેશપરદેશના ખબરો સાંભળી, દેશપરદેશનાં સંગીત સાંભળી દરબારને મન થયું કે આપણે પણ રેડિયો મંગાવીએ.

'કામદાર, મોટાં શહેરોમાં રેડિયો આવે તો આ આપણા ગામમાં રેડિયો ન આવે?'

'શું કામ ન આવે, બાપુ? પૈસા ખર્ચતાં બધું ય આવે. આ વિક્રમની વીસમી સદીમાં રેલ આવી, તાર આવ્યા, મોટર આવી, વિમાન આવ્યાં, ને રેડિયો કાં ન આવે?'

'તો પછી આપણે પણ રેડિયો મંગાવોને?'

કામદારે મુંબાઈની રેડિયો વેચનારી કંપનીને લખી નાખ્યું. મુંબાઇથી રેડિયો આવ્યો. સાથે કંપનીનો એક માણસ આવ્યો. દરબારના દિવાનખાનામાં એક ટેબલ ઉપર રેડિયો ગોઠવાયો. સાથે એક વીજળીના મસાલા-વાળી બરણી પણ ગોઠવી. રેડિયો ને બરણી વચ્ચે તાર ગોઠવી, તારનો એક છેડો જમાનામાં દાટ્યો ને બીજો છેડો ભીંત સાથે જડીને છાપરા ઉપર વાંસડાનો ટેકો દઇને આકાશ તરફ ગોઠવ્યો. એકબે દિવસે રેડિયો બરા-બર સંભળાવા લાગ્યો, અને રેડિયો કેમ ચાલુ કરવો ને કેમ બંધ કરવો વગેરે દરબારના એક ખવાસને શીખવી રેડિયોવાળો મુંબાઇ ગયો.

પછી તો દરબાર રોજ રાત પડે ને રેડિયો આગળ બેસે. પાસે ઘડિયાળ રાખે. નવમાં થોડી મિનિટ બાકી હોય ત્યાં રેડિયો ચાલુ કરે.

પહેલાં તો આકાશનાં હવાનાં મોજાં તારને અડે તેનો અવાજ થાય. પણ થોડીવારે ટક્ ટક્, ટક્ ટક્, ટક્ ટક્ અવાજ થવા લાગે. ત્યાં તો કામદાર પોતાની ઘડિયાળ કાઢે, દાક્તર પણ ઘડિયાળ કાઢે, વહીવટદાર ને ફોજદાર, નગરશેઠ ને માસ્તર, સૌ ઘડિયાળ મેળવવા માંડે ત્યાં તો ટન્ ટન્ કરતા નવના ટકોરા સંભળાય.

'કામદાર, મારી ઘડિયાળ આજે બરાબર ચાલી છે.'

'હા બાપુ, આપ તો નસીબદાર કહેવાઓ. આપની ઘડિયાળ તો ઊંચી જાતની એટલે ફેર શેનો પડે? મારી ઘડિયાળ બે મિનિટ પાછળ છે.'

'કાં શેઠ, તમારી ઘડિયાળ શું કહે છે?'

'મારી ઘડિયાળને સવારે ચાવી દેવી રહી ગઇ'તી એટલે જરા ચા પીએ છે!'

સૌએ ઘડિયાળ મેળવી ત્યાં તો ડેલડી ઉપરના પહેરે-ગીરે નવના ડંકા વગાડયા. પછી તો મુંબાઇના બજાર-ભાવ ને નવા ખબરો અંગ્રેજીમાં અને પછી હિંદીમાં બોલાવા લાગ્યા. નગરશેઠે ભાવ ધ્યાન દઇને સાંભળ્યા. કામદારે ને દાક્તરે દેશપરદેશના ખબરો પર ધ્યાન આપ્યું.

તે પછી થોડીવારે સંગીત શરૂ થયું. સુંદરાબાઇનું સંગીત અને સારંગી તથા બીન વાગ્યાં. રાત્રે અગિયાર વાગ્યે રેડિયો બંધ થયો ને સૌ સૌને ઘેર ગયા.

ધીરેધીરે ગામમાં ખબર પડી કે દરબાર રેડિયો લાવ્યા છે. ખેતરે ને પાદરે વાત થવા લાગી કે દરબાર રેડિયો લાવ્યા છે. તે બોલે છે ને ગાય છે. માણસની જેમ વાત કરે છે. ઠેઠ મુંબઇની વાત દરબારને કહી જાય છે.

'અલ્યા ઈ રેડિયો કેવોક હશે?'

'ઈમાં શું? હશે કાંઇક જનાવર! કાં તો ઈ રેડો ઘોડા જેવો હશે ને કાં તો પાંજરે પૂર્યો પોપટ જેવો હશે.'

'ના રે ના. ઈ તો દરબારના દિવાનખાનામાં આવીને બધું ય કહી જાય છે. ઈ કાંઇ ઘોડાસરમાં નથી રે'તું ને પાંજરે પણ નથી પૂરાતું.'

'આપણા દરબાર તો ભાગ્યશાળી છે. અમદાવાદ ને મુંબઇ જાય, એટલે કોક મોટાં શહેરમાંથી કાંઇક રમકડું લાવ્યા હશે. ઇ નહિ હોય ઘોડું કે નહિ હોય પોપટ.'

'પણ રમકડું કાંઇ વાત કરે? આ તો ગીત ગાય, સારંગી વગાડે ને ગુડનેટ પણ કરે. વળી કહેશે કે ભરૂચ પાંચ મંદી ને વાયદો ત્રણ તેજી! રમકડું કાંઇ ભાવ બોલે!'

'ના ભઇ ના; ઇ તો હશે ઓલું અડાળી વાજું. મારો લખુડો અમદાવાદની હોટલમાં કામ કરતો'તો ને, તે ઇ અડાળી વાજું વગાડતો. લખુડો કે'તો કે ઇમાં મુંબઇની નાટક કંપનીનાં ગાયન ને રજાકનું બૅન્ડ વાજુ ને વિલાયતનું હાહા હાહા, હીહી હીહીનું ખૂબ હસાવે એવું ગાયન, ગાંધીવાળાનાં ગાયન ને એવું ઘણું ય એમાં વાગે. ને આ રાડીયું પણ એવું જ કાંક વાજુંહશે.'

'અંહ, ઈ કાંઈ અડાળી વાજું નથી. આ રાડીયા-

માં તો અડાળી એ મૂકવી ન પડે ને સોય પણ નાખવી ન પડે. આમાં પડએ એક વીજળીનો મસાલો ભરેલ બરણી છે. ને બંગલા ઉપર એક તાર અદ્ધર રાખ્યો છે, ને બીજો ભોમાં ભંડાર્યો છે.'

'તે દરબાર ઈ રેડીયું આપણને જોવા ન દે?'

'આપણે કહીએ તો દરબાર ના પાડે એવા નથી.'

દરબારે ગામમાં કહેવડાવી દીધું કે જેને રેડિયો સાંભળવો હોય તે રાતે બંગલે આવે. રાત પડી, ને બંગલા નીચે માણસ તો ક્યાંય સમાય નહિ. બધાને ઉપર દિવાનખાનામાં બેસાડ્યા. દરબાર આવ્યા. ક્યારે રેડિયો બોલે એની સૌ વાટ જોવા લાગ્યા.

થોડીવારે રેડિયો શરૂ થયો. નવના ટકોરા થયા. સૌએ ઘડિયાળ મેળવી. બજારભાવ ને સમાચાર પૂરા થયા. સંગીતને જરા વાર હતી ત્યાં સૌ વાત કરવા લાગ્યા.

'હેં ભા, આ રેડિયું ક્યાંથી બોલતું હશે? એને પગ હશે કે નહિ? ઇ ખાતું શું હશે?' વગેરે.

કોઇ કહે રેડિયું પંખી છે. પંખી ઊડી ન જાય એટલા સારૂ પેટીમાં પૂરી મૂક્યું છે. વીજળીનો મસાલો એનો ખોરાક છે. વીજળી વગર રેડિયું ન બોલે કે ન ચાલે. વીજળીનો મસાલો વપરાઇ જાય એટલે બીજો ભરવો પડે. મુંબઇમાં મોટું રેડિયું છે તે બોલે એટલે આ પેટીની અંદરનું રેડિયું સાંભળે અને તેને વીજળી મળે તો આપણી પાસે મુંબઇની વાત કહે.

એવામાં નાતાલના તહેવાર આવ્યા. રેડિયોમાં વિલાયતના નાચ ને ગાયન સંભળાયાં. ખ્રિસ્તી નવા વર્ષે શહેનશાહ જ્યૉર્જ રેડિયોમાં બોલ્યા તે પણ સંભળાયું.

ત્યાં રોજા મહિનો આવ્યો. મક્કા શરીફની નમાઝ પણ રેડિયોમાં સંભળાઇ. ગામમાં જેણે રોજા રાખ્યાં હતાં તે સૌએ એ સાંભળી ને ખુદાના શુકરાના ગુજાર્યા.

આમ રોજ દેશપરદેશનાં સંગીત ને સમાચાર દરબાર સાંભળે, અમલદાર સાંભળે ને ગામનાં માણસ પણ કોઇક વાર સાંભળે.

ગામનાં માણસ વાતો કરે 'વાહ, આપણા દરબાર તો બહુ સારા. અહીં બેઠાં આખા મલકની વાત સંભળાવે.'

રેડિયો આવ્યો. દરબારે સાંભળ્યો. ગામલોકે સાંભળ્યો. ગામલોક રાજી થયા. દરબારને સંતોષ થયો.

વેણીલાલ બૂચ

ઉષા અને અરુણ

સૂરજ મહારાજનાં બાળક બે લાડકાં,
મોટી ઉષા ને અરુણ નાનેરો ભાઈ, બેઉ બેન ને ભાઈ;
સૂરજ મહારાજ હતા પોઢ્યા ત્યાં ભાઈ બેન
વહેલાં ઊઠ્યાં ને બહાર રમવા ગયાં, બેઉ રમવા ગયાં.

પેલાં આકાશના બાગે, દરાખનાં
તારાનાં ઝૂમખાં ખાવા મંડ્યાં, બેઉ ખાવા મંડ્યાં;
ખાતાં ખાતાં જોયું ઊગેલું તારિયું,
મોગરાનું ફૂલ જાણી લેવા ધસ્યાં, બેઉ લેવા ધસ્યાં.

આગળ ઉષા ને પાછળ અરુણભાઈ,
પહેલો હું, પહેલી હું, વાદે ચઢ્યાં, બેઉ વાદે ચઢ્યાં;
વાદે ચઢ્યાં ને બેઉ એવાં વઢ્યાં કે
કંકુ શાં લાલચોળ મોઢાં થયાં, બેઉ મોઢાં થયાં.

ઉષાનો ચોટલો ઝાલ્યો અરુણડે,
ઉષાએ ભાઇને બચકાં ભર્યાં, ખૂબ બચકાં ભર્યાં;
ઉષા રડી ને રોયો અરુણડો,
ચીસંચીસા બેઉ કરી રહ્યાં, બેઉ કરી રહ્યાં.

જાગ્યા સૂરજદેવ કાચી નિંદરથી,
આવી અટારીએ ઊભા રહ્યા, દેવ ઊભા રહ્યા;
ઊભાં રહો છોકરાં, આ શું રે માંડિયું?
બાપાની ખૂમથી ભડકા ગયાં, બેઉ ભડકી ગયાં.

બીધેલાં બાળકાં રોતાં ને દોડતાં
ધરતી માશીને ઘેર પ્હોંચી ગયાં, બેઉ પ્હોંચી ગયાં;
ધરતીએ ખોળે લીધાં બાળકડાં,
આંખો લૂછીને બેઉ છાનાં કર્યાં, બેઉ છાનાં કર્યાં.

ચાલ્યા સૂરજદેવ બાળકડાં ખોળવા,
સાતે પાતાળને ખૂંદી વળ્યા, એ ખૂંદી વળ્યા;
ધરતીને ઘેર જ્યાં આવ્યા સૂરજદેવ,
માશીએ ભાણજાં સોંપી દીધાં, બેઉ સોંપી દીધાં.

સુન્દરમ



અમેરિકાના પત્રો



[યુગના ઉંબરે

આ પત્રો લખનાર ભાઇ શાન્તિલાલ હીરાલાલ શાહે થોડા જ માસ પહેલાં અમેરિકાના લૉવેલ ઇન્સ્ટિટ્યૂટમાં ટેક્સટાઇલ કેમિસ્ટ્રીનો અભ્યાસ કરવા વતન છોડયું છે. પોતે ખાનદાન વેપારી કુટુંબના નબીરા હોઇ જે વ્યાવહારિક ચીવટ અને ચોકસાઇથી પોતાના અનુભવો તેઓ એ પત્રોમાં દર્શાવે છે તેમાંથી ઘણાને ત્યાંના અભ્યાસ અને જીવન વિષે નવું ને ઉપયોગી જાણવા મળશે.

માત્ર દુકાનદારી અને કમિશનો પર નભનારા આપણા શ્રીમંત વેપારી પુત્રો પોતાના ધનબળની સહાયથી આ જમાનાની ઔદ્યોગિક તાલીમ લે તો દેશને કેટલા ખરા ઉપકારકર્તા થઇ પડે તેનું દૃષ્ટાંત ભાઇ શાન્તિલાલ આપી શકશે એમ અમને આશા છે. ઉપલા પત્રોમાં પોતાના નાના ભાઇને પ્રવાસ તથા ત્યાંના અભ્યાસ માટે જે માર્ગદર્શક સૂચનાઓ અગાઉ આપી છે તેમાં પણ તેમના મનનું વલણ સ્પષ્ટ જણાશે]

....ત્યાંથી આવતી વખતે હૅટ લેવાની બીલકુલ જરૂર નથી. સ્ટીમર ઉપર આખો દિવસ ઉઘાડે માથે ફરવાનું, અને જીનોઆ ઊતરીએ એટલે તરત ત્યાંથી ખરીદી લેવાની. ઉનાળામાં નીકળવું હોય તો સાથે એક ખાખી પાટલૂન લેવા ભૂલવું નહિ. રાતા સમુદ્રમાં ગરમી ઘણી પડે છે એટલે ખૂબ કામ લાગશે. બે રંગીન સુતરાઉ સૂટ લઇ લેવા. મારી પાસે એક જ સુતરાઉ સૂટ હતો એટલે તે ધોવાઇને આવ્યો ત્યાં સુધી મારે ગરમ કપડાંમાં બફાવું પડયું. કાળું અચકન ઘણું કામ આવે છે. દરરોજ રાત્રે તે પહેરૂં છું.

ઉઘાડા કૉલરનાં બે ખમીસ અને ચારેક બીજાં સાદાં હોય તો ચાલે. સાથે દવાઓની કંઇ જરૂર નથી પડતી;—લેવી જ પડતી નથી. માત્ર શરીરને અનુકૂળ હોય એવું આછું રેચક ઔષધ સાથે રાખવું. અહીં ભૂખ વધારે લાગે છે, એટલે બહુ ખવાઇ જાય તો ઠીક પડે! અમારી કૅબિન ઘણી કુશાદે છે. પણ તેમાં તો રાત્રે જ જઇએ છીએ. આખો દિવસ બહાર ફરીએ છીએ. પહેલા અને બીજા વર્ગમાં બહુ ફેર નથી. ખાવાપીવાનું સરખું જ હોય છે; service પણ સરખી જ છે. માત્ર પહેલા વર્ગમાં થોડા મોજશોખ વધારે ને ફરવામાટે ઉપરના ભાગમાં મોટો ડેક.

ખાવામાં સવારે પૉરિજ અથવા કૉર્ન ફ્લેક, એડ, બટર, ટોસ્ટ, બટાટાની કાતરી, ચાહ અને ફ્રૂટ. બપોરે સૂપ, જુદીજુદી જાતનાં શાક, (માત્ર બાફેલાં શાક, જેને 'વેજીતલ' કહે છે) બટાટાની કંઇક વાની, અને તે ઉપરાંત અમે vegitarian (નિરામિષાહારિ) છીએ એટલે અમને પૂરી, ભજીઆં, પાપડ, દાળ, ભાત અને શાક—તીખાં ઘેર કરીએ એવાં—બનાવી આપે છે. આ લોકો દરેક સ્ટીમરમાં એક હિંદી રસોયો રાખે છે. (પણ આ જાતની રસોઇની સગવડ ઇટાલિયન સ્ટીમરમાં જ હોય છે; પી. ઍન્ડ ઓ. માં નહિ.) આ ઉપરાંત ફ્રૂટ અને આઇસક્રીમ. ફ્રૂટ તો આખો દિવસ જોઇએ તેટલું આપે છે. ત્યાંથી બધી વાનીઓનાં નામ જાણવાની કે લિસ્ટ બનાવવાની કંઇ જરૂર નથી. માત્ર છરીકાંટાથી ખાવાની થોડી તાલીમ લઇ લેવી. બાકીની બધી ખબર તો અહીં બે દિવસમાં પડી જાય છે.

રાત્રે દરરોજ સીનેમા થાય છે. સાબુ અહીં આપતા નથી; આપણા જ લાવવા પડે છે. ટુવાલ અને નૅપકિન આપે છે એટલે તે લાવવાની જરૂર નથી. સોબત માટે તો સેકન્ડ કલાસ જ સારો. ફર્સ્ટ કલાસમાં સોબત થોડી મળે; ઘણુંખરૂં સાહેબજી-સલામ પૂરતી જ.

મારી પાસે સામાન ઘણો વધી ગયો છે એમ લાગે છે. ૨૮ ઇંચની બે સૂટકેઇસમાં સમાઇ જાય એટલું જ લેવું બીજું કાંઈ હોય તો ખોખામાં પૅક કરી મોકલી આપવું. મેં સાથે મોટી ટ્રૂંક લીધી છે તે વધારાની છે. એવી લેવાની જરૂર નથી. દરિયો એક દિવસ લાગ્યો હતો. પછી તો મજા પડે છે.

... સાથે બે સૂટકેઇસમાં સમાય એટલું જ લેવું. ગ્રામોફોન પ્લેટ સાથે રાખવી; અને ચારપાંચ અગત્યની ચોપડીઓ. બીજું જે કાંઇ હોય તે ખોખામાં પૅક કરી મોકલી દેવું. ખોખું જોઇએ એટલું જ મોટું રાખવું. મને અહીં પહોંચાડતાં રૂ. ૨૫ ખર્ચ થયો. મે મહિનામાં ત્યાંથી નીકળવું હોય તો એક સમર-ઓવરકોટ મુંબાઇથી લઇ લેવો. રેઇન કોટની જરૂર નથી. શાલની જરૂર નથી. ઓવરકોટ તથા રેઇનકોટનું combination મળે તો તપાસ કરવી. સૂટમાં કોટ ખાસ કરીને loose (ઢીલો) અને નીચો કરાવવો. ઘડિયાળ અને ફાઉન્ટન પેન ત્યાંથી જ લઇ લેવાં. ખાસકરીને ન્યૂ યૉર્કમાં જોઇએ તેટલું વ્યાજબી ભાવે મળે છે એટલે એ લાવવું નહિ. એની જકાત આકરી પડે છે.

સુમતિ ત્યાંથી B. Sc. થઇને આવે તો M. Sc. થતાં બે વર્ષ અને એક ઉનાળો—અથવા અઢી વર્ષ લાગશે. Junior પૂરૂં કરીને જો આવે તો M. Sc. થતાં ત્રણ વર્ષ થશે. Specialisation કરવું હોય (કોઈ પણ એક વિષયના વિશારદ થવું હોય) તો જર્મની સારૂં છે. ત્યાં Darmstradt (ડાર્મસ્ટ્રાટ) માટે તપાસ કરે. જર્મનીમાં અહીં જેટલી practical training (વ્યાવહારિક તાલીમ) નહિ મળે; higher research અને theories (સંશોધન કાર્ય અને સિદ્ધાન્તિક તાલીમ) માટે એ સારૂં ગણાય છે.

⁋,....ચીન અને રશિયાથી ઘણા અહીં આવે છે. એકલા કેંબ્રિજના M.I.T. (માસાચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ટેકનૉલૉજી) માં જ પચાસેક રશિયન છે. એ લોકોની ફીની વ્યવસ્થા સોવીએટ સરકાર સીધી જ કરી લે છે. તે ઉપરાંત દરેકને સ્ટેલિન દાદા દર વર્ષે ૧૮૦૦ ડૉલર ખર્ચના મોકલાવે છે! જર્મની રશિયનોને ઘણું નજીક હોવા છતાં તેઓ અહીં આવે છે. એન્જીનીઅરિંગ માટે તો અમેરિકા બેશક સરસ ગણાય. ઘણા જર્મન પ્રોફેસરો M.I.T.માં આવે છે એન્જીનીઅરિંગને તો આ દેશમાં એટલી અગત્ય આપે છે કે કોઇ પણ કૉલેજ એ ડિપાર્ટમેન્ટ વગર અહીં અપૂર્ણ ગણાય. સુતરાઉ કાપડ તો બધું અહીં જ બને છે. પણ ગરમ કપડું ઘણું કૅનેડા અને ઇંગ્લંડથી આવે છે.

જાપાન તરફ અહીં કુદરતી જ અણગમો છે. મેં ત્રણચાર જણને કહ્યું કે અમારા દેશમાં જાપાનીઝ માલ પર ૫૦ ટકા જકાત નાખી, એટલે કહે કે ૧૦૦ટકા નાખી હોત તો હું બહુ ખુશી થાત.

જો chemistry (રસાયનવિજ્ઞાન) ગમતી હોય તો કેમિકલ એન્જીનીઅરિંગ પણ ઘણું સરસ છે. કેમિકલ એન્જીનીઅરિંગ શીખ્યા પછી કોઈપણ ઉદ્યોગમાં દાખલ થવાની લાયકાત ગણાય. પછી જે ઉદ્યોગમાં જવું હોય એના 'electives' (ઇલેક્ટિવ્ઝ) લેવાના. એકદમ narrow specialisation હિંદુસ્તાનની અત્યારની પરિસ્થિતિને અનુકૂળ નથી.

Sugar specialisation (સાકરની બનાવટો શીખવા) માટે જર્મની સારૂં છે. પરંતુ એ લેવા ઈચ્છનારને પણ હું કેમિકલ એન્જીનીઅરિંગ તો પહેલું લેવાની સલાહ આપું. M. I. T.માં School of Chem. Eng. નો Practiceનો વિભાગ છે. એમાં ગ્રૅજ્યુએટ થયા પછી જુદી જુદી ત્રણ ફૅક્ટરીમાં શીખવા મોકલે છે. એમાંની એક સાકરનું કારખાનું છે; એક heavy chem. manufacturingની છે અને ત્રીજી oilsની છે. આથી ઉદ્યોગોની બધી બાજુનો ખ્યાલ આવે છે. એક ઉદ્યોગમાં તક ન મળે તો નિરાશ થઇને બેસી ન રહેવું પડે; બીજા માટે પ્રયત્ન કરે. જ્યારે 'narrow specialisation'માં એક સિવાય બીજા ઉદ્યોગનો કશો જ ખ્યાલ નથી હોતો.

⁋,.... Post graduate research (સ્નાતક થયા પછીના આગળ સંશોધન અભ્યાસકાર્ય) માટે તો અલબત્ત બધા વિષયોમાં continental universities (યુરોપની વિદ્યાપીઠો) જ સરસ ગણાય છે. અહીંના ઘણા વિદ્યાર્થીઓ ત્યાં જાય છે. એકાદ વર્ષ researchમાં ગાળવાની જરૂરિયાત તો મને પણ લાગે છે. પણ undergraduate course (સ્નાતક થયા સુધીનો અભ્યાસક્રમ) તો જે ભાષા બરાબર જાણતા હોઇએ એમાં જ શીખવામાં વધારે લાભ છે. M. I. T.માં રશિયન વિદ્યાર્થીઓને ખૂબ મહેનત કરવી પડે છે, આપણા કરતાં લગભગ દોઢી; કેમકે અંગ્રેજી પુસ્તકો સમજવામાં એમને ઠીક મુશ્કેલી પડે છે. આપણે જર્મની કે ફ્રાંસ જઇએ તો શરૂઆતમાં બે વર્ષ આવું જ થાય. માટે undergraduate કોર્સમાં તો સરસ grounding મળે એ ઇચ્છવાજોગ છે.

અહીં લૉવેલમાં B.T.E. (બૅચેલર ઑફ ટેકનિકલ એન્જીનીઅરિંગ)ની ડિગ્રી મેળવ્યા પછી મારી પણ એવી જ કંઇક યોજના છે. તમારા પત્રમાં રંગોની બનાવટ વિષે ઉલ્લેખ છે. એ તો વિશાળ સમુદ્ર જેવો વિષય છે. અહીંના અભ્યાસક્રમમાં રંગવા અને છાપવાના કામનું specialisation છે એટલે અમારા અભ્યાસક્રમમાં રંગોની બનાવટ વિષે અતિશય વિગતોમાં નથી જતા. એમાં પ્રવેશ કરાવે છે ખરા. વધારે જાણવા માટે તો પછી જર્મની અથવા સ્વિટ્ઝર્લૅન્ડ જવું જોઇએ અહીં અભ્યાસ પૂરો કર્યા પછી આ વિષય માટે જર્મની જવાનો વિચાર કેમ લાગે છે? Switzerland Polytechnic Institute ખૂબ વખણાય છે. એનું બુલેટિન મંગાવી જોઇ લેજો. હું પણ અહીં મેળવી લઈશ. રંગનાં up-to-date અને મોટાં કારખાનાં સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ છે.

અહીં રંગવા તથા છાપવાનાં બધાં કારખાનાં જોઇ વળીશ. વિદ્યાર્થીઓને બધે જોવા દે છે; ના નથી પાડતા. Art-silk અને printingના (બનાવટી રેશમ અને છાપકામના) સરસ કારખાનામાં ત્રણચાર મહિના રજામાં કામ કરવા મળે તો તેનો પ્રયત્ન કરીશ. એ જો બની શકે તો તો સૌથી સરસ. હિંદુસ્તાનમાં ફ્રાંસ, જર્મની અને ઇટલીનું બનાવટી રેશમ તથા જર્મન રંગો મોટા જથ્થામાં આવે છે. મુંબાઇના કોઈ જથ્થાબંધ વેપારી મારફત આવા કોઇ કારખાનામાં પ્રવેશ થઇ શકે ખરો? અહીં કામ કરવાનો પ્રયત્ન તો ચાલુ જ રાખીશ. મફત કામ કરીએ તો અહીંની સરકારના labour departmentને કાંઈ વાંધો નથી લાગતો.

⁋,... અહીંના અભ્યાસક્રમ વિષે અગાઉ મેં લખ્યું છે. અહીં યુનિટ સિસ્ટમ છે. એક ટર્મ પંદર અઠવાડિયાની, અને એક યુનિટ એટલે પંદર કલાક. એટલે દર અઠવાડિયે એક કલાકનું કામ થયું. લૉવેલના કૅટલૉગમાં દરેક વિષય માટે કલાક આપેલા છે એને પંદરે ભાગો એટલે યુનિટ મળે. દરેક ટર્મના ૩૫ યુનિટ આવે છે. તે ઉપરાંત અઠવાડીએ લગભગ ૧૨ કલાક

ઘેર કામ કરવાનું રહે. એટલે દર અઠવાડીએ લગભગ ૪૭ કલાક કામ કરવાનું. લૉવેલમાં 'ઈવનિંગ સ્કુલ' પણ છે. પહેલા વર્ષમાં Textile Design બાકી રહેલી તે માટે સોમવારે ને શુક્રવારે ઇવનિંગ સ્કુલમાં જવાનું. મારા આ ટર્મમાં ૪૩ યુનિટ કૉલેજના અને ૧૨ યુનિટ ઘરના એમ કુલ ૫૫ યુનિટ થાય છે. એટલે કામનો બોજો ઠીકઠીક રહેશે. અહીં બધા ખૂબ કામ કરે છે. અહીં લોકો લંડન કરતાં પણ વધારે ઉદ્યમી લાગ્યા. સવારે આઠ વાગ્યે બધા કામે ચડી જાય. મોટો લખપતિ પણ સવારે નવ વાગ્યામાં ઑફિસે હાજર થઇ જાય. બપોરે એકથી બે લંચ ટાઈમ અને સાંજે પાંચ વાગ્યે બધું બંધ થાય. સાંજનું જમવાનું બધા છ વાગ્યે લે છે. શ્રી કુમારાપ્પાએ વહેલા જમવા-ની ટેવ કદાચ અહીંથી પાડી હશે. કૉલેજમાં છોકરાઓ રમત-ગમતમાં ઠીક ભાગ લે છે. Technical Instituteમાં University કરતાં રમતગમત ઉપર ઓછું ધ્યાન આપે છે. કામ વધારે કરવાનું રહે છે. ઘણાખરા ભણવામાં sincere લાગ્યા. પોતપોતાની શક્તિ પ્રમાણે સૌ મહેનત કરે. આનંદ પણ એટલો જ કરે. આખો દિવસ કામ કરે; પણ સાંજના સાડા ચાર વાગે કે ગરબડાટ શરૂ થાય. પોણા પાંચે તો જાણે સ્કુલમાંથી ઘોડા છૂટયા! રવિવારે ચોપડી ઉઘાડવાની તસ્દી જ ન લે. આખો દિવસ આનંદ કરે, એટલે પછીને અઠવાડીએ બરોબર કામ થાય.

જૂનની દસમીએ શાળા બંધ થાય છે. ઉનાળામાં ક્લાસ નથી ચાલતા. સાડાત્રણ મહિના શું કરવું તેનો કાર્યક્રમ પછી નક્કી કરીશ. પરદેશી વિદ્યાર્થીઓને અત્યારે અહીં કામ મળવું અશક્ય છે. ડિપાર્ટમેન્ટ ઑફ લેબર તરફથી દરેક કૉલેજને કડક ચેતવણી મળી છે કે કોઇ પણ પરદેશીને કામ ન આપવું. દેશમાં એક કરોડ માણસો બેકાર છે.

પરદેશી વિદ્યાર્થીને અહીં સારો આવકાર મળે છે. કોઇ-પણ પ્રોફેસર રસ્તામાં કે કૉલેજમાં મળે તો તરત પૂછે, 'How do you do? Don't you feel home-sick!' વગેરે.

કાન્તિ આવે ત્યારે મોટર હાંકતાં શીખીને આવે તો સારૂં. ઉપયોગી થઈ પડશે. અહીં આખા દેશમાં ડામરના રસ્તા છે. ઉનાળામાં ઘણા છેક કૅલિફૉર્નિયા સુધી મોટરમાં જાય છે. પેટ્રોલ ઘણું સસ્તું છે: ચૌદ સૅન્ટનું ગૅલન!

¶ ... અહીં અભ્યાસમાં dye-colouringમાં specialisation એ મુખ્ય વસ્તુ છે. આ દેશની જરૂરિયાત પ્રમાણે દરેક ઉદ્યોગના વિભાગ પાડી ગમે તે એકમાં specialisation કરવાનું અમારા લૉવેલ ઇન્સ્ટીટ્યૂટના અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ ટેક્સ્ટાઇલ કેમિસ્ટો ઉત્પન્ન કરવાનો છે. અહીંનો Textile dyer એટલે એ માણસ હજારો વાર કપડું રંગી શકે. પણ બધું કામ એ mechanically (સંચાની માફક) જ કરે. એને રંગવાનો formula પાછો બીજો માણસ—tex. chemist પુરી પાડે. કોઇ ઠેકાણે રંગનો પટ જુદો આવે કે મેળવણી-માં કોઇ મુશ્કેલી આવીને ઊભી રહે તો એનો નિકાલ પેલો tex. chemist કરે. Tex. chemist રંગની જાતો, તથા રૂ, ઊન કે રેશમ ઉપર થતી એની અસર અને તેમાંથી ઊભા થતા પ્રશ્નો ઉપર વિચાર કરે. પણ એ માણસને હજારો વાર કપડું બરોબર રંગતાં ન આવડે! એ કામ તો પાછું dyer જ કરે. એક જ માણસને એ બંને કામની તાલીમ ઇન્સ્ટીટ્યુટ આપી પણ ન શકે. એટલો ખર્ચ પણ પોસાય નહિ. જોકે dye-houseમાં વપરાતા વગેરેના નમૂના અહીં છે, એટલે હજારો વાર કપડું કેમ રંગાય એનો ખ્યાલ મળી જાય.

Calico-printing (કાપડ છાપવાના વિષય)માં એક મોટું two-colour printing (બેરંગી છાપકામ કરતું) મશિન છે. તે એક મિનિટમાં ૭૦ વાર કપડું છાપે છે. એની કિંમત દસ હજાર ડૉલર છે. ત્રણ, ચાર કે વધુ રંગનું છાપ-કામ કરવું હોય તો દરેકના રોલર વધારવા જોઇએ. કેટલીક મીલોમાં પંદર રંગ સુધી પ્રિન્ટિંગ કરે છે. એ જોવા મળશે. બે રંગ હોય કે પંદર રંગ હોય, પણ પદ્ધતિ તો એકસરખી જ. બીજામાં વધારે રોલર જોઇએ અને મશિનરીનો ખર્ચ વધુ થાય એટલું જ. આ બધું પ્રિન્ટિંગ એક જ બાજુ ઉપર થાય છે. બંને બાજુ પ્રિન્ટિંગ કરવા માટે ખાસ ડુપ્લેક્સ મશિન આવે છે. એવા એક મશિનની કીંમત સહેજે ત્રીસ હજાર ડૉલર થાય. એમાં રોલરનો પણ ઠીક ખર્ચ આવે.

અહીં ખરો અભ્યાસ તો અહીંની Industrial civilization (ઔદ્યોગિક સંસ્કૃતિ)નો છે. Up-to-date management (સંપૂર્ણ અદ્યતન વ્યવસ્થા) અને કામની વહેંચણી એનો અહીં ખાસ અભ્યાસ કરવા જેવો છે. કોઈપણ ઉદ્યોગની technical detailsને માટે એનાં પ્રમાણભૂત પુસ્તકો અહીં મળી શકે છે. એમાં કશો ભેદ કે આડ રાખવામાં આવતી નથી. માત્ર એમાં જરૂરી ફેરફાર—હવા અને વાતાવરણને અનુકૂળ થાય એવા—કેમ કરવા એ વ્યક્તિગત રહે છે. કંઇ પણ પ્રશ્ન આવીને ઊભો રહે તો એનો નિકાલ કેમ લાવવો એ જ શીખવાની જરૂર છે. એમાં ફતેહ મળે કે ન પણ મળે; પરંતુ એને attack કરવાની સાચી પદ્ધતિ આવડે તો બસ.

¶ ... અહીંના જીવન વિષે બહુ લખવાનું નથી. બધું જ standardise કરી નાખ્યું છે. સદા અને સર્વ સ્થળે એક સરખું જીવન; એમાં વિવિધતા જેવું કાંઇ નહિ. બૉસ્ટનથી કૅલીફૉર્નિયા સુધીમાં દરેક ગામમાં એક સરખા વુલવર્થ કે ફર્સ્ટ નૅશનલ સ્ટૉર્સ. દરેક ઠેકાણે એક સરખાં Georgian restorant; એક સરખા રસ્તા; એક સરખા લોકો. એક શહેરથી બીજા શહેરમાં ખાસ કંઈ તફાવત ન લાગે. કાંઈ નવાઇની ચીજ સૌ જણને બતાવો તો દરેક પાસેથી પ્રશંસાવાક્યો પણ એકસરખાં જ મળે: 'Oh, it is lovely! Really very pretty' વગેરે.

ખાસ ધ્યાસ ખેંચે એવા તો અહીંની ભાષાના American slangs. (અપભાષા પ્રયોગો) નવો આવનાર તો વિચારમાં પડી જાય કે આ શબ્દો અંગ્રેજી ભાષામાં ક્યાંથી ? હું સ્ટીમરમાંથી ઊતર્યો ત્યારે કસ્ટમ ઑફિસરે મૂળજીભાઈના રમકડાની દસ ડૉલર કિંમત આંકી એટલે મિ. બાજપાઈ જે સ્ટીમર ઉપર આવેલા તે બોલ્યા: 'Well officer, you could by the whole junk for two bucks.' મને થયું કે આ junkને buck તો ક્યાંય ડિક્શનેરીમાં પણ જોએલા નહિ. પછી ખબર પડી કે 'બક' એટલે 'ડૉલર'.

અહીંના લોકોનાં શરીર જોઈ આપણે શરમાવું પડે. ૧૪૦–૫૦ રતલ તો સામાન્ય વજન ગણાય. સારૂં કસરતી શરીર હોય તો ૧૭૦–૮૦ વજન સહેજે હોય. અહીં દરેક પેઢી ઊંચાઇમાં, વજનમાં, કદમાં વધારે સુધરતી જ આવે છે.વૃદ્ધો ઊંચાઇમાં મારા જેવા લાગ્યા. છોકરાઓ ઘણાખરા મારા કરતાં ઊંચા જોયા. મૅકફૅડનનું નામ બહુ સંભળાતું નથી. આમાં કોની તબિયત સુધારે ? હા, વજન ઓછું કરવાનાં clinics ઠેકાણે ઠેકાણે છે.

યંત્રોમાં આ લોકોને કોઇ પહોંચે નહિ. આંઠમી નવેમ્બરે રાત્રે આઠ વાગ્યા સુધી voting હતું. દસ વાગ્યે તો રેડિયો ઉપર રૂઝવેલ્ટ ચૂંટાયાની ખબર પડી ગઇ ! બધી ગણત્રી યંત્રોથી થાય. કોઇ પણ સ્ટોરમાં ખરીદી કરી એટલે બિલ અને પૈસા ડાબલીમાં મૂકાય. આખા સ્ટોરમાં wire-connections (તારગૂંથણીની રચના) હોય. એ વડે ડાબલી મુખ્ય counter (થડા) ઉપર જાય અને એક મિનિટમાં તો વધારાના પૈસા સાથે પાછી ત્યાં જ આવે. ટ્રામમાં માત્ર હાંકનાર હોય. તેની બાજુમાં ડબો હોય. તેમાં ચડતી વખતે પૈસા નાખવાના. જરૂર હોય તો તે પરચુરણ આપે બારણાં ઉઘાડવા તથા બંધ કરવા માટે control એના steering ઉપર હોય, એટલે બધું કામ એક જ માણસ કરે. Textile machinary (મીલના સાંચાઓ)માં પણ weaving and spinning (કાંતણ અને વણાટ)માં આવી labour saving devices (મહેનત બચાવનારી યુક્તિઓ) ઘણી છે એમ સાંભળ્યું છે. એને માટે વિશેષ જાણ્યા સિવાય લખી શકું નહિ.

ખેડુતોની અહીં બૂરી દશા છે. સફરજન, પેર, ટમેટાં વગેરે પાંચ સેન્ટના પાંચ રતલ લેખે વેચાય છે. એટલેકે પૈસે કે બે પૈસે શેર. ફ્રૂટ આ ભાવે અમેરિકામાં વેચાય એટલે શું? છતાં યે ન વેચાય એટલું સાંજ પડ્યે નદીમાં ફેંકી ચાલ્યા જાય. એ લોકોને રૂઝવેલ્ટ ઉપર ભારે આશા છે.મકાઈ ને જુવાર તો અહીં એટલાં વધી પડ્યાં છે કે લોકો બળતણ તરીકે વાપરી નાખે છે !

....Standard of Living (જીવનનું ધોરણ) અહીં ઘણું ઊંચું છે. દરેક ઘરમાં રેડિયો અને પીઆનો હોય જ યુરોપમાં મોજશોખની ગણાય એવી વસ્તુ અહીં સામાન્ય માણસ પણ મેળવી શકે, એટલા પ્રમાણમાં અહીંની મજૂરી મોંઘી છે. Cost of production ઊંચું છે. ટેરીફ સિવાય ઘણા ઉદ્યોગો ટકી પણ ન શકે. સામાન્ય ટપાલ વહેંચનારને વર્ષે ૨૨૦૦ ડૉલર પગાર મળે; જ્યારે કૉલેજના પ્રોફેસરને ૪૦૦૦–૫૦૦૦ ડૉલર મળે ! જોકે પ્રોફેસર consulting capacity (સલાહ-શિક્ષણ આપવા)માં બીજા પૈસા કમાઇ શકે. એટલે અહીં ઠીકઠીક પૈસાદાર સિવાયનાને તો નોકર રાખવો પરવડે જ નહિ. એવું જીવનનું ધોરણ ટકાવી રાખવાના ભગીરથ પ્રયત્નો થાય છે. એશિયાના લોકોને અહીં ન વસવા દેવાનું આ પણ એક કારણ છે. જાપાનીઝ અને ચાઇનીઝ મજૂરો પહેલાં કૅલિફૉર્નિયામાં આવ્યા તેમની સામે અમેરિકન મજૂર હરીફાઇમાં ટકી ન શક્યો, એટલે એશિયાવાસીને માટે હવે સદંતર બંધી કરી છે. આ ઝપાટામાં પરદેશી વિદ્યાર્થીઓ પણ આવી ગયા. આખા દેશમાં ૧૦૦૦–૧૫૦૦ વિદ્યાર્થીઓ હશે. તેમાંના થોડાક જ વર્ષમાં બેએક મહિના કામ કરે. આથી બેકારી કેમ વધે એ મને સમજાતું નથી.

....ઇંગ્લંડનાં નસીબ હજી સારાં છે.ફ્રાંસ મૂરખ બન્યું.Credit માટે વહેલામોડા પૈસા તો આપવા જ પડશે. અત્યારે તો ઇંગ્લંડ માટે અહીં સારી અસર થઈ છે. ઓટાવામાં નુકસાન કર્યું એ ભૂલી ગયા. જાપાનીઝ પૉલિસીમાં ઇંગ્લંડે ટેકો ન આપ્યો અને અમેરિકા બહુ કહી ન શક્યું એ પણ ભૂલી ગયા. એક રીતે અહીંના રાજપુરુષો સીધા—કંઇક ચક્રમ છે ! આટલા અનુભવ પછી પણ યુરોપમાં લડાઈ થાય તો પાછા (લેણદેણમાં)પડે ખરા.

કુદરતી સંજોગોમાં આ દેશને દુનિયાનું નેતૃત્વ મળ્યું પણ એ ઉજાળી શકે એવા રાજદ્વારીઓ નથી. પ્રથમ પંક્તિના માણસો અહીં Businessમાં જાય છે. પરિણામે દુનિયામાં અજોડ એવી Corporation અને Industries ઊભી કરી શક્યા છે.

શાન્તિ

ઘસ્યું ઘસ્યું કથીર તેં કનક માની ઘસ્યું
તેજ ક્ષણ ના ટક્યું, કથીર તુંને હસ્યું
હાથ કાળા થયા અવયવો રહી ગયા
સાબુથી કોલસા ક્યાંય ધોળા થયા ?

ઙ્ઞ

મૂર્ખ, ઈર્ષ્યા કરી સૂરજને ઢાંકવા
ધૂળ ઉડાડી; આવી પડી આંખમાં
સૂરજ તો આ રહ્યો; તું જ અંધો થયો
તેજ તારૂં ગયું; સૂરજને શું થયું ?

ઙ્ઞ

કાખમાં બાળ, તું નગર ઢૂંઢી વળ્યો,
ના જડ્યું બાળ, પોકો મૂકીને રડ્યો.
હ્રદયમાં રામ, તું પથ્થરામાં પડ્યો
પથ્થરા પૂજતા તું જ પથ્થર થયો.

પ્રહલાદ પારેખ



માધુકરી

એ જ એકાકી મુજ ઉરનો સૂર હો, એ જ ગુંજો સદા ચિત્તતંત્રી;
પતિતના પાપને દલિતના દુઃખને હૃદય મારું સદા રહો નિમંત્રી;
પતિતતમ સાથમાં પતિત સમ થઈ રહું, ક્યાંક એકાંત ખૂણે અદીઠે;
ઠેઠ તળિયે પડેલાં તણા પગ ઠરે પ્રણત મુજ પ્રાણની પાદપીઠે. —ઉમાશંકર જોષી

પ્રેરણાદાતા ગુરુદેવ

પ્રાચીન આર્યાવર્તની વેદભૂમિની સીમા આંકતી શ્યામ-સુંદર યમુનાના તીર ઉપરથી રોજ રોજ સવારે એક અંધ સંન્યાસી આભમાં મીટ માંડે છે હવામાં સરવા કાન માંડે છે. પરતુ જે જોવાની, જે સાંભળવાની એની તમન્ના છે એ એને નથી દેખાતું, નથી સંભળાતું. સંન્યાસી એક નિસાસો મૂકે છે: 'હા હન્ત'! (અફસોસ) એની અંધ આંખમાં આંસુનું એક બિન્દુ આવે છે દુબળ દેહધારી સંન્યાસી પોતાના રૂક્ષ હાથથી એ ખારૂં જલમોતી લૂછી નાખે છે લાકડી ઠબકારતાં પોતાનો માર્ગ શોધતા એ પોતાની પર્ણકુટિમાં પાછો ફરે છે. પર્ણકુટિનાં બારણાં આગળ એ ફરીને પાછો કાન માંડે છે. ફરીને એને કાંઇ નથી સંભળાતું સંન્યાસીના ભારે હૈયામાંથી ફરીને નિસાસો નીકળે છે. ફરીને એ અફસોસનો એક માત્ર ઉદ્‌ગાર કાઢે છે: 'હા હન્ત!' સંન્યાસીની ઉમર એંશી વર્ષની છે. ચાલીસ ચાલીસ વર્ષથી રોજ એ આમ ફર્યા કરે છે.

એ સંન્યાસીનો નિત્યનો અફસોસ હતો અંધાપા ઉપર. પોતાના નહિ, પરતુ દેશના. પોતે ચક્ષુહીન છે, અસહાય છે એવી કંગાલ લાચારી આ સંન્યાસીના અંતરમાં કોઇ દિવસ નહોતી ઊભરાઈ. સમસ્ત દેશ આંધળો બન્યો છે, સમસ્ત દેશ અસહાય બન્યો છે, સમસ્ત દેશ કંગાલ અને લાચાર બન્યો છે, એની કારમી વેદનાની ભઠ્ઠીમાં એના દરેકેદરેક વ્યક્તિગત અંતઃતાપો જલીને ખાખ થઈ ગયા હતા. 'મારી પાસે વિદ્યા છે. દેશની આંખ અને એના કાન ઉપર વસાએલા દરવાજાની ચાવી છે. હું આંધળો છું; નિત્યદર્દી છું. કોઈ શિષ્ય આવે? ત્યાગી અને યોગી, નિર્મોહી અને નિઃસ્વાર્થી. કોઈ બીજો પરશુરામ, કોઇ બીજો વિશ્વામિત્ર, મારો પણ ગુરુ બની શકે એવો સમર્થ કોઇ શિષ્ય આવે? એના ખોળામાં, હજાર હજાર વર્ષથી સ્વાર્થની પેટીમાં પૂરાએલું, મેં આંધળાએ અથાગ જહેમતે પ્રાપ્ત કરેલું જ્ઞાન હું ઠાલવી દઉં. છે કોઇ એવો શિષ્ય?' સંન્યાસીની હાક નદીના પાણીના કિલકિલાટમાં સમાઇ જતી. વાતાવરણ, જાણેકે, આ અંધ સાધુની મશ્કરી કરતું હતું. 'અરે સાધુ! વૃદ્ધ થયો છે, અંગો ગળ્યાં છે, દેહ જીર્ણ થયો છે, માથાના વાળ ખરી પડ્યા છે, મોઢું દાંત વગરનું બની ગયું છે; શા માટે વિદ્યાની પણ ઉપાધિ કરે છે? શા માટે એનો પણ ત્યાગ નથી કરતો? કરી દે. બીજા સાધુઓની માફક ભીખ માગી ખા બીજા વૈરાગીઓની માફક ભગવાનો વેપાર કરી લે. જે લોકોને ઉદ્ધાર જોઇતો નથી એમનો ઉદ્ધાર કરવાની આવડી વસમી વેદના શા માટે કરે છે?'

એ સંન્યાસી તે દંડી સ્વામી વિરજાનંદ સરસ્વતી.

પંજાબના કર્તારપુર જિલ્લાના ગંગાગ્રામ નામના ગામના નારાયણ દત્ત નામના સારસ્વત બ્રાહ્મણનો એ પુત્ર. પાંચ વર્ષની એ બાળકની ઉમર થઈ ત્યારે એને શીતળા નીકળ્યાં એમાં એની બે ય આંખો ગઇ. પાંચ વર્ષની ઉમરે અંધ બનેલો બાળક અગિયાર વર્ષની ઉમરે માતાપિતા બંનેને ગુમાવી બેઠો. મોટાભાઈ ને ભાભીને આ આંધળો છોકરો ભારે પડ્યો. બારમે વર્ષે છોકરાને ભાઇભોજાઇનું ઘર અસહ્ય બન્યું. આંધળો બાળક એકલો અટૂલો એક અંધારી રાતે ઘર છોડી જંગલમાં નાઠો.

પછી તો એ બાળકને વિરજાનંદ સરસ્વતીના દંડી સંન્યાસીના સ્વરૂપે છત્રીસ વર્ષની ઉમરે એક સવારે ગંગા નદીના જલમાં સ્નાન કરતો આપણે જોઇએ છીએ. એની અમાપ વિદ્વત્તા ઉપર પંડિતો આફ્રીન પોકારતા થયા હતા. એના અગાધ જ્ઞાનની પાછળ રાજાઓ ધન ન્યોછાવર કરતા થયા હતા. એણે પચીસ વર્ષ ક્યાં ગાળ્યાં? એક અક્ષર પણ ન વાંચી શકનાર એ અંધ બાળકે આટલી ઊંડી વિદ્યા ક્યાંથી મેળવી? કેમ મેળવી? આ સવાલોના જવાબ દઇ શકાય એમ નથી. માત્ર એક વાત છે. એ અંધ બ્રાહ્મણ બાળકે અગિયાર વર્ષની વયે ઘર છોડ્યું.

સંન્યાસી સ્વરૂપે છત્રીસ વર્ષની ઉંમરે મથુરામાં ઝુંપડી બાંધી. એ બાળક અજ્ઞાન હતો. આ સંન્યાસીની વિદ્યા અગાધ હતી.

એક દિવસ સંન્યાસીના ચેલાને એક બીજા શાસ્ત્રીના ચેલા સાથે કાંઇક વાદ થયો. શિષ્યોનો વાદ ગુરુઓને કાને આવ્યો ને ગુરુઓ એ વાદમાં ઊતરી ગયા. આ વાદ મથુરાથી બહાર પહોંચ્યો ને કાંઇક લાગવગે ને કાંઇક લાલચે બીજા પંડિતોએ શાસ્ત્રીનો પક્ષ સાચો કહ્યો સંન્યાસીને પોતાના પક્ષની વાસ્તવિકતામાં શ્રદ્ધા હતી. પોતાના પક્ષને મજબૂત બનાવવા માટે એણે શાસ્ત્રીય પ્રમાણો શોધવા માંડયાં. જુદાજુદા ગ્રંથો તપાસાવ્યા, વંચાવ્યા. એકાએક સંન્યાસીનાં પ્રજ્ઞાચક્ષુ ઊઘડી ગયાં. જેમજેમ એ પ્રાચીન પુસ્તકો જોતા ગયા તેમતેમ એમાંથી પોતાના પક્ષનાં પ્રમાણોને બદલે ક્રાંતિની ચીનગારીઓ મળવા માંડી. મૂર્તિપૂજા, મતમતાંતરો, નાતજાતના ભેદો, ફરજિયાત વૈધવ્ય, બાળલગ્ન વગેરેના સ્પષ્ટ નિષેધો એણે જોયા. એક સંસ્કૃત સમાસની વિભક્તિના શોધનારાને એક નવી જ સૃષ્ટિ દેખાઇ.

સંન્યાસી વિરજાનંદે એ બધું જોઇને કહ્યું 'બેટા રંગાચાર્ય! આ તમામ પુસ્તકો ઉઠાવી લે.'

પુરાણ, મહાભારત, ભાગવત, સિદ્ધાન્તકૌમુદી વગેરે ગ્રંથો ઉપાડીને શિષ્ય રંગાચાર્ય ગુરુની પાછળ ચાલ્યો. 'ફેંકી દે એને નદીમાં! બેટા, આજથી એક વાત હૈયે જડી રાખજે. ધર્મને માટે માનવી નથી, પરંતુ માનવીને માટે ધર્મ છે. જે ધર્મ આ લોકમાં સુખ નથી આપતો એ ધર્મ પરલોકમાં શું સુખ આપશે? બેટા, ધર્મ ધરણી ઉપર રહે, આસમાનમાં નહિ.'

અને ત્યારથી સ્વામી વિરજાનંદ એક શિષ્ય રાખીને નિત્ય નવા ગ્રંથોનો નવી જ આંખે અભ્યાસ કરવા માંડ્યા. વ્યાકરણની ચાવીથી એણે વેદો ઉપર વાસેલાં તાળાં ખોલ્યાં, વેદોના થઇ ગએલા અર્થોને અવગણીને પોતે જાતે વેદોના અર્થ વિચારવા માંડયા. પોતાની દૃષ્ટિએ એમણે વેદોમાં સમાજોદ્ધાર ને લોકકલ્યાણના રાહો જોયા. લોકસંગ્રહના ધર્મને એમણે એમાં જોયો. સમાજની આસપાસ વીંટળાએલાં વહેમો અને પાખંડનાં બંધન તોડી ફોડી એક સ્વાધીન સમાજની રચનાની તમન્ના એના અંતરમાં જાગી. પણ પોતે શું કરે? પોતે આંખે અંધ, દેહે દુર્બળ અને નિત્યદર્દી હતા. ત્યારથી કોઈ લાયક શિષ્યની દુઃસહ ભૂખ એને લાગી. 'કોઇ શિષ્ય મળે તો એને વર્તમાન મતમતાંતરોથી પર એવી મારી અગાધ વિદ્યા આપું. વર્તમાન યદ્વાતદ્વા, છીછરિયુ, નિર્બળ અને આળતરી સમાજથી અનોખા એવા નિર્ભય સમાજની રચના એને બતાવું. મારો કોઇ વિદ્યા-વારસ મળે તો જ મારી વિદ્યા સાર્થક બને.'

પૂરાં પિસ્તાલીસ વર્ષથી એ સંન્યાસી મથુરામાં પાઠશાળા ચલાવતો હતો. પરંતુ કોઇ શિષ્ય ઉપર પોતાના સંસ્કાર-વારસ તરીકે એની નજર ન ઠરી. હવે તો એની ઉંમર પણ વૃદ્ધ થઇ. એંશી વર્ષના વાર્ધક્યના ભાર એના દેહને થકવવા લાગ્યા.

હવે એના હૈયામાં શુષ્ક વૈરાગ્ય આવ્યો છે. પઠનપાઠન કે સ્વાધ્યાયમાં એ સંન્યાસીને હવે કોઇ રસ નથી રહ્યો. મૃત્યુ નજીક આવતું જાય છે. ને એ મોતની રાહ જોતો એ બેઠો છે.

સં. ૧૯૧૭ના કારતક માસની સુદ બીજની અંધારી-અજવાળી રાતે એની પર્ણકુટિના દરવાજાની સાંકળ કોઇએ ખડખડાવી.

'કોણ છે?' વિરજાનંદે પૂછ્યુ.

'સંન્યાસી' બહારથી કોઇએ જવાબ આપ્યો.

'તારૂં નામ શું?'

'દયાનંદ સરસ્વતી.'

'શા માટે આવ્યો છે?'

'શિષ્ય બનીને ગુરુસેવા કરવા ને ગુરુ પાસે વિદ્યા શીખવા.'

'હમ સંન્યાસી કો પઢાતે નહિ. ચલે જાઓ યહાંસે' ડોસાનો થાકેલો અવાજ આવ્યો.

એક શિષ્યે વિરજાનંદને કહ્યું: 'ગુરુદેવ, શિષ્ય સંન્યાસી હો કે બ્રહ્મચારી આપની પાસે આવ્યો છે તો અધ્યયન કરવા આપ એને અધ્યયન કરાવોને? પછી તો ગુરુદેવની ઇચ્છા.'

'ભણાવતાં ભણાવતાં હવે તો હું થાકી ગયો. મારી વિદ્યા ગ્રહણ કરી શકે, મારો અર્થ સારે એવો કોઇ શિષ્ય મને હજી નથી મળ્યો હું હવે પઠનપાઠન સ્વાધ્યાય તમામ બંધ કરી દેવાનો છું પણ વત્સ! તું કહે છે ત્યારે એક નવો શિષ્ય ભલે આવે.'

અને શિષ્યે પર્ણકુટિના દરવાજા ઉઘાડ્યા. ઝાંખા પ્રકાશમાં એક તેજસ્વી અને કદાવર કૌપીનધારી દંડી સંન્યાસી અંદર આવ્યો. ગુરુપદનો સ્પર્શ કરીને બેઠો.

થાકેલા શિક્ષકે અર્ધ નિરાશાથી દાખલ કરેલો એ શિષ્ય દયાનંદ સરસ્વતી એ એવો શિષ્ય હતો કે જેની સ્વામી વિરજાનંદ પિસ્તાલીસ પિસ્તાલીસ વર્ષથી રાહ જોતા બેઠા હતા.

ત્રણ વર્ષ દયાનંદ સરસ્વતીએ સ્વામી વિરજાનંદની પાસે રહીને અભ્યાસ કર્યો. જેટલો શિષ્ય સહનશીલ હતો એટલા જ ગુરુ ક્રોધી હતા. ગુરુ આ શિષ્યને મારતા, ઠપકો આપતા, પર્ણકુટિ બહાર કાઢી મૂકતા. શિષ્ય બધું આનંદે સહન કરતો, કેમકે આ તમામ શારીરિક વેદનાને એક ક્ષણમાં ભુલાવી દે એવું વિદ્યામૃત એ ગુરુના કંઠમાંથી પીતો હતો.

એક શિષ્યે કહ્યું: 'ગુરુદેવ આપ અમને કાંઇ નથી કહેતા ને દયાનંદને જ કેમ વઢો છો—મારો છો? એનો શો અપરાધ છે?'

ગુરુ હસ્યા: 'બેટા, તમને સહુને શું કહું? તમને હું ભણાવું છું: દયાનંદને હું ઘડું છું. ભવિષ્યમાં એ સમર્થ બનશે, એટલા માટે હું એનો ઘાટ ઘડું છું.'

અધ્યયન પૂરૂં થયું ને ગુરુ અને શિષ્યને વિખુટા પડવાની વેળા આવી. નિયમ મુજબ દયાનંદે પણ ગુરુદક્ષિણા આપી: અર્ધો શેર લવિંગ. ગુરુએ મુખ ફેરવી લીધું. ફરીને દયાનંદે ગુરુદક્ષિણા ધરી. ગુરુએ ફરીને મુખ ફેરવી લીધું: 'દયાનંદ, તારા ઉપર તો મેં મોટી આશાઓ બાંધી હતી.'

'ગુરુદેવ, હું અપરિગ્રહ વ્રતધારી સંન્યાસી. હું આપને બીજું શું આપી શકું?'

'તારી પાસે છે; તારાથી અપાય એવું છે. બોલ, તું મને હું માગું એ ગુરુદક્ષિણા આપીશ?'

'ફરમાવો મહારાજ.'

'વત્સ, તારી પાસેથી મારે એ દક્ષિણા જોઇએ છે કે તું જા, આ દીનહીન દેશ પર ઉપકાર કર; આ દેશનો તું સુધારો કર. તારી વિદ્યા અને શક્તિ દરિદ્રોની અને દેશની સેવામાં ખર્ચજે. સત્ય અને જ્ઞાનનો પ્રચાર કરજે.'

ગુરુની એ આજ્ઞા લઇને દયાનંદ સરસ્વતી મથુરાની એ પર્ણકુટિમાંથી નીકળ્યા. તે પછી ચારવર્ષે વિરજાનંદનો દેહાંતથયો.

સ્વામી વિરજાનંદ આ રીતે યુગદ્રષ્ટા હતા. કોઇપણ સુધારણાની આગેકદમ પ્રવૃત્તિમાં દ્રષ્ટા અને સૃષ્ટા બે ય જોઇએ. શિવાજીની પાછળ શ્રી સમર્થ હોવા જ જોઇએ. રાણા રાજસિંહની પાછળ પ્રાણનાથ પ્રભુ હોવા જ જોઇએ. જેવા ગુરુ તેવા શિષ્ય. જેવા શિષ્ય તેવા ગુરુ. સ્વામી દયાનંદ સરસ્વતીના સ્વામી વિરજાનંદ એવા પ્રેરણાદાયી ગુરુ હતા.

બર્નાર્ડ શૉના મંતવ્ય પ્રમાણે માનવીઓના વામન સમાજમાં કુદરત કોઇકવાર પુરુષોત્તમ (Superman) ફેંકે છે. દયાનંદજી એવા પુરુષોત્તમ હતા. એના યુગમાં વામનોમાં એ વિરાટ લાગતા. એ પુરુષોત્તમની વિચારસૃષ્ટિ ઉપર અંધ શ્રદ્ધાના પડદા ફાડી દેવાને માટે જ્યારે પુરોહિતો, પંડિતો ને શાસ્ત્રી દોડી આવ્યા ત્યારે એ અંધકારને વિદારવાનું જે બ્રહ્માસ્ત્ર આ પુરુષોત્તમ વાપરતા, એ અસ્ત્ર એમને સ્વામી વિરજાનંદજીએ આપેલું. એ વાત દયાનંદ પોતે કદી ય નથી ભૂલ્યા; દયાનંદજીના અનુયાયીઓ પણ નહિ જ ભૂલે. (ફુલછાબ)

કોઈનું શાળાજીવન

સવારમાં તે ઊઠ્યો ત્યારે તદ્દન થાકેલો જણાતો હતો. માથું દુખતું હતું. જાણે ભયંકરતાભર્યું કોઇ ભાવી માથે ઝઝુમી રહ્યું હોય તેમ તેને ડર લાગતો હતો. તેના જ વિચારમાં તે ડૂબી ગયો. ઉનાળો તો ચાલ્યો અને હવે ઉપરના વર્ગોમાં જોડાવાનું.

તેને હવે પોતાના વિચારો દબાવી દઇને બીજાના વિચારો મગજમાં ઠાંસવાનું આવ્યું. હાલ સ્વતંત્ર વિચારશક્તિ કેળવીને શું કરવું? પોતાનું જીવનલક્ષ્ય હજુ કેટલું દૂર છે? અમુક વર્ષ તો ખેંચી કાઢવાનાં જ. જાણે ભારખાનાની ટ્રેનમાં બેઠા. તેનું એંજિન મુદતે મુદતે થોડો વખત જુદાંજુદાં સ્ટેશનોએ રોકાતું જાય ને ત્યાં સ્ટીમ વધી જતી લાગે ત્યારે જરા કાઢી નાખે. બોર્ડે નક્કી કરેલા વખત પહેલાં આગળના સ્ટેશને તો તેનાથી જવાય નહિ એટલે બીજું શું કરે? અમુક મુદત પાળવી જ એ કાયદો!

બાપાજીને લાગતું કે છોકરો ફિક્કો રહે છે; પણ એ તો કદાચ તેની માતાના મૃત્યુના પરિતાપને લઇને હશે એમ માન્યું.

નિશાળે જવાનું આવ્યું. ઉનાળામાં તેણે ખૂબ રસિક વાર્તાઓ વાંચી હતી અને તેમાંથી ઉમરે પહોંચેલાં માનવીઓનાં મનોમંથનોના નિત્ય સહવાસમાં રહીને પોતાને પણ સમાજની એવી એક વ્યક્તિ માનતો બન્યો હતો. હવે શિક્ષકો પણ વધુ પરિચય બતાવવા લાગ્યા. બીજા છોકરાઓ પણ મોટા થયા હોય તેમ છૂટ લેતા; અને તેમની સાથે તેને પણ લેવી પડતી. તેને વિચાર આવવા લાગ્યા કે આ શિક્ષણનું થાણું તેને પોતાની સમાજમાં યોગ્ય પદ મેળવી શકે એવો બનાવવા નિર્માયું હતું ત્યાંથી તેને શું મળ્યું? તેનામાં શી મહત્તા આવી?

બધો અભ્યાસક્રમ ઉપરના વર્ગોને અનુસરીને ઘડાયો હતો, જેથી નીચેના વર્ગો એમ જ માને કે ઉપરના વર્ગોવાળા શ્રેષ્ઠ માનવીઓ છે. પ્રોફેસરો વારંવાર કઠોર બનીને વિદ્યાર્થીઓને સંભળાવતા કે જુઓ તમે નીચેના કેટલા યે માનવીઓ કરતાં ઉચ્ચ શિક્ષણ લઇ રહ્યા છો! તેઓ બિચારા જ્ઞાનશૂન્ય રહેવાના. વિદ્યાર્થીઓ એ સાચું માનતા. મોટા પાયા પર ગોઠવાએલી શિક્ષણજાળનો આ દંભ પરખીશકે એટલી તેમનામાં ગતિ નહોતી.

પણ તેઓ શું પોતાના અભ્યાસ-વાચનમાં સાચો આનંદ કે લિજ્જત લેતા થયા હતા? જરા યે નહિ. અને તેથી પ્રોફેસરો રોજરોજ તેમની સામાન્ય વૃત્તિઓને જાગૃત કરતા રહેતા મોટી પદવી, સ્વસુખ અને દ્રવ્યપ્રાપ્તિની વાતોથી તેમને આકર્ષી રાખવા પડતા. આહ! શાળાની આ ભયંકર માયાજાળ! એક પણ વિદ્યાર્થી ખાત્રીપૂર્વક નહોતો સ્વીકારતો કે આ ખૂનેબાજ બાદશાહોનાં નામો અને તેમની તિથિઓ ક્રમવાર યાદ રાખવાથી અગર મૃત્યુ પામેલી ભાષાઓની ગોખણપટ્ટીથી અથવા અનેક લૅટિન નામો અને તેના અર્થો યાદ કરવાથી કોઇ ફાયદો થશે? માપિયું લઇને એક ખૂણાના ત્રણ ભાગ એક મિનિટમાં સરળતાથી થઇ શકે તેના સિદ્ધાંતો ગણવાને કેટલા કલાક મથામણ કરવી પડતી!

સહેલી અને ક્રિયાત્મક રીતો માટે કૉલેજમાં તિરસ્કાર હતો. તેમના જ કેટલાક ઓળખીતા પાઠશાળામાં જઈ બે વર્ષમાં સંસ્કૃત જેવી વિદ્યા કેટલી જલદી શીખી લેતા! જ્યારે કૉલેજના આ વિદ્યાર્થીઓ લિજ્જતથી સંસ્કૃત વાક્યોચ્ચાર પણ કરી ન શકતા. મૌલિક જ્ઞાનવાળા બધા તેમને મન મૂર્ખો.

પણ કોઇ તેમને પૂછે કે ભાઇ, ભાષા તો મનુષ્યવિચારનું સ્વરૂપ લેવાને જ સરજાઇ છે ને? ત્યારે ભાઈ કોઇ પ્રોફેસર પાસેથી કોઇ પુસ્તકનું વાક્ય શીખી આવેલા તે બોલે કે 'નહિ નહિ; માનવ વિચારને છુપાવવાને ભાષા છે.' આવો ચતુરાઇભર્યો જવાબ આપી પોતાની શ્રેષ્ઠતા ગણાવી ગર્વે ફુલાતા એવા વિદ્યાર્થીને સમાજ પણ વધુ પ્રશ્નો શાના કરે?

અને એમની રસિકતા કેવી? બધી વાતો ઉછીની આણેલી અને માની લેવાની, અને દરેક પ્રસંગ કે વર્તન ઉપર એક ઉપરચોટિયા, સફાઇદાર, દંભભરી છટાની જૂઠી શોભા માત્ર. મહાન કવિઓનાં કાવ્યો વાંચે, પ્રકાશ, ભાવના, ઊર્મિ, એવી ટીકાઓ કરે; પણ એ જ વિદ્યાર્થીઓની ખોટી ખાનદાની કે અસભ્ય ચારિત્ર્ય ઢાંકવાનાં ખોટાં સર્ટિફિકેટો જ તેઓ શું મેળવી શક્યા હશે તે કહી આપે છે. તેમને પ્રકાશ એ મળ્યો છે કે ઉચ્ચનીચના ભેદો વધુ શીખ્યા છે! એ વિદ્યાને લીધે

તો તેઓ ગરીબ ગામડિયા કે મજૂરને સમાજના ઊતરતા વર્ગો ગણતા શીખ્યા!

કૉલેજની કેળવણી વિનાનો કોઇ માણસ સમાજમાં નેતા બને યા પ્રકાશ ફેલાવે તો આ ઉચ્ચ કેળવણી પામેલું લશ્કર તેમનો ઉપહાસ કે ઠઠ્ઠા કર્યા વિના ન જ રહે, અને બને તો તેને પાછો પણ પાડે. ખૂબ નિરાંત વાળા, યુનિવર્સિટી માટે ખર્ચ ન કરી શકેલા તેમના મિત્રો તરફ જરા તિરસ્કારથી જોતા, ખૂબ ખાઇપી મસ્ત રહેતા, આ ઘમંડી સંસ્કારી સજ્જનો વિદ્વાનો કેવાં આબાદ જુઠાણાં ચલાવે છે! અરેરે, આ કેળવણીથી તેઓ દુનિયાને ઠગે છે કે તેઓ જાતે જ ઠગાયા છે એ કોણ કહેશે? —ઑગસ્ટ શ્રાઈનબર્ગ

ધૂળમાંથી પૂંજી

લંડનમાં એક ત્રીસ જ વર્ષની વયનો આદમી છે. નાનપણમાં તે ઑસ્ટ્રેલિયામાં ચિઠ્ઠીપત્રી લાવનારો નોકર હતો, તે આજ ફેંકી દેવાની ચીજો પર ધંધો કરી માલેતુજાર બની ગયો છે. એનું નામ મિ. લેવી. ૧૯૨૭માં તેને ખબર પડી કે બ્રિટિશ કૉન્ટ્રાક્ટરો પાસે અરધો લાખ જેટલી બૂટની મોટી પડેલી જોડીઓ છે જે કોઇના પગને બેસતી નહિ થવાથી રદ થઇ પડેલી છે. ચામડાના આ રદ્દી માલનું શું કરવું એમ બીજાઓ માને; પણ મિ લેવીને તો તેમાં નસીબ તેજ કરતું દેખાયું અને એ બધી જોડ તેણે મામૂલી કિંમતે ખરીદી લીધી. તેના ધ્યાનમાં હતું કે ઘણા રશિયનો અને અફઘાનો પગે પાટા બાંધીને જોડા વિના ચલાવી લે છે; એટલે બહુ મોટી જોડ તેણે ત્યાં ધપાવી દીધી. લશ્કરી જોડામાં ઉપરનો ભાગ તો એકસરખો જ હોય છે એટલે બાકીની જોડીઓનાં નાનાં તળિયાં ઉઠાવી તેમાંથી નવી જોડો ઊભી કરી.

લશ્કરી નિશાનીની પટ્ટીઓ કરવા વારના વાર રંગબેરંગી રિબનો પડી હતી. મિ. લેવી એમાં પડ્યો અને તેમાંથી રંગબેરંગી કમરબંધ બનાવ્યા, જે કેટલીક લશ્કરી પલટનો ખાસ પસંદ કરતી. તે જ પ્રમાણે કેટલાક રેજિમેંટના ઊની રૂંવાટીવાળા સાંકડા ગલેબંધો સસ્તે સામટા ઉપાડી તેમાંથી પાંચપાંચ સાંધી મજાના ગરમ ધાબળા ઉપજાવ્યા અને સારી કિંમતે વેચ્યા.

મિ. લેવીના જીવનમાંથી ધંધાની તેમજ અનુભવની ઘણી કિંમતી સૂચના મળે છે. હાથ પર જે આવ્યું તેને કેવી રીતે ઉપયોગી બનાવવું તેની કળા તે સારી રીતે સમજે છે. આપણે પણ ચારે તરફ નજર કરીએ તો એવું ઘણું મળી આવે.

યુનિવર્સિટીની તાલીમનાં સુફળો

હિંદુસ્તાનમાં નહિ પણ અમેરિકાના દક્ષિણ પ્રાંતોમાં લાખો ડૉલરની સમૃદ્ધિ ત્યાંની બે યુનિવર્સિટીના પ્રતાપે વધી પડી છે. સંશોધન અને પ્રયોગોથી ત્યાંના વિદ્યાર્થી રસાયણીઓએ કપાસિયામાંથી બીજી નિકાસોની હરીફાઇમાં ઊતરે એવા દારૂ, લખવાના કાગળ, એરોપ્લેનની પાંખો, વાર્નિશ, ફોટોગ્રાફિક ફિલ્મ, ગ્રામોફોન રેકર્ડો વગેરે બનાવ્યાં છે. આ છેલ્લી ચીજો તો માત્ર કપાસિયાના છાલામાંથી બનાવી; અને તેના ગર્ભમાંથી સાબુ, ચરબી, ધોવાનો પાઉડર, બ્રેડ અને ફટાકડા બનાવ્યા છે! આને લીધે કપાસિયાની મિલોમાં ઘણાને રોજી મળવા લાગી છે.

દુનિયાનો સૌથી વજનદાર હીરો

'જ્યૂબિલી' સર દોરાબ તાતાની માલિકીમાં છે. ઇ. ૧૮૦૩ના જૂનની ૩૦મી તારીખે તે આફ્રિકાના ઑરેન્જ રિવર સંસ્થાનની જૅગર્સ ફૉન્ટીન નામની ખાણમાંથી મળી આવ્યો હતો. તેનું વજન ૨૩૯ ઇન્ટરનૅશનલ કૅરેટ (૨૦૫ મિલિગ્રામ) થાય છે. તે ૧$\frac{7}{}$ ઇંચ લાંબો, અને ૧$\frac{}{}$ ઇંચ ઊંચો તથા એક ઇંચ દળનો છે. જરા ભૂરાશવાળી સફેદાઇનો સાફ પાણીદાર એ હીરો દુનિયાનું બેનમૂન નંગ ગણાય છે. કુલીનન નામનો વિખ્યાત બ્રિટિશ હીરો પણ હવે તેનાથી ઊતરતે નંબરે આવે છે. પ્રખ્યાત કોહીનૂર તો હવે લગભગ બારમે નંબરે ઊતરી ગયો છે. આ 'જ્યૂબિલી' હીરો પહેલાં એકસેલ્સીઅરના નામે જાણીતો થયો હતો, પણ મહારાણી વિક્ટોરિયાની જ્યૂબિલી પ્રસંગે તેનું નામ બદલીને 'જ્યૂબિલી' પાડવામાં આવ્યું.

મિનિટો અને સેકંડો કોણે ચાલુ કરી?

ઘડિયાળની મિનિટો અને સેકંડો અતિ પ્રાચીન કાળની સંસ્મૃતિ છે. કલાકના સાઠ ભાગ તે મિનિટો અને મિનિટના સાઠ ભાગ તે સેકંડો, એ પરિમાણ સૌથી પ્રથમ શરૂ કરનાર પ્રાચીન બૅબીલોનની ખાલ્ડિયન પ્રજા હતી. ખાલ્ડિયનનો અર્થ 'ખગોળવેત્તાઓ' થાય છે; અને એ પ્રજાએ છેક એ કાળમાં પણ આકાશનાં અચૂક ગણિત તૈયાર કરી નાખ્યાં હતાં. તેમણે જોયું કે સૂર્ય બરોબર બાર મહિને પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરે છે. આ ઉપરથી એમણે સૂર્યની રોજની ગતિ કાઢી અને તે પરથી ડિગ્રી કાઢી. તેમની રીતમાં સાઠનો આંક બહુ પ્રધાન રહેતો અને તેથી સાઠ તેમ જ તેના બીજા ગુણાકાર ભાગાકાર તેમની ગણત્રીમાં આવતા. તેઓએ જ કલાકના સાઠ ભાગ કર્યા અને દરેક ભાગમાંથી સાઠ સેકંડો કરી. (ટાઈમ્સ)

નાળીએરની આખી કાચલી કેમ મેળવાય?

ફિલિપ્પાઇન ટાપુઓના કુમારો પાસે ચવલીપાવલી ભેગી થાય ત્યારે તે સાચવવાને તેઓ બજારુ ડાબલીનો ખર્ચ કરતા નથી, પણ નાળીએરી પરથી મનગમતું લીલું નાળીએર પાડીને તેમાં કાણું કરી તે ભોંય પર મૂકી દે છે. થોડી જ વારમાં કીડીઓનાં ધણનાં ધણ તેમાં દાખલ થઇ જાય છે અને અંદરનો બધો ગર ખાઇ જઈ એવું તો સફાચટ કરી મેલે છે કે જાણે કોઇએ બહુ કાળજી અને મહેનતથી હાથ વડે તે ઘસીને તૈયાર કર્યું ન હોય! કાચલીના માલિકને પછી જરા યે તકલીફ લેવાની નહિ. ઉપરથી માત્ર છાલાં ખેંચી કાઢે એટલે મજાનો ગોળ ડાબલો થઇ જાય. પછી પેલું કાણું સમારીને સાફ ગોળ બનાવી દાટો લગાવી દે એટલે નાની કરકસર પેટી બની ગઇ!

એવરેસ્ટનો હિમપુરુષ

મેથાબંગીના તિબેટિયનો આ અદ્‌ભુત હિમપુરુષની અનેક વાતો કરે છે. સૈકાઓથી તેમની લોકકથાઓમાં તેનો ઉલ્લેખ થયાં કર્યો છે. લાંબા વાળથી ઢંકાએલો એ માનવ બરફની અગોચર અગમ્ય ધારો પર વસે છે એમ મનાય છે. એનું નામ લેતાં તિબટવાસીઓ ભયભીત બને છે. તિબેટમાં કોઇ છોકરૂં તોફાન કરે કે રડે તો તેને ચૂપ કરવાને આ હિમ-પુરુષનો હાઉ બતાવી બીવડાવવામાં આવે છે. રખેને કોઈને તે દેખા દે તો પોતાના બાળકને બચાવવાને માતાઓ કીમિયો બતાવે છે કે તેને જોઇને ડુંગર ઉપર ન ભાગતાં નીચે દોડી જવું, જેથી તે હિમપુરુષ પોતાના લાંબા વાળમાં જ ગુંચાઇ જઇ નજર ભૂલે છે અને પાછળ પડી શકતો નથી.

આ તો બધી લોકમાન્યતા છે, અને પહાડીઓને તેમાં જરા યે શંકા નથી. પરંતુ હમણાં જે જે ચોંકાવનારી બીનાઓ મળે છે તે પરથી વાત તદ્દન બીનપાયાદાર તો નથી જણાતી. કદાચ આ હિમપુરુષનું અસ્તિત્વ હો યે ખરૂં એમ માનવાને, ઉલટાં કારણો મળે છે. સીનૉર એ. ટૉમ્બાઝી નામનો એક ઇટાલિયન શોધક ૧૫,૦૦૦ ફીટની ઊંચાઈના ત્રિવેણીગંગાના શિખરોની પર ફોટોગ્રાફિક નોંધ કરવા એકબે વર્ષ ત્યાં રહ્યો હતો. તે એક વેળા પોતાના અત્યંત દૂરદર્શી દૂરબીનથી ભવ્ય ગિરિમાળાઓ પર નજર ફેરવતો હતો એવામાં તેને આશ્ચર્ય થાય એવી ઊંચાઈ પર વાળથી ઢંકાએલું, માનવી જેવું કોઈક ટટ્ટાર ચાલી જતું દેખાયું

કેટલી યે મિનિટો સુધી તેના પર તેણે દૂરબીન ટકાવી રાખી જોયું તો તે માણસની પીઠ દેખાતી હતી. અને તે તેના જબરદસ્ત પંજાથી પહાડ પર ઊગેલી ઝાડી કાપતો અટકતો આગળ જતો હતો. તે ઉપર ને ઉપર ગતિ કર્યે જતો હતો એટલે થોડી જ વારમાં દેખાતો બંધ થયો.

એ ઇટાલિયન શોધકે તેની પાકી નોંધ આપતાં જણાવ્યું છે કે બરફ ઉપર તેની ઘેરી આકૃતિ સ્પષ્ટ ઊડી આવતી હતી, તેમાં લાંબા વાળથી તેનું શરીર છવાએલું હતું તે પણ કારણ હોય. આ બનાવથી વધુ કુતૂહલ ઉપજવાથી તે નજરે જોએલી એ જગ્યા ઉપર જાતે જવા ઊપડ્યો અને કેટલાક કલાકોએ અને ઘણી મુસીબતે ત્યાં પહોંચ્યો. ત્યાં તેને ખાત્રી થઇ કે તેણે જોએલી વસ્તુ માત્ર ભ્રમણા નહોતી. તેની નજર સામે જ બરફમાં ચોખ્ખાં પગલાં પડેલાં હતાં. તે બધાં છ ઇંચની લંબાઇનાં અને આંગળાં આગળથી પહોળા પંજાવાળાં, પણ માણસને મળતાં જ હતાં. તે જોઇને તેના પહાડી મજૂરો તો ભયભીત બની ગયા અને ત્યાંથી એક ડગલું પણ આગળ જવાની ઘસીને ના પાડી.

૧૯૨૨માં એવરેસ્ટ પર જનાર અંગ્રેજ શોધકોને ૨૨,૦૦૦ ફીટ ઉપર એવાં જ પગલાં દેખાયાં હતાં. જેણે કદી જોડા કે પગરક્ષણ ન વાપર્યું હોય એવા માનવ પગોની જ એ નિશાની-ઓ હતી; છતાં એટલી ઊંચાઇ પર સાધારણ માનવ વસવાટ અશક્ય લાગતો હતો. એમના મજૂરોએ પણ ખાત્રીથી જણાવ્યું છે કે એ પગલાં મેથાબંગીનાં જ હોવાં જોઇએ. પણ પેલા શોધકો એવા વહેમમાં માનતા ન હોવાથી તે કોઈ મોટા પહાડી વરૂ-ઓનાં પગલાં હશે એમ નિર્ણય બાંધ્યો. જોકે તે નિર્ણય બંધબેસતો થતો નહોતો.

એવરેસ્ટની ઉત્તર બાજુના તિબેટવાસીઓ અને દક્ષિણ બાજુના નેપાલીઓ તો નક્કી માને છે કે એવરેસ્ટના શિખર પર હમેશાં દેવોનો વાસ રહે છે. પર્વતનો એકએક ખડક એકએક ઝરો સુદ્ધાં કોઇ ને કોઈ દેવનું સ્થાન હોય છે, તો પછી આ જગત શિરોમણિ એવરેસ્ટ પર તો કોઇ સમર્થ સત્તા વસતું હોય એમાં શી શંકા ? એ માન્યતાથી તેના પર સવારી કરવાનો પ્રયત્ન કરવો એ તેનો કોપ વહોરી લેવા જેવું તેઓ માને છે.

નેપાળીઓ ત્યાં શિવપાર્વતીનો વાસ હોવાનું માને છે. તેમના એકાંતમાં પ્રવેશ કરવાથી અનેક આપત્તિ અને અનર્થો માનવજાતિ પર ઊતરશે એવો ભય તેઓ ધરે છે. પહાડ પરથી કોઇ માણસ સરી પડે અને મૃત્યુ પામે એટલે દેવે તેનો ભોગ લીધો એમ જ કહેવાય છે; અને એમ પણ માની લેવાય છે કે એ દૃશ્ય જોનારા પણ એ જ રીતે કોઇ વાર મરશે.

('ઇલસ્ટ્રેટેડ વીકલી') —રૉજર કૉર્નફોર્થ

ગરમ કપડાંનો નાશ કોણ કરે છે?

રોગનાં જંતુ, કીડીમંકોડી, ઉધઇ, મચ્છર વગેરે આપણને દેખીતો ઉપદ્રવ કરનારાં જીવજંતુને આપણે જોઇ શકીએ છીએ અથવા તેથી થતાં નુકસાનો શારીરિક અથવા વધુ ગંભીર અને તાત્કાલિક ભોગવવાં પડે છે તેને લીધે તેમને અટકાવવા આપણે ચાંપતા ઉપાયો તરત લઇએ છીએ; પરંતુ ગરમ કપડાંનો નાશ કરનારાં જંતુ ઝીણાં હોવાથી, તેમજ તેઓ કોઇપણ જાતનો રોગ ફેલાવનારાં નહિ હોવાથી કોઇ તેના અટકાવનો ઈલાજ કરતું નથી અને તેથી તેઓ સહેલાઇથી ઘરોઘર વ્યાપી રહે છે. ગાલીચા, ખુરશીઓ, કાપડ ગમે તે ચીજમાં જ્યાં રૂવાંટી કે ઊન હોય ત્યાં તેમની એકવાર પધરામણી થઇ કે પછી આવી બન્યું સમજવું.

ઉનાળામાં નજરે પડતાં કુદાં અને આ કુદાંમાં ફેર છે. આ કુદાંનાં ઇંડાંમાંથી જન્મેલી ઇયળો જ ખરેખરી ગુનેગાર છે. કુદાં તો કપડાં પર ઇંડાં મૂકી ઊડી જાય છે અને બગાઇ ગએલાં કપડાં પર તેની ઇયળ નજરે પડે છે.

કપડાંની ઘડી વચ્ચે, ઊનના તાણા વચ્ચે કે રૂવાંટીના મૂળમાં કુદાં ઈંડાં જમાવે છે. એક કુદી સાધારણ રીતે ચાલીસેક ઈંડાં મૂકે છે. દરેક ઇંડું ઝીણી પાળી પતાકડી જેવું હોય છે. એવાં ચોવીસ ઇંડાં હારોહાર મૂકો તો એક ઇંચની લંબાઈ થઇ રહે.

આઠેક દિવસમાં કુદાં મટી ઇયળ અથવા કીડ બને છે. અને જે માલમાં તે મુકાયાં હોય તે જ માલને ચાવવા માંડે

છે ઘણે ભાગે તો તે પોતાની રેશમી લાળનું ઘર રચે છે ને તેમાં જ તે માલ વાપરે છે. આમ મહિનાઓ સુધી તે ચાવ ચાવ કરે છે. દરમિયાન તેનું કદ ૩/૮ ઇંચ જેટલું વધી જાય છે. તે વખતે પેલા માલમાંથી તે એક અસ્તર પોતાનાં ઘરાં ઉપર ચડાવે છે; પણ તે એવી આબાદ રીતે કે કાપડમાં પડેલું એ કોકડું નરી આંખે ઝટ પારખી શકાય નહિ. આ તૈયાર થાય એટલે ઈયળ અંદર ભરાઇ પેસે છે અને પછી તે અજબ રીતે પાછી કુદાના રૂપમાં ધીમે ધીમે ફેરવાઇ જાય છે. એ ક્રિયા પૂરી થાય એટલે તેના ઘરા અને કોકડામાંથી પાંખોવાળુ કુદું થઇને ઊડી જાય છે. અસ્તરમાંથી બહાર પડતું કોકડું દેખાય એટલે ખબર પડે કે કુદાએ અસલ ઘર છાંડયું છે.

કપડાં પરની જીવાતની આ કથા છે. એવી જ કથા એને મળતી નુકસાની કરનારાં બધાં કુદાંની પણ છે. એટલે તેના ઇલાજો પણ એકસરખા છે. કુદાંને મારી નાખવાથી નુકસાનીનો ઇલાજ થતો નથી. ઊડતાં નજરે પડે છે તે હમેશાં નરો હોય છે. માદાઓ તો કંઇક હીલચાલ થતાં ખૂણેખાંચરે ભરાઇ જાય છે. એટલે જ્યારે કુદાં નજરે પડે ત્યારે તેમને દૂર તો કરવાં જ, પણ ખાસ તો તેઓ ઇંડાં મૂકે નહિ તેમ કરવું અથવા તેમનાં મૂકેલાં ઇંડાંનો નાશ કરવો.

કુદાંનાં ઈંડાં બહુ જ નાજુક હોય છે. અને તે તથા ઈયળ ગરમી લાગતાં જ ખલાસ થાય છે. કપડાંમાંથી ઇંડાં દૂર કરવાં હોય તો તેને તપાવવાં, તેમ જ ઝીણા ખાંચોમાં બ્રશથી ભાર દઈ ઘસવું. કપડાં તડકામાં કે ગરમી આગળ રાખવાં

લાંબા વખત માટે કપડાં મૂકી દેવાં હોય ત્યારે પહેલાં તે ધોઇને સ્વચ્છ કરી લેવાં, કારણકે કપડાંની ઇયળોને ગંદી જગ્યા બહુ ગમે છે. સાફ કર્યા પછી પણ બરોબર ઘડી કરી દાબી કાગળમાં બાંધી પૂંઠાની પેટીમાં પૅક કરી મૂકવાં જેથી કુદાં તે પર ઈંડાં મૂકી શકે જ નહિ. કપડાંની ઘડો વચ્ચે ડામરની ગોળીઓ રાખવાથી રહીસહી જીવાત મરી જશે. ગરમ કપડાં વીંટવા માટે ન્યુસપેપર કે છાપેલો કોઇપણ કાગળ વાપરવો; કેમકે આ જાતનાં કુદાંને છાપવાની શાહી ગમતી નથી. ગરમ કાપડ ઉનાળામાં મૂકી છાંડવું હોય તો ઠંડી જગ્યામાં રાખવું.

ફર્નિચરમાં આ ઇયળો પેઠી હોય તો ઢૂંઢવી મુશ્કેલ છે. અસ્તરો કે પડો નીચે તે મહિનાઓ કે વર્ષો સુધી ખરાબી કર્યાં જ કરે અને શું થાય છે તેની ખબર પડે નહિ. આ ઇયળોનો ઘણીવાર તો રાફડો ઊભરાઈ જાય છે અને તડોમાંથી બહાર પડે એટલી હદે ઘણીવાર વધી જાય છે. આવે ઠેકાણે ઊનનો જરા પણ ઉપયોગ કરવો નહિ ગાલીચા નાખવા હોય તો નીચે આડ તરીકે સુતરાઉ કાપડ વાપરવું.

નુકસાન કરનારી જીવાત માત્ર ખૂણાખાંચરા જ પસંદ કરે છે. એટલે રાતદિવસ ચીવટ રાખી ઘર, કપડાં, ફર્નિચર વગેરે ઉપર સાવરણી, બ્રશ, દવાઓ વગેરે સાથે ચડાઇઓ કર્યાં જ કરવી જેથી જીવાત માત્ર કમી થશે.

કાઠિયાવાડનાં ગામડાંમાં ભાઈબહેનોને કામ આપવાની સાદી યોજના

ગુજરાત-કાઠિયાવાડના કેળવાએલા વર્ગના તથા વેપારી ભાઇઓ અને બહાર પરદેશ વસતા ભાઇઓ જે પોતે કપાસ સંઘરી ન શકે, તેમની વતી અમારૂં કપાસ-સંગ્રહ કાર્યાલય રૂપિયા દસ મોકલ્યેથી પહેલી વીણીનો દોહલો કપાસ સંઘરશે; અને તેને કાઠિયાવાડની ગરીબ કાંતનારીઓ પાસે પીંજાવી, કંતાવી, ગરીબ વણકર પાસે વણાવી, અમારા ઉદ્યોગ-મંદિરમા રંગાવી છપાવી, સિલાઈ કરાવી તૈયાર કાપડ તેમને પહોંચાડવાની તજવીજ કરશે. આવું કાપડ સુતરના આંક ૮ થી ૧૨ સુધીનું હશે. ઉદ્યોગમંદિરમા બનતા સફેદ તથા રંગેલ છાપેલ કાપડ વિષે માહિતી પૂરી પાડવામાં આવશે. આ કપાસમાંથી બનાવેલું કાપડ એકસો વાર લગભગ થશે, અને કપાસમાંથી કાપડ બનાવતાં સુધીની મજૂરી, તેમની પાસેથી, કાપડ મોકલતી વખત રૂા. ૧૦ બાદ કરી વસૂલ લેવા પ્રબંધ થશે. પત્રવ્યવહાર કરવાનું સરનામું: રામજી હંસરાજ, ઉદ્યોગમંદિર, અમરેલી.

નવાં પુસ્તકો

સોરઠની સંધ્યા–'ફુલછાબ'ની બીજા વર્ષની ભેટ. લે. ગુણવંતરાય આચાર્ય, પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર, ફુલછાબ કાર્યાલય, રાણપુર, કાઠિયાવાડ. કિં. ૧-૪-૦. **બાપુજીની અને બીજી વાતો**–લે. કુ. કપિલા માસ્તર, પ્રકાશક:શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર; કિં. ૦-૧૦-૦. **નવનીત**–ભાગ ૧ લો, સંપાદક અને પ્રકાશક: મગનલાલ શકરભાઈ પટેલ, પાટણ (ઉ. ગુજરાત); કિં. ૩-૦-૦. **કવીશ્વર દલપતરામ**–ભાગ ૧ લો–કાવ્યદીક્ષા; લે. ન્હાનાલાલ દલપતરામ કવિ; પ્રકાશક: આનન્દ ન્હાનાલાલ કવિ, ભદ્ર અમદાવાદ; કિં. ૨-૪-૦. **દુઃખીની દુનિયામાં**–લે. વ્રજલાલ ધરમચંદ મેઘાણી; પ્રકાશક: હરખચંદ ત્રિભોવન ડોઢીવાળા, નવજીવન કાગદીની કં. સુતાર ચાલ, મુંબાઈ–૨; કિં. ૨–૮–૦. **મારી કહાણી**–લે. શ્રી પાર્વતીબાઈ આઠવલે, અનુવાદિકા: સૌ. ગોમતીબહેન મશરૂવાળા; પ્રકાશક: પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ. કિં. ૦–૮–૦. **ઢેડનો બાળક**–(એકાંકી નાટક) લે. જહાંગીર જ. વકીલ, પ્રકાશક: ધ પ્યુપિલ્સ ઓઉન સ્કૂલ, ૩ સ્ટેવલી રોડ પૂના; કિં. ૦–૨–૬. **પલ્લી-સમાજ**–શ્રી શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાય, રચિત; અનુવાદક: નગીનદાસ પારેખ, શરદ્ગ્રંથાવલિ · પુસ્તક ૨, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય · ગાંધીરોડ · અમદાવાદ. કિં. ૧–૪–૦. **ક્યારે સમજીશું ?**–ગૂર્જર બાલ ગ્રંથાવલિ પુસ્તક ૫; લે. ગિજુભાઈ; સંપાદક: રમણલાલ નાનાલાલ શાહ; પ્રકાશક: ઉપર પ્રમાણે. કિં. ૦–૩–૦. **ટૉલ્સ્ટૉયની નીતિ-કથાઓ**–લે. સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ, કિં. ૦–૩–૦. **પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ**–લે. ગિજુભાઇ; શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર; કિ. ૦–૮–૦.

ફીલ્ડમાર્શલ હેગ બહુ ઉગ્રશાસન હતો. તેણે પહેરા વખતે સીગારેટ પીવાની મનાઈ ફરમાવેલી. એક વાર એક સંત્રી એકાંત જાણીને ચૂપકીથી સીગારેટ પીતો હતો ત્યાં હેગ આવી ચડ્યો. તેને જોઇને પેલાએ સીગારેટ જમીન પર ફેંકી દીધી. કંઇ પણ બોલ્યાચાલ્યા વિના ઘોડા પર બેઠાં બેઠાં જ અતિશય કઠોર ચહેરે હેગ જમીન પર પડેલી એ સીગારેટમાંથી નીકળતી ધુમાડાની પાતળી રેખા તરફ અનિમેષ નેને—એકીટશે જોઇ રહ્યો,—તે છેક એ સીગારેટનું છેલ્લું કણ બળીને ખાખ થઈ ગયું ને ધુમાડો તદ્દન અદશ્ય થયો ત્યાં સુધી. અને પછી એક પણ હરફ બોલ્યા વિના ચાલ્યો ગયો. તે પછી કોઇએ કદી પહેરા ઉપર સીગારેટ પીધી નથી.

અનેકાર્થી શબ્દઃ **નાકું**=કાણું, વીંધ; જકાતનું થાણું; ઘણા રસ્તા મળતા હોય તેવું સ્થળ; કોઈ રસ્તાનો છેડો કે પ્રવેશદ્વાર; ગામમાં પેસવા માટે અપાતો કર.

કહેવતો કેમ પડી?–'આકડા દેખી ઘોડાં ગુડે.' બીકથી ઉતાવળમાં પોતાની જ જાતને પોતાને હાથે નુકસાન કરવા માટે વપરાતી આ કહેવતના મૂળમાં એવી હકીકત છે કે ચોમાસામાં આકડાને માથે પુષ્કળ ધોળાં ફૂલ આવવાથી, જ્યારે તે પવનથી હાલે છે ત્યારે દૂરથી માણસ જેવો આભાસ થાય છે. ઉતાવળમાં ભાગતા કોઇ લૂટારા, એ જોઇને પોતાની પાછળ વાર ચડેલી માની, પકડાવામાંથી બચવા માટે પોતાનાં ઘોડાંને કાપી નાખી ખીણોમાં ઊતરી ગએલા.

બ્રાટિસ્લાવાની યુનિવર્સિટીમાંથી કાર્લ માકૂન નામના એક પોલિસ સાર્જન્ટે હમણાં ડૉકટર ઑફ લૉઝ (કાયદા પંડિત)ની ડિગ્રી મેળવી છે. તેણે, એ માટે પોતાની રોઇંદી પોલિસની નોકરીમાંથી બચતા વખતમાં ચાર વર્ષ લગી સતત અભ્યાસ કરેલો.

દુનિયામાં નાનામાં નાનો કૅમેરા અંગુઠાના નખ જેવડો બન્યો છે.



જાપાનમાં ઘરોની બાંધણી વખતે છાપરું સૌથી પહેલું બંધાય છે!

લંડનથી માત્ર પચીસ જ માઇલ દૂર સરે પરગણાનું ક્રોહર્સ્ટ નામનું ગામડું આધુનિક સંસ્કૃતિના ભરદરિયે સુકા રણ જેવું છે. ત્યાં ગૅસ કે વીજળીના દીવા નથી, ટ્રેન ટ્રામ કે બસ નથી, હૉટેલ કે દુકાન નથી; અને નજીકમાં નજીકનું સીનેમા થીએટર પણ પાંચ માઇલ દૂર છે!

એક ટન લાકડાના માવામાંથી ત્રણ એકર ક્ષેત્રફળ પર પાથરી શકાય તેટલો કાગળ બને.

પહેલો અને છેલ્લો આંકડો જુદાજુદા હોય તેવી ત્રણ આંકડાની રકમ ધારવાનું કહો. તેને અવળી કરી, બીજી રકમ બનાવવાનું કહો. હવે એ બંનેની બાદબાકી કરાવી, બાદબાકીને, ખુશી પડે તે રકમ વડે ગુણાવો. એ ગુણાકારમાંથી ગમે તે આંકડો (મીંડાં સિવાય) છેકી નાખવાનું કહો, ને બાકીની રકમ પૂછો. હવે તમે, તેણે કહેલી રકમના આંકડાનો સરવાળો કરો તેને નવ વડે ભાગતાં જે શેષ વધે તે નવમાંથી બાદ કરો જે વધે તે જ તેણે છેકી નાખેલો આંકડો.

એથીઓપીઆમાં મીઠાની સળીઓ ચલણી નાણા તરીકે ચાલે છે.




બ્રૂકલિનની મિસ પેગી હર્ઝરાઈડરે પકડેલી આ સીઆમી ચકલીઓ બંને કુદરતીરીતે જ એકસાથે જોડાએલી છે.

અમેરિકા કોલંબસે નહિ શોધેલો, પણ તેના જન્મ પહેલાં ૪૫૦ વર્ષ ઇ.સ. ૯૮૭માં જાર્ન હલગર્ફસન નામનો આઇસલૅન્ડનો વહાણવટી, જેણે પહેલવહેલો લાબ્રાડોર જોયો, તેણે શોધેલો.

ન્યાયાધીશઃ ચુકાદો સંભળાવું તે પહેલાં તારે કોર્ટ આગળ કાંઇ રજુ કરવું છે?

કેદીઃ ના જી, મારા વકીલે છેલ્લા થોડા આના હતા તે પણ લઇ લીધા છે.



શિવલિંગના આકારનું હિમાલયનું ભવ્ય અને શુચિમનોરમ શિખર કૈલાસ, જેની પુણ્યયાત્રાની આકાંક્ષા પ્રત્યેક શ્રદ્ધાળુ હિંદુ આજન્મ સેવી રહેલો હોય છે. શિવલિંગ જેવા એ શિખરને ચરણે ધરાએલી નિસર્ગદેવીની અંજલિ સમા માન સરોવરનું સ્થાન કૈલાસના જેટલું જ પ્રાધાન્ય હિંદુ હૃદયમાં ભોગવે છે.

ફુલછાબ

સામયિક સાહિત્યનું સાપ્તાહિક

- એનો કોઈપણ અંક જુઓ અને સાહિત્યના કોઈપણ અઠવાડિક સાથે સરખાવો.
- એના ચાર અંકો ભેગા કરીને કોઈપણ માસિક સાથે સરખાવો.
- એના તેર અંકોની ફાઈલ ૧।। રૂપીઆની કિંમતના કોઈપણ પુસ્તક સાથે સરખાવો.

પછી તમારે ઝાઝો વિચાર કરવાપણું રહેશે જ નહિ.

પરવડતે ખર્ચે જો શિષ્ટ સાહિત્ય જ વાંચવું હોય તો ‘ફુલછાબ’ના ગ્રાહક થાઓ.

વાર્ષિક લવાજમ હિંદમા રૂ. ૫) · પરદેશોમાં રૂ. ૮) અથવા શિ. ૧૨

ફુલછાબ કાર્યાલય · રાણપુર (B.S.Ry.)

‘ફુલછાબ’નું પહેલા વર્ષનું ભેટનું પુસ્તક

સત્યની શોધમાં

લેખક: શ્રીયુત ઝવેરચંદ મેઘાણી



એક વાર વાંચવું શરુ કર્યા પછી પૂરું કર્યા વિના હાથમાંથી છોડવું ગમે નહિ એવું આકર્ષક આ પુસ્તકનું વસ્તુ છે, અને એવી જ મનોહર શૈલીમાં તે રજુ થયું છે.

ગુજરાતી નવલકથાના સાહિત્યમાંઆ પ્રકારનું પુસ્તક આ પહેલું જ છે. ૨૧૦ પાનાં; કાર્ડબોર્ડનું ત્રિરંગી ચિત્રવાળું પૂઠું. કિંમત માત્ર ૧ રૂપિયો ટપાલ ખર્ચ૦-૩-૦ જુદું